gujaratvandan.com



સારાની ફિલ્મ 'ઝરા હટકે ઝરા બચકે' દર્શકોના દિલ જીતવામાં રહી સફળ
પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
# ગુજરાત વંદન
સાપ્તાહિક

રવિવાર, 30 જુલાઈ 2023

અધિક શ્રાવણ સુદ-12, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 12 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**
એમને તો પહોંચી વળીએ જેમની સાથે પેઢીઓના વેર છે, પણ એમને કેમ પહોંચવું કે જેમની નજરમાં જ ઝેર છે.!!

## 59 વર્ષીય કુરુલકરે પાકિસ્તાની મહિલા જાસૂસને ભારતના મિસાઈલની અતિસંવેદનશીલ માહિતી લીક કરી...

EXCLUSIVE

# દેશનો સૌથી મોટો વૈજ્ઞાનિક ગદ્દાર..!

### ■ DRDOના વૈજ્ઞાનિક સામે 1800 પેજની દળદાર ચાર્જશીટમાં એક પછી એક ચોંકાવનારા ખુલાસા...

ગુજરાત | વંદન

શું દેશની એક એવી સંસ્થા કે જે આપણા જવાનોની અને દેશની સુરક્ષા માટે નિતનવા સંસોધનો કરે છે એવી એક મહત્વની સંસ્થા ''ડીઆરડીઓ''નો ટોચનો વડો ગદ્દાર નિકળી શકે? તેનો જવાબ એટીએસ દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલ ચાર્જશીટમાંથી મળે છે. પ્રદીપ કુરુલકર નામના ટોચના વૈજ્ઞાનિકની સામે દુશ્મન દેશ પાકિસ્તાનને હનીટ્રેપમાં ફંસાઈને સંરક્ષણની દ્રષ્ટીએ અતિ મહત્વની ગોપનીય માહિતી આપવાનો ગંભીરમાં ગંભીર આરોપ લાગ્યો છે. નોધનીય બાબત એ પણ છે કે કુરુલકરનો પરિવાર છેલ્લી ચાર પેઢીથી એક દેશ સેવા કરનાર સંસ્થાની સાથે જોડાએલી છે.

3 મેના રોજ મહારાષ્ટ્ર એન્ટી-ટેરર સ્ક્વોડે(એટીએસ) ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ DRDO)ના ટોચના વૈજ્ઞાનિક પ્રદીપ કુરુલકરની ધરપકડ કરી હતી. 59 વર્ષીય કુરુલકર પર એક પાકિસ્તાની મહિલા ગુપ્તચર ઓપરેટિવને ભારતના સેના માટે વિકસાવવામાં આવી રહેલી મિસાઈલો, ઉપકરણો વગેરેની અતિસંવેદનશીલ માહિતી લીક કરવાનો ગંભીર આરોપ છે. તેઓ પુણેમાં ન્યાયિક કસ્ટડીમાં છે, જ્યાં તેઓ DRDOના સંશોધન અને વિકાસ સ્થાપના (એન્જિનિયર્સ)ના વડા હતા.

ચાર્જશીટ, જેનો એક ભાગ "ધ વીક" દ્વારા એક્સેસ કરવામાં આવ્યો હતો,જે કહે છે કે કુરુલકર અને દાસગુપ્તાએ મિસાઈલ સિસ્ટમ્સ, ડ્રોન અને ડીઆરડીઓના ડ્યુટી ચાર્ટની પણ ચર્ચા કરી હતી. વોટ્સએપ ચેટમાં, બંને એકબીજાને "બેબ" કહીને સંબોધે છે. "[મિસાઈલ] લોન્ચર મારી ડિઝાઈન છે, બેબી," DRDO મિસાઈલ સિસ્ટમ વિશે ચેટ દરમિયાન કુરુલકરનો એક સંદેશ વાંચે છે. તેમનું કહેવું છે કે ડીઆરડીઓની એસ્ટ્રા મિસાઈલ યુરોપમાં બનેલી મીટીઅર મિસાઈલ કરતાં વધુ સચોટ અને ભરોસાપાત્ર છે.

અગ્નિ 6 સાથે સંબંધિત ચેટમાંથી એક નમૂનોઃ દાસગુપ્તાઃ તારો ટેસ્ટ સફળ થયો? કુરુલકરઃ લૉન્ચર મારી ડિઝાઈન છે, બેબી. દાસગુપ્તાઃ ટેસ્ટ કેવો રહ્યો, બેબી? કુરુલકરઃ એક મહાન સફળતા.

ચાર્જશીટમાં કહેવાયું છે કે કુરુલકર અને મહિલા જાસુસ દાસગુપ્તાએ બ્રહ્મોસ, અગ્નિ, એસ્ટ્રા અને આકાશ મિસાઈલ, માનવરહિત એરિયલ વ્હીકલ રુસ્તમ, કોમ્બેટ ડ્રોન, ક્વોડકોપ્ટર અને સંબંધિત પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરી હતી...!. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (એન્જિનિયર્સ) ના ડિરેક્ટર તરીકે, તેમની પાસે ...અનુસંધાન પાના નં. 06





ડીઆરડીઓની ઓફિસ

### ઝરા દાસગુપ્તા કોણ છે?



1 જુલાઈના રોજ, આતંકવાદ વિરોધી ટુકડીએ એક ચાર્જશીટ દાખલ કરી જે છ વોલ્યુમ અથવા 1,800 થી વધુ પાનામાં છે. તેમાં કુરુલકર અને ઈન્ટેલિજન્સ ઓપરેટિવ વચ્ચેના કથિત વોટ્સએપ કોમ્યુનિકેશનની વિગતો છે, જેઓ ઝરા દાસગુપ્તા નામથી નોધાએલ છે. દેખીતી રીતે, કુરુલકરે ડીઆરડીઓના અન્ય બે વરિષ્ઠ વૈજ્ઞાનિકોની સંપર્ક માહિતી પણ મહિલા જાસૂસ સાથે શેર કરી, જેથી મહિલા જાસૂસ દાસગુપ્તા તેમની સાથે પણ સંપર્ક સ્થાપિત કરી શકે.

### પાકિસ્તાન ભારત પર હુમલો કરે તો?

તેઓ ભારતના સંરક્ષણ સાથે જોડાયેલી એક એવી સંસ્થાના વડા હતા કે જે પાકિસ્તાન સાથે લડાઈ થાય તો ભારત પાકિસ્તાન પર વિવિધ મિસાઈલો દ્વારા કઈ રીતે હુમલો કરી પરાસ્ત કરી શકાય એવી મિસાઈલોની ગુપ્ત ડિઝાઈન અને ગોપનીય જાણકારી પાકિસ્તાનની મહિલા જાસુસના પ્રેમજાળમાં ફસાઈને આપી દઈને ભારતની સાથે સૌથી મોટી ગદ્દારી અને રાષ્ટ્રદ્રોહ કર્યો હોવાનું કહેવાય છે. જે ગોપનીય જાણકારી તેમણે આપી એના આધારે પાકિસ્તાન ભારતનો સામનો કરવા મિસાઈલો વગેરે. કાઉન્ટર એટેક માટે તૈયાર કરે તો ભારતને પાકિસ્તાનને હરાવવામાં મુશ્કેલી ન પડી શકે? એવો પણ એક સવાલ ચર્ચાઈ રહ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### ઓસ્ટ્રેલિયામાં હેલિકોપ્ટર ક્રેશ, 4 સૈનિકો ગુમ



ઓસ્ટ્રેલિયાથી હેલિકોપ્ટર ક્રેશના સમાચાર મળી રહ્યા છે. સ્થાનિક સુત્રોના અહેવાલમાં જણાવવામાં આવી રહ્યું છે કે સંયુક્ત સૈન્ય અભિયાન દરમિયાન હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં 4 જવાન લાપતા થયા છે. ગુમ થયેલા તમામ જવાનોની શોધ કરવામાં આવી રહી છે.

### બંગાળમાં પંચાયત ચૂંટણીમાં TMCના વિજેતા ઉમેદવારની નિર્દયતાથી હત્યા

પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણામાં પંચાયત ચૂંટણી પૂરી થયા બાદ પણ હિંસા અટકવાનું નામ લઈ રહી નથી. તૃણમૂલ કોંગ્રેસના વિજેતા ઉમેદવારની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. વાસ્તવમાં, ટીએમસી ઉમેદવારની સાથે બદમાશોએ તેમના એક સાથીને પણ ગોળી મારી દીધી હતી. ઘટના બાદ વિસ્તારમાં અરાજકતાનો માહોલ છે. બીજી તરફ ટીએમસી પાર્ટી આ હત્યા ભાજપ દ્વારા કરવામાં આવી હોય તેવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

### જાપાનનું ભારતમાં 2022 થી 27 દરમિયાન 5 ટ્રિલિયન યેનનું રોકાણ


જાપાનના વિદેશ મંત્રી યોશિમાસા હયાશી બે દિવસીય ભારતની મુલાકાતે આવ્યા હતા. જાપાન 2022 થી 2027 સુધી 5 ટ્રિલિયન યેન એટલે કે 3 લાખ 20 હજાર કરોડ રૂપિયા સુધીનું રોકાણ કરશે. તેમાં ટેક્નોલોજી, સેમી-કન્ડક્ટર અને ડિજિટલ પ્રતિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) રોકાણના ક્ષેત્રો હશે. બંને નેતાઓએ જી-20 અને જી-7ના પ્રમુખપદ પર વાતચીત કરી હતી. હિમાલય અને માઉન્ટ ફુજીને જોડવાની થીમ પર ભારત-જાપાન-ભારત 2023 ટુરિઝમ એક્સચેન્જની ચર્ચા કરવામાં આવી હતી. બંને દેશોની ત્રણેય સૈન્ય અભ્યાસ નિયમિતપણે કરવામાં આવશે. આ સાથે હથિયારોનું પણ પરીક્ષણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા તેઓ ક્વોડ કન્ટ્રીની બેઠકમાં 23 માર્ચે ભારત આવ્યા હતા.

### અમેરિકામાં સુપરમાર્કેટની બહાર અંધાધૂંધ ફાયરિંગ, 4 લોકોના મોત

અમેરિકામાં ગોળીબારની ઘટનાઓ સતત વધી રહી છે. ત્યારે તાજેતરનો મામલો વોશિંગટોનનો છે. જ્યાં સિએટેલ સ્થિત એક સુપર માર્કેટની બહાર અજણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં 4 લોકોના મોત થઈ ગયા છે. આ ઘટના બાદ વિસ્તારમાં ભયનો માહોલ છે. અમેરિકામાં વધતી ગોળીબારની ઘટનાઓ ચિંતાજનક છે. દર બીજા દિવસે આવી ઘટનાઓ બનતી જોવા મળી રહી છે. જો કે સવાલ એ થાય છે કે, અમેરિકામાં આવી ઘટનાઓ કેમ વધી છે. તેની પાછળનું એક મુખ્ય કારણ દરેક ઘરમાં બંદૂકો હોય છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...





## મણિપુર હિંસાના કેસો આસામમાં તબદિલ કરાય તેવી શક્યતા

### ■ 2 મહિલાઓ સાથે અમાનવીય કૃત્યનો કેસ, અન્યત્ર 3 ચલાવાશે?

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારે હિંસાગ્રસ્ત મણિપુરના રમખાણોના કેસો નજીકના રાજ્ય આસામ કે મેઘાયલ અથવા મિઝોરમની કોર્ટોમાં તબદિલ કરવાની વિચારણા હાથ ધરી છે. જેથી સંબંધિત પીડિતોને યોગ્ય ન્યાય મળી શકે નોધનીય છે કે જે 2 મહિલાઓની સાથે શર્મજનક કૃત્ય આચરવામાં આવ્યું તેનો કેસ પણ મણિપુરની બહાર અન્યત્ર ચલાવવામાં આવે એવી પણ શક્યતા છે.

મણિપુર વાયરલ વીડિયોના કેસની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી છે.



જે રીતે બે મહિલાઓને રસ્તા પર નિર્વસ્ત્ર કરીને પરેડ કરાવવામાં આવી તેનાથી આખો દેશ ગુસ્સામાં હતો અને તેના કારણે રાજ્યમાં હિંસા ઘણી વધી ગઈ હતી. હવે કેસની ગંભીરતાને સમજીને ગૃહ મંત્રાલયે તપાસ સીબીઆઈને સોંપી છે. આ માંગ પહેલાથી જ વિપક્ષ દ્વારા કરવામાં આવી રહી હતી હવે તપાસ સીબીઆઈ દ્વારા શરૂ કરવામાં આવશે.

ગૃહ મંત્રાલયના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે મણિપુર જાતીય શોષણનો વીડિયો કથિત રીતે રેકોર્ડ કરનાર વ્યક્તિની ઓળખ કરી લેવામાં આવી છે અને તેની ધરપકડ કરવામાં આવી છે અને વીડિયો રેકોર્ડ કરવા માટે ઉપયોગમાં લેવાતો મોબાઈલ ફોન મેળવી લેવામાં આવ્યો છે. અધિકારીએ કહ્યું હતું કે સીબીઆઈ મણિપુર યૌન શોષણ કેસને સંભાળે તેવી અપેક્ષા છે અને કેન્દ્ર સુપ્રીમ કોર્ટને કહેશે કે ટ્રાયલ રાજ્યની બહાર, સંભવતઃ આસામમાં, યોગ્ય પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે યોજવામાં આવે તેવી અપેક્ષા છે.

## USમાં ક્રિકેટના 147 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ટી-20 વર્લ્ડકપ યોજાશે



ગુજરાત | વંદન

વર્ષ 2024માં વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા દ્વારા આયોજિત થનારા ટી-20 વર્લ્ડ કપની તારીખોને લઈને મોટી જાહેરાત કરવામાં આવી છે. આ ટુર્નામેન્ટ 4 થી 30 જૂન દરમિયાન યોજાશે. આ દરમિયાન 27 દિવસમાં કુલ 55 મેચ રમાશે. ક્રિકેટના 147 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલ(ICC) અમેરિકામાં તેની કોઈ વૈશ્વિક ઈવેન્ટનું આયોજન કરવા જઈ રહ્યું છે. ટી-20 વર્લ્ડ કપની મેચો અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝના કુલ 10 શહેરોમાં યોજાશે. આ સંદર્ભે, તમામ સ્થળો અને મેચોની તારીખો પણ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ફ્લોરિડા ઉપરાંત અમેરિકાના 4 શહેરોમાં જ્યાં મેચો યોજાશે તેમાં મોરિસવિલે, ડલ્લાસ અને ન્યૂયોર્કનો સમાવેશ થાય છે. આમાં માત્ર ફ્લોરિડામાં અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય મેચોનું આયોજન કરવામાં આવ્યું છે, અન્ય ત્રણ શહેરોના સ્ટેડિયમમાં એક પણ મેચ યોજાઈ નથી.


### નવા માળખામાં ગુજરાતમાંથી કોઈને સ્થાન નહીં

## લોકસભાની તૈયારીઓ : ભાજપનું નવું સંગઠન માળખું જાહેર કરશે

ગુજરાત | વંદન

ભાજપે લોકસભા ચૂંટણી 2024ની તૈયારીઓ કરી લીધી છે. જેના ભાગરૂપે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ આજે શનિવારે પોતાની નવી ટીમ બીજેપીની જાહેરાત કરી હતી. આમાં રમણ સિંહ અને વસુંધરા રાજેને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ સાથે બુંદી સંજય કુમાર અને રાધા મોહન અગ્રવાલને મહાસચિવ બનાવવામાં આવ્યા છે. નડ્ડાની નવી ટીમમાં 13 રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને આઠ રાષ્ટ્રીય મહાસચિવ બનાવવામાં આવ્યા છે. આ નવી યાદીમાં ગુજરાતમાંથી કોઈને સ્થાન આપવામાં આવ્યું નથી.


ભારતીય જનતા પાર્ટીએ નવા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને મહામંત્રીઓના નામની જાહેરાત કરી છે. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે, છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ડો. રમણ સિંહ, ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી




રઘુબર દાસ અને સૌદાન સિંહને પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ભાજપના 13 રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને 8 મહામંત્રીની જાહેરાત કરી છે. જેમાં સંજીવ બંદીને રાષ્ટ્રીય મહાસચિવ બનાવાયા તો ડૉ.રમણસિંહ, વસુંધરા રાજેને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવાયા છે. આ સાથે રઘુબર દાસને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, કૈલાશ વિજયવર્ગિયને રાષ્ટ્રીય મહામંત્રી, અરૂણ સિંહ, તરુણ ચુગને રાષ્ટ્રીય મહામંત્રી બનાવાયા છે.

## મસૂરીમાં પણ જોશીમઠ જેવી તીરાડો




ગુજરાત | વંદન

**નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) એ હિલ સ્ટેશન મસૂરીને બચાવવા માટે ઉત્તરાખંડની ધામી સરકારને ભલામણ કરી છે. NGT દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત સમિતિએ પર્યટન સ્થળ મસૂરીની વહન ક્ષમતાનો અભ્યાસ કર્યા બાદ અહીં આવતા પ્રવાસીઓની સંખ્યાને નિયંત્રિત કરવાની ભલામણ કરી છે. જોશીમઠમાં ભૂસ્ખલનને કારણે લોકોના મકાનોમાં તિરાડો પડવાની ઘટનાને ધ્યાનમાં રાખીને NGTએ આ એડવાઈઝરી જારી કરી છે. ફેબ્રુઆરીમાં એનજીટીના આદેશ બાદ મુખ્ય સચિવની અધ્યક્ષતામાં આ સમિતિની રચના કરવામાં આવી હતી, જેણે સર્વે**
...અનુસંધાન પાના નં. 06

## 21મી સદીમાં નવી શિક્ષણ નીતિ યુગ પરિવર્તન સમાનઃ PM મોદી

### ■ નવી દિલ્હીના કન્વેન્શન સેન્ટરમાં પીએમનું સંબોધન

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે ઈન્ટરનેશનલ એક્ઝિબિશન કમ કન્વેન્શન સેન્ટર કોમ્પ્લેક્સ (IECC) એટલે કે 'ભારત મંડપમ' ખાતે અખિલ ભારતીય શિક્ષણ સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. PM મોદીએ 'PM શ્રી યોજના' હેઠળ શાળાઓ માટે ભંડોળનો પ્રથમ હપ્તો પણ બહાર પાડ્યો. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે શિક્ષણનો પહેલો કાર્યક્રમ ભારત મંડપમમાં થઈ રહ્યો છે, તે ખૂબ જ આનંદની વાત છે. શિક્ષણ જ દેશને સફળ બનાવવા અને દેશનું નસીબ બનાવવાની મહત્તમ શક્તિ ધરાવે છે. આજે, 21મી સદીમાં ભારત જે લક્ષ્યો માટે આગળ વધી રહ્યું છે, તેમાં આપણી શિક્ષણ વ્યવસ્થા પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

પીએમ મોદીએ કહ્યું, "તમે બધા આ સિસ્ટમના પ્રતિનિધિ છો, ધ્વજ ધારકો છો. એટલા માટે અખિલ ભારતીય શિક્ષણ પરિષદનો ભાગ બનવું એ મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ તક છે. શીખવા માટે ચર્ચા જરૂરી છે, સંવાદ જરૂરી છે. શિક્ષણ. મને ખુશી છે કે અખિલ ભારતીય શિક્ષણ સમાગમના આ સત્ર દ્વારા અમે અમારી ચર્ચા અને વિચારની પરંપરાને આગળ ધપાવી રહ્યા છીએ. અગાઉ આવો કાર્યક્રમ કાશીના નવનિર્મિત રુદ્રાક્ષ સભાગૃહમાં યોજાયો હતો. આ વખતે આ સંમેલન આ નવનિર્મિત શાળામાં યોજાશે. દિલ્હીનું ભારત મંડપમ.અને ખુશીની વાત એ છે કે ભારત મંડપમના ઔપચારિક ઉદઘાટન પછીનો આ પહેલો કાર્યક્રમ છે.આ ખુશીમાં વધુ વધારો થાય છે કારણ કે પહેલો કાર્યક્રમ શિક્ષણ સાથે સંબંધિત છે. ભારતની શિક્ષણ પ્રણાલીના મહત્વ અંગે ...અનુસંધાન પાના નં. 06

## ગોઝારો શનિવારઃ મોહરમની ઉજવણી માતમમાં ફેરવાઈ, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં બે દુર્ઘટનામાં 10 લોકોના મોત

### ■ બુલઢાણામાં સવારે બે વચ્ચે ગમખ્વાર અકસ્માત, બોકારોમાં તાજિયા જુલૂસમાં બ્લાસ્ટ

ગુજરાત | વંદન

મોહરમની શનિવારે દેશભર ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ગોઝારી ઘટના બની હતી. જેમાં 10 લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે.

પ્રથમ બનાવમાં મહારાષ્ટ્રના બુલઢાણામાં વહેલી સવારે બે વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં અત્યાર સુધીમાં 6 લોકોના કમકમાટી ભર્યા મોત નિપજ્યા છે. જ્યારે 21 મુસાફરો ઘાયલ થયા છે. ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો છે પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાની વધુ વિગત મુજબ જિલ્લાના મલકાપુર શહેર પાસે નેશનલ હાઈવે-6 પર આ અકસ્માત થયો હતો. મલ્કાપુર પોલીસ સ્ટેશનના એસએચઓના જણાવ્યા અનુસાર, એક બસ અમરનાથ યાત્રીઓને લઈને હિંગોલી જઈ રહી હતી, જ્યારે બીજી બસ નાગપુરથી નાસિક જઈ રહી હતી ત્યારે વહેલી સવારે બંને




બસોની સામસામે જોરદાર ટક્કર થતા અકસ્માતની ઘટના બની હતી.

બીજો બનાવ ઝારખંડના બોકારોમાં મોહરમ પર કાઢવામાં આવી રહેલા તાજિયા જુલૂસ હાઈ ટેન્શન વાયરની પકડમાં આવી જતાં બ્લાસ્ટ થયો હતો. આ અકસ્માતમાં ઘણા લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. વીજળીના ઝટકાથી અત્યાર સુધીમાં 4 લોકોના મોત થયા છે. જ્યારે 9 લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

આ ઘટના શનિવારે સવારે લગભગ 6 વાગ્યે બોકારોના બર્મો વિસ્તારના ખટકોમાં બની હતી. અહીં લોકો તાજીયા જુલુસ કાઢી રહ્યા હતા તે દરમિયાન તાજિયા 11000 વોલ્ટના વાયરના સંપર્કમાં આવ્યા હતા. જેના કારણે તાજિયા જુલુસમાં રાખવામાં આવેલી બેટરીમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો અને તેની આસપાસ આવતા અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માતના પગલે થોડીવાર માટે અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો.

## 'ટીમ ઈન્ડિયા'ના સાંસદો હિંસાગ્રસ્ત મણિપુર પહોંચ્યા

### ■ અસગ્રસ્તોને મળીને વર્તમાન પરિસ્થિતિથી માહિતગાર થયા

ગુજરાત | વંદન

એક તરફ સંસદનું ચોમાસું સત્ર ચાલી રહ્યું છે તો બીજી તરફ વિપક્ષી મહાગઠબંધનના 21 જેટલા સંસદ સભ્યો હિંસાગ્રસ્ત મણિપુર પહોંચ્યા હતા. જ્યાં તેવો અસરગ્રસ્તોને મળીને વર્તમાન પરિસ્થિતિની જાણકારી મેળવશે. તેવો રાજ્યપાલને પણ મળે એવી શક્યતા છે.

વિરોધ પક્ષોના ગઠબંધન I.N.D.I.A.ના 21 સાંસદોનું એક પ્રતિનિધિમંડળ આજે સવારે નવી દિલ્હીથી વિમાન દ્વારા મણિપુર જવા રવાના થયું છે. આ પ્રતિનિધિમંડળ રાજ્યના હિંસા પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેશે અને પરિસ્થિતિની સમીક્ષા કરશે. આ પ્રતિનિધિમંડળમાં વિવિધ વિપક્ષી પાર્ટીઓના સાંસદોનો સમાવેશ થાય છે. વિપક્ષનું પ્રતિનિધિમંડળ બે ભાગમાં વહેંચાઈ ગયું છે. ટીમ-એ અને ટીમ-બી. ટીમ-એમાં 10 સભ્યો છે, જ્યારે ટીમ-બીમાં 11 સભ્યો છે.

વિપક્ષી પ્રતિનિધિમંડળના સભ્યો પહેલા જમીની સ્થિતિનું મૂલ્યાંકન કરશે અને પછી આવતીકાલે રાજ્યપાલને મળશે.
...અનુસંધાન પાના નં. 06

# ગુજરાત પર જાહેર દેવુ વધીને 4.23 લાખ કરોડ પર પહોંચ્યું

■ સંસદમાં રાજયોના દેવાનો રિપોર્ટ જાહેર: સાત રાજયોનું દેવુ ગુજરાતથી પણ વધુ

ગુજરાત | વંદન



પાંચ વર્ષમાં દેણુ કેટલુ વધ્યુ? (કરોડમાં)

| 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 |
|---|---|---|---|---|
| 2,98,755 | 3,29,352 | 3,63,647 | 3,89,681 | 4,23,711 |

વિકસીત અને સમૃદ્ધ ગુજરાત પર બાકી દેણાનો પણ મોટો ભાર છે. સંસદમાં વિવિધ રાજયોનાં બાકી દેણા વિશે અપાયેલી માહીતી પ્રમાણે માર્ચ 2023 ની સ્થિતિએ ગુજરાતનું દેવુ 4.27 લાખ કરોડનુ હતું ગુજરાતથી પણ બીજા સાત રાજયનું દેણુ વધુ હોવાનું જાહેર થયુ છે.

લોકસભાનાં સાંસદ દ્વારા લેખીત પ્રશ્નના રાજયોના બાકી દેણા વિશે જવાબ માંગવામાં આવ્યો હતો. નાબાર્ડ દ્વારા રાજયોને અપાયેલા ધીરાણની પણ વિગતો માંગવામાં આવી હતી. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાનાં રીપોર્ટને ટાંકીને નાણાંપ્રધાન નિર્મલા સિતારામને આમ કહ્યું કે બજેટ અંદાજ પ્રમાણે ગુજરાતની બાકી દેણુ 4.22,711 કરોડ છે.

તામીલનાડુનુ બાકી દેવુ 7.53 લાખ કરોડ, ઉતર પ્રદેશનું 7.10 લાખ કરોડ, મહારાષ્ટ્રનું 6.80 લાખ કરોડ, પશ્ચિમ બંગાળનુ 6.04 લાખ કરોડ, રાજસ્થાનનું 5.37 લાખ કરોડ, કર્ણાટકનું 5.35 લાખ કરોડ તથા આંધ્રપ્રદેશનું 4.42 લાખ કરોડ છે જે ગુજરાતથી વધુ છે.

ગુજરાત સરકારે ગત સપ્તાહમાં એવો દાવો કર્યો હતો કે, સરકારે નાણાંકીય લક્ષ્યો સિધ્ધ કરી લીધા છે. અને નીતિ આયોગે પણ નાણાંકીય સંચાલનની સરાહના કરી છે. છેલ્લા 15 વર્ષથી સરકાર પુરાંત દર્શાવતું બજેટ પેશ કરે છે અને રાજકોષિય ખાદ્ય 1.16 ટકાથી પણ ઓછી છે. રાજયનાં દેણામાં છેલ્લા પાંચ વર્ષમાં અંદાજીત 50 ટકાનો વધારો થયો છે. 2018-19 માં તે 2.98 લાખ કરોડ હતું જે હવે 4.23 લાખ કરોડે પહોંચ્યુ છે.

નાબાર્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સહાય હેઠળ 2022-23 માં ગુજરાતનો 387.75 કરોડ ફાળવવામાં આવ્યા હતા. સહકારી દુધ સંઘો, લાંબા ગાળાની સિંચાઈ યોજના વગેરે માટે પણ ભંડોળ ફાળવવામાં આવ્યા હતા.

## AAPનો સરકારને વેધક સવાલ

# ગુજરાતમાં દારૂબંધી છે, તો આ દારૂ આવે છે ક્યાંથી?: ઈસુદાન

ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું કે, ગુજરાતમાં દિવસેને દિવસે નબીરાઓ દારૂ પીને અકસ્માત કરતા હોય તેવા કેસો વધી રહ્યા છે. જેગુઆર ગાડીનો અકસ્માત થયો એ મામલો શાંત નથી પડ્યો ત્યાં તો, BMW વાળાએ વધુ એક અકસ્માત કર્યો અને તપાસમાં જાણવા મળ્યું કે નબીરો દારૂ પીધેલી હાલતમાં હતો. ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઈવ ચલાવવામાં આવી તો તેમાં 200 થી વધુ લોકો દારૂ પીધેલી હાલતમાં ડ્રાઈવિંગ કરતા પકડાયા હતા. પણ કહેવાય છે કે ગુજરાતમાં તો દારૂબંધી છે, તો આ દારૂ આવે છે ક્યાંથી? અને આ તો ફક્ત અમદાવાદના એક વિસ્તારની વાત છે, તો આખા ગુજરાતમાં કેટલો દારૂ વેચાતો હશે?

સવાલ એ થાય છે કે સરકાર શું કરી રહી છે? સરકાર દારૂબંધીના કડક અમલની વાતો કરી રહી છે, તો મારો સવાલ એ છે કે આ નબીરાઓ દારૂ પીને બેફામ અકસ્માતો કરી રહ્યા છે તો એ દારૂ ક્યાંથી આવી રહ્યો છે?

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# તો બાત યે હૈ કી દુસરે ગોલે સે કોઇ ગોલુભાઇ આયા હૈ...ઔર વો અમરિકાવાલોં કે પાસ હૈ..!



આપણે એકલા નથી આ પૃથ્વી પર.....,! યસ એવો કોઈ સંદેશો આપ્યો છે અમેરિકાની એક ગુપ્તચર સંસ્થાના એક અધિકારીએ..!. ડેવિડ ગ્રુશ્ચ નામના આ અધિકારીએ એક કમિટિ સમક્ષ ધડાકો કર્યો કે અમેરિકા પાસે એલિયનનું શરીર અને તેનું એરક્રાફ્ટ છે....!! અમેરિકા આખા વિશ્વથી આ બાબત છુપાવે છે અને ગોપનીય રીતે એરિયા 51 સ્થળે તેના પર પ્રયોગો ચાલી રહ્યાં છે....!


તો બાત યે હૈ કી દુસરે ગોલે સે કોઈ ગોલુભાઈ આયા હૈ...ઔર વો અમરિકાવાલોં કે પાસ હૈ..અને અમેરિકાના વિજ્ઞાનીઓ જો તે જિવિત હશે તો તેની ભા, સમજી રહ્યાં હશે...અને જો એરક્રાફ્ટ છે તો તેની ટેકનોલોજી સમજીને મંગળ કે અન્ય કોઈ ગ્રહ પર ઝડપી પણ સલામત કઈ રીતે જઈ આવી શકાય તેના પર કામ કરી રહ્યાં હશે....

સદીઓથી માનવીને અજૂબા છે કે આ પ્લાનેટ આ બ્રહ્માંડમાં આપણે જ છીએ...? કોઈ બીજા નથી...તેમનો સંપર્ક ખિ રીતે કરી શકાય... એવા પ્રયોગોમાં વચ્ચે એક એવી ખબર આવી કે એલિયનને મોકલેલા રેડિયો સંદેશાનો વળતો જવાબ આવ્યો છે...! પણ એમાં હાય...કેમ છો...શું ચાલે છે તમારે ત્યાં...એવુ કાંઈ પૂછ્યું કે પછી અમારો ખોવાયેલો એક એલિયન હમે વાપસ કર દો વર્ના...એવી કોઈ ધમકી આપી...?! હજુ બહાર આવ્યું નથી..

આવશે...બધુ બહાર આવશે...પકડાયેલો એલિયન પણ બહાર આવશે અને અમેરિકા કેટલુ પાવરફુલ બન્યું કે તેને કોઈ હરાવી શકે તેમ નથી એવી કોઈ શક્તિ મેળવી તે પણ ભાવિ રાષ્ટ્રપતિઓ દુનિયાને કહેશે...હાલમાં તો કલ્પના કરીએ કે અમેરિકા પાસે જે એલિયનબાબા છે તે કેવો હશે...?!

## કાળા કારનામા...કાળી કમાણી... નોંધવા માટે કાળાને બદલે લાલ રંગની ડાયરી જ કેમ...?!

ડાયરીનો રંગ અલગ અલગ હોઈ શકે અને હોય છે પણ જેમાં



કોઈ બેનંબરની ગરબડગોટાળાવાળી માહિતી હોય...તો એ લાલ ડાયરીમાં જ કેમ હોય છે..?!

વાત પડોશી રાજસ્થાનના એક હાંકી કઢાયેલા મંત્રી રાજેન્દ્ર ગઢાની છે. મંત્રીએ પોતાની જ સરકારની સામે બોલતા સીએમ અશોક ગેહલોતે તેમને આવ દેખા ન તાવ...ફટાફટ ઘરભેગા કરી નાંખ્યા.. અને પછી મંત્રીમાંથી પૂર્વ બનેલા મંત્રીએ હવામાં લહેરાવી એક ડાયરી....લાલ ચટાકેદાર રંગની ડાયરી અને સીએમને ફેંક્યો પડકાર- યે લાલ રંગ કી ડાયરી તેરે પોલ ખોંલેંગી..... તેરે કાલે કારનામો સે ભરી હે લાલ ડાયરી...યે ડાયરી જાયેંગી સીધી સીબીઆઈ મેં...

વાત ગેહલોત સુધી જ હોત તો સમજ્યા પણ રાજસ્થાનના સીકરની મુલાકાતે ગયેલા વડાપ્દાન મોદીએ પણ જાહેરસભામાં ગુઢાવાળી લાલ રંગની ડાયરીનો ખાસ ઉલ્લેખ કરીને પ્રહારો કર્યા કે ઈસ લાલ ડાયરીમે કોંગ્રેસ સરકાર કે કાલે કારનામેં લીખે ગયે હૈ.....!

કાળા કારનામા...કાળી કમાણી...કાળા કરતૂત...કાળુ નાણું...એ બધુ ગુપ્ત રીતે કોઈને ખબર ના પડે તેમ નોંધવા માટે કાળા રંગની ડાયરીના બદલે લાલ રંગની ડાયરી કેમ પસંદ કરાતી હશે...?!

## યે દુનિયા ઇક દુલ્હન...દુલ્હન કે માથે કી બિદિયા...યે મેરા ઇન્ડિયા..આ ગીત ગવાય કે નહીં..?!

શાહરૂખની એક ફિલ્મ પરદેશના એક ગીતના શબ્દો છે- યે દુનિયા



ઈક દુલ્હન... દુલ્હન કે માથે કી બિદિયા...યે મેરા ઈન્ડિયા... યે મેરા ઈન્ડિયા...!

ક્યા યે ગીત હમ અબ જોર સે યા ચુનાવ મેં ગા શકતે હૈ...યા ગા શકેંગે...?કારણ...? ઈન્ડિયા-I.N.D.I.A. શબ્દ છે. કોંગ્રેસ સહિતના 26 પક્ષોના બનેલા ગઠબંધનનું નામ ઈન્ડિયન નેશનલ ડેવલપ્ડ ઈન્ક્લુસીવ એલાયન્સ છે. જેનું ટુંકુરૂપ ઈન્ડિયા થાય છે અને એ નામ જાહેર થથાં જ બવાલ મચ ગઈ..

જ્યાં જ્યાં નકારાત્મક બાબતોમાં ઈન્ડિયા કે ઈન્ડિયન નામનો ઉલ્લેખ છે તેને લઈને ઈન્ડિયાની સામે પ્રહારો શરૂ તયા છે અને લોકસભાની ચૂંટણી આવતા આવતાં માહોલ એવો થઈ જશે કે ઈન્ડિયા શબ્દ બોલતા પણ ઘડી ઘડી મેરા દિલ ધડકે..ની જેમ વિચારવુ પડશે કે ફિલ્મ પરદેશનું ઉપરોક્ત ગીત ગાઉં કે ના ગાંઉ..?! ગાઉં કે ના ગાંઉ..?!

# ઈન્દ્રોડા પાર્કમાં 10 અજગર હરતા-ફરતા જોવા મળશે

ગુજરાત | વંદન



ગાંધીનગર નજીક આવેલા ઈન્દ્રોડા પાર્કમાં અજગરના 10 બચ્ચાનું આગમન થયુ છે. હવે આગામી ટૂંક સમયમાં સહેલાણીઓ બચ્ચાને નિહાળી શકશે. માદા અજગરે મે મહિનામાં ઈંડા મૂકીને ત્યજી દીધા હતા. તે પછી પાર્કના વેટરનરી ડોક્ટરોની ટીમે કૃત્રિમ ઈન્ક્યુબેશન ટેકનીકથી ઈંડાનું સેવન કરતાં ઈંડામાંથી બચ્ચાં બહાર આવ્યા હતાં.

આ અંગે ઈન્દ્રોડા પાર્કના સૂત્રોના જણાવ્યા મુજબ ઈન્ડિયન રોક પાયથોન (અજગર મોલુરસ) એક પોઈકિલોથર્મિક પ્રાણી છે. ઉનાળાની મોસમ તેમના માટે સંવર્ધનની મોસમ છે. ઈન્દ્રોડા પાર્કમાં એક માદાએ મે મહિનામાં ઈંડા મૂક્યા હતા. તે પછી તરત જ માદા અજગરે ઈંડાના એક ઝુંડનું કુદરતી સેવન શરૂ કર્યું હતું. પરંતુ ઈંડાનાં બીજા ઝુંડને ત્યજી દીધુ હતું. તે ઈંડાને કૃત્રિમ રીતે બનાવેલા ઈન્ક્યુબેશન ચેમ્બરમાં રાખી સેવન કરાયું હતું. બીજી તરફ માદા અજગર કુદરતી રીતે ઈંડાં સેવી રહી હતી.

કોઈ કારણસર માદા અજગરે ક્લચ છોડી દેતાં સંવર્ધનની સંપૂર્ણ મુદત પૂરી કરવા માટે એક સપ્તાહનું સેવન કરવાની જરૂર હતી. જેથી આ ઈંડાની અંદર ગર્ભના વિકાસના તબક્કા માટે કૃત્રિમ ઈન્ક્યુબેશનની સુવિધામાં પણ મૂકવામાં આવ્યા હતા. સ્ટાફ અને ડૉક્ટરના અથાગ પ્રયત્નોને કારણે 20 અને 22મી જુલાઈએ માદા અજગરના ઈંડામાંથી બચ્ચાં બહાર આવ્યા હતા. અજગરના બચ્ચાની સંભાળ સાથે યોગ્ય માવજત કરવામાં આવી હતી.

# જર્જરિત મકાન ખાલી નહીં કરે તો હાઉસિંગ બોર્ડ જપ્ત કરી લેશે

■ ગાંધીનગર મનપાએ ભયજનક મકાન માલિકોને આપી ચેતવણી

ગુજરાત | વંદન



ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ફાળવેલા મકાનોની હાલત અત્યાંત જર્જરીત થઈ ગઈ છે. આ સંજોગોમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુથી ગાંધીનગર મ્યુનિ. કમિશનરે તકેદારી દાખવી ભયજનક મકાનોમાં વસવાટ નહીં કરવા આવાસના રહીશોને નોટિસો આપવામાં આવી છે. ગાંધીનગર શહેરના સેક્ટર ૧૩ વિસ્તારમાં આવેલા ગુજરા હાઉસિંગ બોર્ડના ૭૧ ફ્લેટ તેમજ સેક્ટર ૨૮ વિસ્તારના ૨૪ ફ્લેટ ધારકોને નોટિસ આપવામાં આવી છે. જે અંગેની જાણ પોલીસ અધિક્ષક તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડને પણ કરવામાં આવી છે. હાઉસિંગ બોર્ડની યોજનાના જર્જરીત થઈ ગયેલા મકાનોને GPMC એક્ટની કલમ ૨૬૫ અને ૨૬૮(સી) અંતર્ગત નોટિસ આપવામાં આવી છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુથી ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનરની સૂચના મુજબ આવા મકાનોનો વસવાટ માટે ઉપયોગ નહીં કરવા નોટિસ આપવામાં આવી છે. નોટિસ બાદ આ મકાનનો ઉપયોગ બંધ કરવામાં નહીં આવે તો મહાનગરપાલિકા દ્વારા મકાન ખાલી કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે, તેવો ઉલ્લેખ નોટિસમાં પણ કરવામાં આવ્યો છે.

ગુજરાત હાઉસિંગ બોર્ડના એલઆઈજી કેટેગરીના આ મકાનોમાં ગ્રાઉન્ડ ફ્લોર, ફસ્ટ ફ્લોર અને સેન્ડ ફ્લોરનું જુનુ આરસીસીના બાંધકામના બીમ, કોલમ, સ્લેબ, સીડી, ગેલેરી અને દિવાલો સહિતના પ્લાસ્ટરમાં આડી ઉભી તિરાડો પડી ગઈ છે. પ્લાસ્ટરના પોપડા અને ગામબડા પડી ગયા છે. તે ઉપરાંત દાબા અને બીમના લોકંડના સળિયા સડી જવાથી મકાનો અત્યંત જર્જરીત થઈ જવાથી ભયજનક બન્યા છે. પ્રાથમિક દ્રષ્ટીએ આ જર્જરીત મકાનોમાં વસવાટ કરવો તે અત્યંત જોખમી જણાઈ રહ્યું છે. મકાનોના સ્ટ્રક્ચર રિપોર્ટમાં પણ જોખમ હોવાનું દર્શાવવામાં આવ્યુ છે. આવા જર્જરીત અને અત્યંત જોખમી મકાનોના કારણે કોઈ હોનારત સર્જાશે તો વસવાટ કરનારા લોકો જવાબદાર ગણાશે. આ અંગે ગુજરાત હાઉસિંગ બોર્ડને પણ જાણ કરવામાં આવી છે. જો નોટિસોને લક્ષમાં લઈ વસવાટ ખાલી કરવામાં નહીં આવે તો કાયદાનો સહારો પણ લેવામાં આવશે.

# ફરી પ્રચારમાં ગુંજશે: કુછ દિન તો ગુજારિયે ગુજરાત મેં

■ અમિતાભ બચ્ચન પ્રવાસીઓને આકર્ષવા ફરી શરુ કરશે અભિયાન

ગુજરાત | વંદન



કુછ દિન તો ગુજારિયે ગુજરાત મેં' આ શબ્દો સાંભળતા જ આપણા ચહેરા સમક્ષ બોલિવૂડ શહેનશાહ અમિતાભ બચ્ચનનો ચહેરો સામે આવી જાય છે. 'ખુશ્બુ ગુજરાત કી' નામની જાહેરાત હેઠળ અમિતાભ બચ્ચન ગુજરાતના પ્રવાસન સ્થળોને વેગ આપવા કામ કરી ચૂક્યા છે. હવે ફરી એકવાર બોલીવુડ શહેનશાહ અમિતાભ બચ્ચન ફરી ગુજરાતના પ્રવાસન સ્થળોની જાહેરાત કરશે.

ગુજરાત પ્રવાસન સ્થળો માટે અમિતાભ બચ્ચન નવું અભિયાન શરૂ કરશે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી સહિતના રાજ્યના ૧૨ જેટલા નવા સ્થળોનો સમાવેશ કરાશે. અમિતાભ બચ્ચનને ફરી મેદાનમાં ઉતારવા સરકારે મન બનાવ્યું છે. દેશ-વિદેશના પ્રવાસીઓને ગુજરાત તરફ આકર્ષવા ફરી મેદાનમાં આવશે બીગ બી. તમને જણાવી દઈએ કે, આ અગાઉ પણ અમિતાભ બચ્ચન જાહેરાત કરી ચૂક્યા છે. 'ખુશ્બુ ગુજરાત કી' નામની જાહેરાત અમિતાભ બચ્ચન કરી ચૂક્યા છે.આ વખતે ગુજરાતના સ્ટેચ્યૂ ઓફ યુનિટી, ધરોઈ ડેમ, નડા બેટ, ડાંગના જંગલો, શેત્રુંજ્ય ડેમ, બુદ્ધિસ્ટ સર્કિટ અને વડનગર જેવા પ્રવાસન સ્થળોનો સમાવેશ કરવામાં આવશે. નોંધનિય છે કે, અમિતાભ બચ્ચનની જાહેરાતથી ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને ઘણો ફાયદો પણ થયો હતો.ગુજરાત સરકાર દ્વારા અમિતાભ બચ્ચનને લઈને શરુ કરવામાં આવેલ 'ખુશ્બૂ ગુજરાત કી' અભિયાનને સારી સફળતા મળી હતી. ૨૦૧૦માં શરૂ કરવામાં આવેલા આ અભિયાનને કારણે ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યાનાં સારો એવો વધારો થયો હતો. આ જાહેરાતના કારણે ગુજરાતમાં પ્રવાસોની સંખ્યામાં પણ ધરખમ વધારો નોંધાયો હતો.

એક માહિતી અનુસારા આ અભિયાન બાદ ગુજરાતમાં દર વર્ષે આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ૨૦ ટકાનો વધારો નોંધાયો હતો. બોલિવૂડ સ્ટાર અમિતાભ બચ્ચનના તે અભિયાન દરમિયાન સાપુતારા, કચ્છનું રણ, સોમનાથ મંદિર,અંબાજી મંદિર અને ગીરના સિંહોના અભ્યારણ્યનો ઉલ્લેખ કર્યો હતો.

## ભાવનગરના રમેશભાઈ બોદર્યા દ્વારા CID ક્રાઈમમાં ફરિયાદ, તપાસ શરૂ

# ગાંધીનગર નજીક લવાડની જમીન પચાવવાના આરોપસર સીએ સહિત 12 સામે ફરિયાદ

ગુજરાત | વંદન

દહેગામ તાલુકાના લવાડ ગામે આવેલી જમીન પચાવી પાડવા માટે બનાવટી દસ્તાવેજો કરી, સાક્ષી તરીકે ફર્જી વ્યક્તિને સરકાર સમક્ષ હાજર કરી વિશ્વાસઘાત કરનાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સહિત ૧૨ ઈસમો સામે સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ખાતે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસ દ્વારા સમગ્ર મામલાની તપાસ હાથ ધરવામાં આવી છે.

ભાવનગર ખાતે રહેતા રમેશભાઈ જેરામભાઈ બોદર્યા (પટેલ) એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓએ ૧૯૯૬માં લવાડ ગામમાં આવેલી જમીન જે તે સમયના મૂળ ખેડૂત ખાતેદાર માનસિંહ અમરસિંહ તથા બીજા ૧૩ વ્યક્તિઓના નામે ચાલતી જમીન વેચાણ રાખી હતી. જેનો જે તે સમયે દસ્તાવેજ દહેગામ સબ રજીસ્ટર કચેરી ખાતે નોંધણી કરાવી હતી. રમેશભાઈ ભાવનગરથી બાદમાં સુરત રહેવા ગયા હતા અને અવારનવાર લવાડ ખાતેની



જમીને આંટો મારવા જતા હતા.

જુદીજુદી રીતે સંડોવાયેલા રૂપસિંહ કેસરીસિંહ ચૌહાણ રહે. લવાડ , જીવત ઉર્ફે જવાનસંગ કેસરીસિંહ ચૌહાણ રહે. દહેગામ, ચિરાગ કિરીટભાઈ પટેલ રહે. દહેગામ, રુચિત રામપ્રકાશ શાહ રહે. દહેગામ, રવિ અમીન દહેગામ, મોઈનુદ્દીન ઝાકીર હુસેન પરમાર રહે. દહેગામ, તુષાર કિરીટભાઈ પટેલ રહે. દહેગામ, રાહુલ વિનોદભાઈ મોચી રહે. નરોડા, રાકેશ મનુભાઈ સોલંકી રહે. સૈજપુર, સુરેશ મફતભાઈ પટેલ રહે. સૈજપુર, હિમાંશુ અમૃતલાલ દરજી, અમદાવાદ તેમજ પરાગ અમૃતલાલ દરજી રહે. અમદાવાદ વિરુદ્ધ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા સમગ્ર મામલાની વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગુજરાતમાં 'જ્ઞાન સહાયક યોજના'નો જ્યાં સુધી અમલ ન થાય ત્યાં સુધી 'પ્રવાસી શિક્ષક યોજના'ચાલુ રખાશે

■ લાખો વિદ્યાર્થીઓના હિતમાં સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય

ગુજરાત | વંદન

ગુજરાતમાં 'જ્ઞાન સહાયક યોજના'નો જ્યાં સુધી અમલ ન થાય ત્યાં સુધી લાખો વિદ્યાર્થીઓના હિતમાં 'પ્રવાસી શિક્ષક યોજના' ચાલુ રાખવાનો સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમ આરોગ્ય અને સરકારના પ્રવક્તા મંત્રીએ આજે જણાવ્યું છે.

ઋષિકેશ પટેલે જણાવ્યું કે, સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ નિયમિત શિક્ષકથી ભરાય નહીં ત્યાં સુધી વિદ્યાર્થીનું શિક્ષણ કાર્ય અટકી નહીં તે માટે તાસ દીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરવા 'પ્રવાસી શિક્ષક યોજના'ને વધુમાં વધુ છ માસ અથવા જ્ઞાન સહાયક યોજના અંતર્ગત જ્ઞાન સહાયકોની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાતમા રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક હેઠળ 26,500 શિક્ષકોની કરાર આધારિત નિમણૂક કરવામાં આવશે. પ્રાથમિક શાળા માટે 15,000 અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા માટે 11,500 જ્ઞાન સહાયક નિમાશે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## ગુજરાત સરકારની તીર્થ દર્શન યોજના હેઠળ 1.36 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ કરી તીર્થયાત્રા

# રાજ્ય સરકારે વડીલ શ્રદ્ધાળુઓને ₹14 કરોડથી વધુ રકમની સહાય ચૂકવી

ગુજરાત | વંદન

ગુજરાતમાં વસતા સિનિયર સિટિઝન્સ તીર્થ દર્શનનો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા ચાલતી શ્રવણ તીર્થ યોજનાનો અત્યાર સુધીમાં ૧,૩૨,૯૨૮ શ્રદ્ધાળુઓએ લાભ લીધો છે. વર્ષ ૨૦૧૭થી અમલી આ યોજનામાં સરકારે શ્રદ્ધાળુઓને રૂ. ૭૫૭ લાખની સહાય પ્રદાન કરી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારની તીર્થ દર્શન માટે ચાલતી વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૧,૩૬,૩૩૫ શ્રદ્ધાળુઓએ લીધો છે અને આ માટે રાજ્ય સરકારે રૂ.1464.90 લાખ એટલે કે રૂ.14 કરોડ 64 લાખ 90 હજારની સહાય શ્રદ્ધાળુઓને આપી છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા શ્રવણ તીર્થ યોજનાની જેમ અન્ય યોજનાઓ પણ ચાલી રહી છે. જેમાં "કૈલાશ માન સરોવર યોજના" અને "સિંધુ દર્શન યોજના" મહત્વની છે. આ યોજનાઓમાં કૈલાશ માન સરોવર યોજના સૌથી જૂની છે. આ યોજના ૨૦૦૧થી અમલમાં છે, જ્યારે સિંધુ દર્શન યોજનાનો શુભારંભ ૨૦૧૭માં થયો.

વર્ષ ૨૦૦૧થી શરુ થયેલી કૈલાશ માન સરોવર યાત્રાનો લાભ ૨,૫૬૧ શ્રદ્ધાળુઓએ લીધો છે. આ યાત્રા માટે રાજ્ય સરકારે શ્રદ્ધાળુઓને રૂ. ૫૮૧ લાખની સહાય ચૂકવી છે. તેવી જ રીતે વર્ષ 2017થી ચાલતી સિંધુ દર્શન યોજનાના લાભાર્થીઓની સંખ્યા જૂન-2023 સુધી 846 એ પહોંચી છે કે જેમને રાજ્ય સરકારે રૂ. 126.9 લાખની સહાય પૂરી પાડી છે.

ભારતના ભાલ સમાન લેહ-લદાખમાં યોજાતા સિંધુ દર્શન ઉત્સવ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. દર વર્ષે ગુરુ પૂર્ણિમા પર્વએ યોજાતા આ ઉત્સવમાં સિંધી સમુદાયના લોકો મોટી સંખ્યામાં જોડાય છે. અહીં શ્રદ્ધાળુઓ સિંધુ સ્નાન કરી પવિત્રતાની અનુભૂતિ કરે છે. આ યોજના હેઠળ વર્ષમાં ૩૦૦ પ્રવાસીઓને સહાય મળે છે. લાભાર્થી દીઠ રૂ. ૧૫ હજારની સહાય કરવામાં આવે છે. જો પ્રવાસીઓની સંખ્યા વધે, તો ડ્રૉ સિસ્ટમથી ૩૦૦ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે.

આમ, ગુજરાતી શ્રદ્ધાળુઓની તીર્થયાત્રાની ઈચ્છાપૂર્તિમાં ગુજરાત સરકાર મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. શ્રવણ તીર્થ દર્શન યોજના તા.1 મે, 2017થી અમલી બની છે.

## કૈલાશ માન સરોવર યોજના



આ યોજનાનો અમલ - વર્ષ 2001થી થયો છે. કેન્દ્ર સરકાર દ્વારા કૈલાશ માન સરોવર યાત્રા માટે પસંદગી કરાયેલ ગુજરાતના યાત્રિઓને યાત્રાથી પરત ફર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા રૂ. 23000ની પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે

કોણ લાભ લઈ શકે ? - રાજ્યના 60 વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વરિષ્ઠ નાગરિકો પોતાના મનપસંદ તીર્થસ્થળોની સમૂહ-યાત્રા કરી શકે છે.

યોજનાનો લાભ કોને અને કેટલો મળે ? - યોજનાનો લાભ લેવા માટે એક જૂથમાં ઓછામાં ઓછા 27 યાત્રીઓ હોવા જરૂરી છે. યાત્રાનો સમયગાળો મહત્તમ 3 દિવસ-3 રાત્રિ રાખી શકાય છે. યોજના હેઠળ જૂથ યાત્રીઓને રાજ્ય વાહન-વ્યવહાર (એસટી) નિમગની સુપર નૉન-એસી બસ, મિની નૉન-એસી બસ, સ્લીપર કોચ કે ખાનગી બસની યાત્રાના ખર્ચની 75 ટકા રકમ સરકાર તરફથી આપવામાં આવે છે. આ ઉપરાંત દરેક યાત્રીને સહાય તરીકે એક દિવસના ભોજનના રૂ. 50 તથા રહેવાના રૂ. 50; એમ કુલ રૂ. 100 અને મહત્તમ રૂ. 300 આપવામાં આવે છે.

# 11મીએ કોર્ટમાં હાજર નહી રહે તો કેજરીવાલ-સંજય સિંહ સામે બિનજામીનપાત્ર વોરંટ?

## સતત્ ગેરહાજર રહેતા કોર્ટ ખફા, આપી ચેતવણી....

ગુજરાત | વંદન

ડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીના વિવાદને લઇ ગુજરાત યુનિવર્સિટી વિશે બદનક્ષીભર્યા નિવેદનો કરવાના કેસમાં 'આપ'ના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આપના નેતા સંજયસિંહે બુધવારે કોર્ટમાં હાજર રહેવાનું હતું. જો કે, એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ ફરી એકવાર રૂબરૂ હાજર રહ્યા ન હતા. તેમના વકીલ તરફથી કોર્ટ સમક્ષ હાજર રહેવામાંથી મુક્તિ માટેની અરજી અપાઇ હતી. પરંતુ વારંવાર બંને ગેરહાજર રહેતા હોવાથી કોર્ટ ખફા થઇ હતી. ફરિયાદી તરફે કેજરીવાલ અને સંજયસિંહનું વોરંટ કાઢવા અરજી કરી હતી. જો કે, ત્યારબાદ બંનેના વકીલોએ આગામી મુદતે હાજર રહેશે તેવી બાંહેધરી આપી હતી. જેથી કોર્ટે વોરંટની અરજી ઊભી રાખી બંનેને 11મી ઓગસ્ટે કોર્ટમાં હાજર રહેવા તાકીદ કરી છે.



ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ ડો.પિયુષ પટેલે આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહ વિરુદ્ધ અત્રેની મેટ્રોપોલિટન કોર્ટમાં કરેલી બદનક્ષીની ફરિયાદના ચકચારભર્યા કેસમાં મેટ્રોપોલિટન કોર્ટે અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહ વિરુદ્ધ સમન્સ જારી કર્યા હતા. જો કે, છેલ્લા ત્રણેક મહિનાથી આ બંને નેતાઓ કોર્ટ સમન્સ અને નિર્દેશ છતાં અદાલત સમક્ષ હાજર થયા નથી. દર મુદતે તેમના વકીલ તરફથી મુક્તિ અરજી આપી વધુ એકવાર મુદત માંગી લેવામાં આવે છે. આજે પણ કેજરીવાલ અને સંજયસિંહના વકીલે મુક્તિ અરજી આપી હતી. જો કે, ફરિયાદી તરફે એડવોકેટ અમિત નાયરે કોર્ટમાં બંનેના વોરંટ કાઢવા માટે અરજી કરી હતી. ઉપરાંત કોર્ટમાં એવી રજૂઆત કરી હતી કે, બંનેએ રિવિઝન અરજી સેશન્સ કોર્ટમાં કરી છે પરંતુ તેમાં કોઇ સ્ટે મળ્યો નથી, દર મુદતે નવા કારણો ઊભા કરી મુદત અરજી કરવામાં આવી રહી છે. છેલ્લી મુદતે વરસાદનું બહાનું કાઢી આગલી મુદતે હાજર રહેશે તેવી બાંહેધરી આપી હતી. પરંતુ તેઓ આજે પણ હાજર રહ્યાં નથી. સુપ્રીમ કોર્ટનું ડાયરેક્શન છે કે, એમ.પી. અને એમ.એલ.એ. સામેના કેસો ઝડપી ચલાવવા જોઇએ. પરંતુ આરોપીઓની ગેરહાજરીને કારણે કેસમાં વિલંબ થઇ રહ્યો છે. જેથી બંનેનું કોર્ટે વોરંટ ઇશ્યૂ કરવું જોઇએ.

આવી રજૂઆત બાદ કેજરીવાલ અને સંજયસિંહના વકીલે વોરંટ અરજી પર બાંહેધરી આપી હતી કે, આગામી મુદતે ફરજિયાત હાજર રહેશે. પરંતુ હાલ કોઇ વોરંટ ઇશ્યૂ ન કરો. આવી રજૂઆત બાદ કોર્ટે વોરંટ અરજી ઊભી રાખી 11મીની મુદત આપી છે.

# પાટનગર ગાંધીનગર જિલ્લામાં ખરીફ પાકની મોસમમાં કપાસનું વાવેતર બમ્પર થવા તરફ

## ત્રણ વર્ષની ૧૯,૫૦૦ હેક્ટરની સરેરાશ સામે અત્યાર સુધીમાં ૨૨,૨૫૦ હેક્ટરે પહોંચ્યું

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લામાં સરેરાશની સામે વરસાદ ૪૮ ટકા અને વાવેતર ૯૦ ટકાની ઉપર પહોંચ્યું છે. ખરીફ પાકની મોસમમાં જિલ્લામાં કપાસનું વાવેતર બમ્પર થવા તરફ છે. છેલ્લા ત્રણ વર્ષની ૧૯,૫૦૦ હેક્ટરની સરેરાશ સામે અત્યાર સુધીમાં ૨૨,૨૫૦ હેક્ટરે પહોંચ્યું છે. જ્યારે ખેડૂતોએ દિવેલામાં ઝડપ લાવીને ૧૨૨૩ હેક્ટરમાં અને મગફળીનું વાવેતર સરેરાશની નજીક ૧૨૦૨૦ હેક્ટર પર પહોંચાડી દીધું છે.



કૃષિ વિભાગના સુત્રોએ જણાવ્યા પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં ડાંગરના પાકમાં ૧૨૯૮૧ હેક્ટરની સરેરાશ સામે ૪૭૬૭ હેક્ટરમાં, બાજરી ૧૫૯૮ હેક્ટરની સામે ૧૪૯૬ હેક્ટરમાં, તુવેર ૧૦ હેક્ટરની સામે ૨૬ હેક્ટરમાં, મગ ૧૬૪૪ હેક્ટરની સામે ૬૫૪ હેક્ટરમાં, મઠ ૩૧૦ હેક્ટરની સામે ૨૦૬ હેક્ટરમાં, અડદ ૯૩૭ હેક્ટરની સામે ૩૫૨ હેક્ટરમાં, મગફળી ૧૨૬૦૩ હેક્ટરની સામે ૧૨૦૨૦ હેક્ટરમાં, તલ ૩૯૨ હેક્ટરની સામે ૨૬૯ હેક્ટરમાં, સોયાબિન ૧૧૮ હેક્ટરની સામે ૬૯ હેક્ટરમાં, કપાસ ૧૯૫૦૦ હેક્ટરની સામે ૨૨૨૫૦ હેક્ટરમાં, ગુવાર ૪૧૦૩ હેક્ટરની સામે ૨૧૮૯ હેક્ટરમાં, શાકભાજી ૧૪૨૪૩ હેક્ટરની સામે ૯૮૯૫ હેક્ટરમાં, ઘાસચારો ૩૭૯૦૬ હેક્ટરની સરેરાશ સામે ૨૧૩૦૦ હેક્ટરમાં અને જુવારનું વાવેતર છેલ્લા ત્રણ વષ૪ની ૫ હેક્ટરની સરેરાશ સામે ૨૧ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે.

આ સાથે ગાંધીનગર જિલ્લામાં કુલ વાવેતર ૯૦.૨૯ ટકાને પાર ૭૬,૯૨૩ હેક્ટર વિસ્તારમાં થઇ ચૂક્યું છે. તેમાં માણસા તાલુકો ૭૩.૧૨ ટકા વિસ્તાર સાથે ૨૦,૨૦૨ હેક્ટરમાં વાવેતર સાથે અગ્રેસર રહ્યો છે, દહેગામ તાલુકામાં ૬૮.૪૯ ટકા વિસ્તાર સાથે ૨૭,૮૮૨ હેક્ટરમાં, ગાંધીનગર તાલુકામાં ૬૧.૬૬ ટકા વિસ્તાર સાથે ૧૯,૮૧૫ હેક્ટરમાં વાવેતર થયું છે. જ્યારે કલોલ તાલુકો ૩૨.૭૮ ટકા વિસ્તાર સાથે ૨૦,૨૦૨ હેક્ટરમાં વાવેતર થવા સાથે છેલ્લા ક્રમે રહ્યો છે.

# ઈસ્કોન અકસ્માત: પ્રજ્ઞેશ પટેલની જામીન અરજી પર 3 ઓગસ્ટે સુનાવણી

ગુજરાત | વંદન

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર અકસ્માત જોવા માટે ઉભા રહેલા લોકોમાંથી 9 વ્યક્તિઓને જેગુઆર કારથી કચડી નાંખનાર આરોપી તથ્ય પટેલની ચાર્જશીટ ફાઈલ કરી દેવામાં આવી છે. તથ્યને કોર્ટે જેલ હવાલે કર્યો છે. હવે આ કેસ કોર્ટમાં ચાલશે. ત્યારે તેના પિતા પ્રજ્ઞેશ પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે. પ્રજ્ઞેશ પટેલે અમદાવાદની ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી કરી હતી. આ મામલે કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ નહીં થતાં મુદ્દત પડી છે. હવે આગામી સુનાવણી ના થાય ત્યાં સુધી પ્રજ્ઞેશ પટેલે જેલમાં જ રહેવું પડશે. આગામી ત્રીજી ઓગસ્ટે આ કેસની સુનાવણી યોજાશે.

તથ્યના પિતા પ્રજ્ઞેશ પટેલની કથિત એક ઓડિયો ક્લિપ વહેતી થઇ છે. જેમાં પ્રજ્ઞેશ પટેલ કોઈની સાથે વાત કરી રહ્યા છે. જો કે આ ઓડિયો ક્લિપ અકસ્માત પછી કયારની છે તે જાણી શકાયુ નથી. પરંતુ આ ઓડિયો ક્લિપમાં પ્રજ્ઞેશ તેના દીકરાની ભૂલ સ્વીકારવાના બદલે 19 - 20 વર્ષના છોકરાઓથી આવુ કોક વાર થઈ જાય, તેનું ટેન્શન નહીં લેવાનું, તેને આખી જિંદગી કઈ નહીં થાય, પણ એને માપમાં રાખવાના, એ મારી રીતે રાખી લઈશ. ટેન્શન ના કરીશ. તેવી વાત કરી રહ્યો છે. જો કે, સામે પ્રજ્ઞેશ સાથે કોણ વાત કરી રહ્યું છે તે જાણી શકાયું નથી. જો કે સોશિયલ મીડિયામાં વહેતી થયેલી આ ક્લિપ અમદાવાદ પોલીસ પાસે પણ પહોંચી છે. જેના આધારે પોલીસે તે ઓડિયો ક્લિપમાં જે અવાજ છે તે ખરેખર પ્રજ્ઞેશનો જ છે કે નહીં તેની ખરાઈ કરવા માટે તેનો વોઈસ સ્પેકટોગ્રાફી ટેસ્ટ કરાવવા તજવીજ શરૂ કરી છે.

## 9 ઓગસ્ટથી 15 ઓગસ્ટ-2023 સુધીમાં સ્થાનિક કક્ષાએ મુખ્ય પાંચ કાર્યક્રમો યોજવામાં આવશે

# "મેરી મિટ્ટી મેરા દેશ" ઝુંબેશમાં ગુજરાતના ગામડાઓમાંથી અંદાજીત ૧.૫૦ કરોડ લોકો જોડાશે, 10 લાખથી વધુ વૃક્ષો વવાશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં "મેરી માટી મેરા દેશ ઝુંબેશ" અંતર્ગત યોજાનાર વિવિધ કાર્યક્રમો યોજાશે. 'મેરી માટી મેરા દેશ' એવા વીરોની પૂજા કરે છે જેમણે આપણી માટે પોતાની આજનો ત્યાગ કર્યો છે. આ ઝુંબેશ દેશભરની ગ્રામ પંચાયતોમાંથી માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના નવીન કર્તવ્ય પથ ઉપર લાવવામાં આવશે. આ માટીથી આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારક તેમજ અમૃતવાટિકા બનાવીને વિરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો સંકલ્પ છે. આ ઝુંબેશમાં ગામડાઓમાંથી અંદાજીત ૧.૫૦ કરોડ લોકો જોડાશે અને ૧૦ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે.



ગુજરાતમાં આ ઝુંબેશ મુખ્ય બે ભાગમાં એટલે કે સ્થાનિક કાર્યક્રમો અને મિટ્ટી યાત્રા સ્વરૂપે યોજાશે. આ સિવાય ગુજરાતમાં તા.૯ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ-૨૦૨૩ સુધીમાં સ્થાનિક કક્ષાએ મુખ્ય પાંચ કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં વીરોના બલિદાન અને યોગદાનને શ્રદ્ધાંજલિ આપતાં શિલાફલકમાં વિરોના નામનો સમાવેશ કરવામાં આવશે.

**પંચપ્રાણ પ્રતિજ્ઞા + સેલ્ફી**

આ કાર્યક્રમમાં ગ્રામ પંચાયત સ્તરે ગ્રામજનો દ્વારા હાથમાં મુઠ્ઠીભર માટી અથવા માટીનો દિવો રાખી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવશે.

**'વસુધા વંદન'**

આ કાર્યક્રમ અંતર્ગત દરેક ગ્રામ પંચાયત દીઠ ૭૫ રોપાઓ વાવીને ઉછેર કરવામાં આવશે.

**વીરોને વંદન**

વીરોને વંદન કાર્યક્રમ હેઠળ સ્થાનિક પરંપરાઓ અને રિવાજો મુજબ "વીરો" કે જેમાં સ્વતંત્ર સેનાનીઓ/સંરક્ષણ કર્મચારીઓ/ રાજ્ય અને કેન્દ્રના પોલીસ દળોના કર્મચારીઓ કે જેઓએ દેશ માટે બલિદાન/યોગદાન આપેલ હોય તેમના પરિવારો માટે સન્માન સમારોહ યોજવામાં આવશે. ગ્રામીણ કક્ષાએ કાર્યક્રમના દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવવા સાથે રાષ્ટ્રગાન પણ ગાવામાં આવશે.

# ફોક્સવેગન ઈન્ડિયાએ ગુજરાતમાં પૂરથી અસરગ્રસ્ત ગ્રાહકોને સહાય પૂરી પાડી

ગુજરાત | વંદન

અમદાવાદ - ફોક્સવેગન પેસેન્જર કાર્સ ઈન્ડિયાએ ગુજરાતમાં ગ્રાહકો માટે તેની પૂર સહાયતા પહેલના વિસ્તરણની જાહેરાત કરી છે. અતિભારે વરસાદના આક્રમણને કારણે રાજ્યના અનેક વિસ્તારો પ્રભાવિત થયા છે. એક જવાબદાર બ્રાન્ડ તરીકે આ પડકારજનક સમયમાં અમારા ગ્રાહકોને શક્ય તેટલું સમર્થન આપવાનો અમારો પ્રયાસ છે. Volkswagen India extends support to flood affected customers in Gujarat.

ફોક્સવેગન ઈન્ડિયા ગુજરાતના ગ્રાહકોને કોઈ વધારાના ખર્ચ વિના મફત રોડસાઈડ સહાય (RSA) રજૂ કરી રહી છે. 31 ઓગસ્ટ, 2023 સુધી 24X7 ફ્રી રોડસાઇડ સહાય સાથે ડીલરશીપ પર સમારકામના અંદાજો અને પાર્કિંગ માટે સહાય આપવામાં આવી રહી છે.

વધુમાં, પૂર સંબંધિત નુકસાનની સમયસર મરામત કરવા માટે વાહનની વિગતવાર અને વ્યાપક સેવાઓની તપાસ કરવામાં આવશે. ડીલરશીપ પર જરૂરી પ્રમાણિત સમારકામ માર્ગદર્શિકા રજૂ કરવામાં આવી છે અને કંપની તાત્કાલિક સેવા અનુભવ સુનિશ્ચિત કરવા માટે ડીલરશીપ પર પર્યાપ્ત માનવબળ અને સ્પેરપાર્ટ્સની ઉપલબ્ધતાને સુનિશ્ચિત કરશે. આની પહેલ આ મહિનાની શરૂઆતમાં ઉત્તર ભારતના અસરગ્રસ્ત વિસ્તારો - જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને કેન્દ્રશાસિત પ્રદેશ (UT) ચંદીગઢ માટે શરૂ કરાઈ.

# જોધપુર-બોડકદેવમાં મેગા ટ્રાફિક ડ્રાઈવ, રોડ પાર્ક વાહનો દૂર કરાયા

ગુજરાત | વંદન

અમદાવાદ, શહેરમાં ટ્રાફીકના પ્રશ્નો દિન-પ્રતીદીન વિકટ બનતા જાય છે. વસ્તીના પ્રમાણમાં અંગત વાહનોનો વપરાશ સતત વધતાં જતો હોઈ વિશાળ રોડ પણ સાંકડા પડી રહ્યા છે.

જોકે અનેક વાહનોચાલકો રોડ પર આડેધડ પોતાના વાહન પાર્ક કરીને ઓફીસના કામે કે શોપીગ માટે નીકળી જતા હોઈ રોડ વધુ સાંકડા થાય છે. જોકે મ્યુનીસીપલ કોર્પોરેશનના સત્તાવાળાઓએ ટ્રાફીક જામની સમસ્યાના નિરાકરણ માટે ગેરકાયદે પાર્કિંગને લગતા હોટસ્પોટને ટાર્ગેટ કર્યા છે. અને ખાસ કરીને ઉત્તર-પશ્ચિમ ઝોનમાં તંત્રએ આવા હોટસ્પોટ પરથી દબાણ દુર કરીને લોકોને હાશકારો આપ્યો છે. ઉત્તર-પશ્ચિમ ઝોનમાં કેશવબાગથી માનસી સર્કલ, જજીસ બંગલાથી પકવાન ચાર રસ્તા અને ઈસ્કોન ચાર રસ્તાથી ગોતા ચાર રસ્તા અને ઈસ્કોન ચાર રસ્તાથી ગોતા ચાર રસ્તા થઈ વૈષ્ણોદેવી સર્કલ સુધીના રોડ પર ગઈકાલે મ્યુનિસીપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે ખાસ અભિયાન હાથ ધર્યું હતું. ટ્રાફીક પોલીસને સાથે રાખીને કરવામાં આવેલા આ અભિયાન હેઠળ તંત્રએ દબાણ દુર કરવાની કામગીરીમાં સપાટો બોલાવ્યો હતો. અને ગેરકાયદે પાર્ક કરેલા વાહનને લોક માર્યા હતા. આમાં ગેરકાયદે પાર્ક થતી રીક્ષાઓને પણ દુર કરાઈ હતી. પ્રભાત ચોક ચાર રસ્તા ડમરુ ચાર રસ્તા, જજીસ બંગલો ચાર રસ્તા અને પકવાન ચાર રસ્તા દબાણો દુર કરતાં વાહન વ્યવહાર સરળ બન્યો હતો. હાઈકોર્ટે સમક્ષ તાજેતરમાં થયેલી પીઆઈએલ હેઠળ રોડ પરનાં લુઝ દબાણ તેમજ વાહનને લોક કરીને એસ્ટેટ વિભાગની ટીમે રૂ.૩૫,૫૦૦નો દંડ વસુલ્યો હતો. ૧૫ ગાડી,૪૪ બોર્ડ બેનરે તેમજ ૯૯ પરચુરણ માલસામાન જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત દક્ષીણ-પશ્ચિમ ઝોનમાં એસ્ટેટ વિભાગની ટીમે ટ્રાફીક પોલીસની સાથે રહીને જોધપુર વોર્ડ અઅને સરખેજ વોર્ડમાં દબાણ હટાવવા મેગા ડ્રાઈવ હાથ ધરી હતી. ઈસ્કોન સર્કલથી કર્ણાવતી કલબ ચાર રસ્તા પી સર્કલ ચાર રસ્તા થઈ ઉજાલા સર્કલ સુધીના એસજી હાઈવેના બંને તરફના સર્વીસ રોડ સહીતના રોડ પરથી તંત્રએ ૧૧ લારી, બે ટેમ્પો, બે ગલ્લા, ત્રણ છત્રી આઠ પ્લાસ્ટીક ટેબલ ૧૬ પ્લાસ્ટીક ખુરશી ત્રણ ગેસના બકાટલા ૧૨ પ્લાસ્ટીક કેરેટ અને ૨૪૭ પરચુરણ માલસામાન મળીને કુલ ૩૦૪ માલસામાન જપ્ત કરાયો હતો.

# ભારતમાં નિર્મિત મોબાઈલ ફોનની નિકાસ બમણી થઈ : PM મોદી

## હોમ સ્ટેટનો બે દિવસીય પ્રવાસ પૂર્ણ કર્યો, રાજકીય ચાબખાં પણ માર્યા

ગુજરાત | વંદન

પોતાના હોમ સ્ટેટ ગુજરાતની બે દિવસીય મુલાકાત પૂર્ણ કરીને શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવી દિલ્હી જવા રવાના થયા હતા. તે અગાઉ તેમણે રાજકોટ ખાતે એક નવા ગ્રિનફિલ્ડ એરપોર્ટનું લોકાર્પણ કર્યું તો ગાંધીનગરમાં સેમિકોન પરિષદને ખુલ્લી મુકી હતી. તેમણે રાજકીય અવલોકનો પણ કર્યા અને વિપક્ષ અને કોંગ્રેસ સહિતના ઘટક પક્ષોને ભ્રષ્ટાચારીઓ ગણાવ્યા હતા.

સેમિકોન ઈન્ડિયા 2023 પરિષદમાં મોદીએ એમ પણ કહ્યું કે, ભારતમાં નિર્મિત મોબાઈલ ફોનની નિકાસમાં બમણો વધારો માત્ર બે વર્ષમાં થયો છે. આ દુનિયા ચોથી ઔદ્યોગિક ક્રાંતિની સાક્ષી બની રહી છે.

આ દરમિયાન મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, માત્ર બે વર્ષમાં ભારતમાં બનતા મોબાઈલનું એક્સપોર્ટ બે ગણું થઈ ગયું છે. ભારતમાં દુનિયાના બેસ્ટ મોબાઈલ બને છે. કેટલાક ક્ષેત્રોમાં આપણે માહિર છીએ. 2014માં મોબાઈલની બે કંપની હતી. હાલ 200થી વધુ કંપની મોબાઈલ બનાવી રહી છે. 2014માં 25 કરોડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી સંખ્યા હતી, આજે 85 કરોડ છે. સેમિકોન ઈન્ડસ્ટ્રીઝ દુનિયામાં જે લક્ષ્ય લઈને આગળ વધી રહી છે તેમાં ભારતની મોટી ભૂમિકા છે. આ દુનિયા ચોથી ઔદ્યોગિક ક્રાંતિની સાક્ષી બની રહી છે. પહેલા ઔદ્યોગિક ક્રાંતિ અમેરિકા હતી. આજે ચોથી ઔદ્યોગિક ક્રાંતિ ઈન્ડિયા છે.

# મેટ્રો, બુલેટ ટ્રેનને નડતરરૂપ કેમેરા હટાવાયા:સ્માર્ટ સિટીના 636 CCTV બંધ હાલતમાં, 727 તૂટી ગયા

## સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ 84 બ્રિજ ઉપર સીસીટીવી લગાવવા માટે સૂચન કરાયું છે

ગુજરાત | વંદન

મ્યુનિ. સ્માર્ટ સિટી પ્રોજેક્ટને એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતું ફંડ બંધ થઇ ગયું છે, અને પ્રોજેક્ટને આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્ર સરકારે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે, ત્યારે બીજી તરફ શહેરમાં અત્યારે 636 સીસીટીવી બંધ હાલતમાં છે. જ્યારે 727 કેમેરા તૂટી જતાં દૂર કરવામાં આવ્યા છે. જેમાંથી મોટાભાગના કેમેરા ઓવર બ્રિજ, સેન્ટ્રલ વર્જ બ્યુટીફિકેશન, બુલેટ ટ્રેન, મેટ્રો, રોડ રિડેવલપમેન્ટ, રિનોવેશન સહિતના વિકાસના કામોમાં નડતરરૂપ હોવાથી હટાવી દેવાયા છે. મ્યુનિ.એ તમામ 84 બ્રિજ પર સીસીટીવી લગાવવા માટે મ્યુનિ. દ્વારા તૈયારી કરવામાં આવી છે, જે અંગેનું ફંડ પણ મ્યુનિ. દ્વારા પુરૂ પાડવામાં આવશે. સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટના જણાવ્યા પ્રમાણે શહેરમાં અંદાજે 10 ટકા સીસીટીવી બંધ હાલતમાં છે. બાકીના સીસીટીવી કાર્યરત છે.




સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ 84 બ્રિજ ઉપર સીસીટીવી લગાવવા માટે સૂચન કરાયું છે. આ સીસીટીવી લગાવવા પાછળ અંદાજે રૂ. 6 કરોડ જેટલો ખર્ચ થવાની શક્યતા છે. એક સીસીટીવી લગાવવાનો ખર્ચ રૂ. 15 લાખ જેટલો થતો હોય છે. બંધ કેમેરા ચાલુ કરાવવા માટે પોલીસે વારંવાર પત્રો લખ્યા છે.સીસીટીવી બંધ રહેવાના કારણોમાં બીએસએનએલની કનેક્ટિવિટી, વાયર સોર્સ, હાર્ડવેર પ્રોબ્લેમ જેવા વિવિધ ટેકનિકલ કારણો છે. જોકે તે માટે મ્યુનિ.એ અનેક વખત બીએસએનએલને કનેક્ટિવિટીના મામલે દંડ કરી ચૂક્યું છે, અત્યાર સુધીમાં કરોડોની કિંમતનો મ્યુનિ. દંડ કરી ચૂક્યું છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**તથ્યનું પુનરાવર્તન :** ઈસ્કોન બ્રિજ પર બ્રેક માર્યા વગર ધમધમાટ ગાડી ચલાવનાર નબીરો તથ્ય પટેલમાંથી પ્રેરણા લીધી હોય તસ્વીરમાં દેખાય તેમ ડમ્પરના ચાલકે બ્રેક નહીં મારતા અથડાઈ ગયું હતું. જોકે, તેમાં કોઈ જાનહાનિ થઈ નથી.




**અંજલિ-શ્રદ્ધાંજલી :** 26 જુલાઈ 2008ના રોજ અમદાવાદમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટની સાથે સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરમાં પણ દેશ વિરોધીઓએ બોમ્બ ધડાકો કર્યો હતો. જેમાં માર્યા ગયેલાઓને પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ હોસ્પિટ સ્ટાફ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પિત કરાઈ હતી.



**બેસવાની તૈયારીમાં :** શહેરમાં વિવિધ સ્થળોએ જાહેર માર્ગો પર એક પછી એક ભૂવાઓ એટલે કે રોડ પર મોટા ગાબડાં પડવાની સાથે ઘટનાની સાથે રોડનો કોઈ એક ભાગ બેસી જતાં હોય તેવા કિસ્સાઓમાં શાહપુર વિસ્તારમાં આખો રોડ બેસી જવાની તૈયારીમાં છે.



**એક તો રસ્તો બંધ ઉપરથી ખાડાખૈયા :** શહેરના આશ્રમ રોડ મીઠાખળી અંડરબ્રિજ જવાના રસ્તે કોઈ કારણોસર એક તરફનો રસ્તો બંધ કરાયો છે. જે રસ્તો બંધ છે ત્યાં કોઈ અવરજવર નથી. તેમ છતાં રસ્તાની એક તરફનો ભાગ ઉબડખાબડ બની ગયો જણાય છે.

## ગિફ્ટસિટી પાસે સાબરકાંઠે ૬૫૦ કરોડના ખર્ચે બનશે રિવરફ્રન્ટ

# ગાંધીનગરવાસીઓ પણ રિવરફ્રન્ટની મોજ માણી શકશે

**નદીની બંને બાજુ વોક-વે સહિતની અન્ય સુવિધા ઉભી કરાશે**

ગુજરાત | વંદન

ગાંધીનગરમાંથી પસાર થતી સાબરમતી નદી અમદાવાદ સુધી જાય છે અમદાવાદની નદીમાં પાણી ભરીને ત્યાં બન્ને બાજુ રીવરફ્રન્ટ તૈયાર કરવામાં આવ્યો છે જે આજે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે ત્યારે આવી જ રીતે ગિફ્ટસિટીથી પીડીપીયુ વચ્ચે નદીની બન્ને બાજુ પ્રોટેક્ટેડ વોલ ઉભી કરીને અહીં વોક વે, રેસ્ટોરન્ટ સહિત અન્ય સુવિધા ઉભી કરવામાં આવશે. જો કે, આ અંગે હાલની સ્થિતિએ ૬૫૦ કરોડ જેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે અને દરખાસ્ત સરકારકક્ષાએ મોકલી આપવામાં આવી છે.




ગાંધીનગરની સાબરમતી નદી પહેલેથી જ રેતી માફિયાઓ માટે આશિર્વાદ સમાન છે અને અહીંથી કરોડોની સંપત્તી રેતી માફિયા ચોરીને જતા રહે છે ત્યારે સાબરમતી નદી ઉપર સંત સરોવર બનાવીને પાણીનો સંગ્રહ કરવામાં આવી રહ્યો છે અને આસપાસના વિસ્તારમાં ભુગર્ભજળ ઉંચા લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે આવી સ્થિતિમાં અમાદાવાદના રીવરફ્રન્ટને ગાંધીનગર સુધી લંબાવવાનો પણ એક પ્રોજેક્ટ સરકાર વિચારી રહી છે તે વચ્ચે ગિફ્ટસિટીને ડેવલોપ કરવાની સાથે તેની પાછળના ભાગમાંથી પસાર થતી સાબરમતી નદીની બન્ને બાજુ પણ રીવરફ્રન્ટ બનાવવાની યોજના સિંચાઈ વિભાગે બનાવી છે.

ગિફ્ટસિટીથી પીડીપીયુ સુધી નદીની બન્ને બાજુ પ્રોટેક્ટેડ વોલ બનાવીને ત્યાં વોક વે સહિતની અન્ય સુવિધા ઊભી કરવામાં આવશે. આ માટેના પ્લાન-નકશા તૈયાર કરીને વિભાગમાં અને સરકારમાં મોકલાવી દિધા છે. એટલુ જ નહીં, ૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચનો પણ અંદાજ લગાવવામાં આવ્યો છે. પ્લાન પ્રમાણે અહીં બન્ને બાજુ વોલ બનાવીને અંદર તથા બાહરની બાજુ રોડ બનાવવામાં આવશે તથા વિવિધ એડવેન્ચર્સ રાઈડ્સ પણ અહીં ઉભી કરાશે. સાથે અન્ય સુવિધા પણ રાખવામાં આવી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....

# પાવનગ્રંથ શ્રીમદ્ ભગવત ગીતાનું પઠન શયનખંડમાં રાત્રિકાળે અંતરંગ પળો વખતે થઈ શકે..????


હિન્દુ ધર્મમાં શ્રીમદ્ ભગવત ગીતાનું પાવન સ્થાન છે. યુગપુરૂષ ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા મહાભારતના યુધ્ધના મેદાનમાં અર્જુનને આપેલા બોધના માધ્યમથી યુગપુરૂષે જીવન સંસારથી લઈને માનવીને મુંઝવતા તમામ સવાલોના જવાબો આપ્યા છે. જેને ગીતા કહીએ તે ગીતાના પાઠ રાખવામાં આવે છે,. ભાગવત રામાયણ યોજાય છે અને તેમાં ગીતામાં આપેલા ઉપદેશો સાંભળીને શ્રોતાજન ભાવવિભોર બની જાય છે. ગીતા કોઈ નવલકથા કે ચોપડી નથી. તેનું મહત્વ અન્ય ધર્મોના પાવન ગ્રંથ જેટલુ જ છે. પણ સ્ત્રી-પુરૂષ જાતિ યસમાગમ વખતે ગીતા પાઠ કરી શકે...?

વાંચીને કદાજ ગુસ્સો આવે કે એવુ તે કાંઈ હોતુ હશે...? જે ગ્રંથ પાવન છે, અને તેના પઠનનો એક ચોક્કસ સમય હોય તેનું જાતિય સમાગમ વખતે પઠન કરવુ કે તેના શ્લોક બોલવા એવુ હોલીવુડની તાજેતરમાં રજૂ થયેલી "ઓપેનહેઈમર" નામની ફિલ્મમાં દર્શાવ્યું છે. ઓપેનહેઈમર એક વિજ્ઞાની હતો અને તેને એટમ બોંબના પિતા



કહેવામાં આવે છે.

જાપાનમાં નાગાસાકી અને હિરોશીમા પર એટમ બોંબ ઝીંકતા પહેલા તેનો પ્રયોગ ખુલ્લા રણ વિસ્તારમાં ઓપેનહેઈમરની હાજરીમાં તેના માર્ગદર્શક હેઠળ કરાયો અને પ્રયોગ સફળ થતાં તે ખુશીથી ઝુમી ઉઠ્યો અને ત્યારબાદ જાપાન પર બે એટમબોંબ ઝીંકવામાં આવ્યાં હતા, જેમાં લાખો નિર્દોષ લોકો માર્યા ગયા હતા.

અમેરિકાના આ વિજ્ઞાનીના જીવન પરથી તેમના જ નામે આ ફિલ્મ બની છે. ભારતમાં પણ રીલીઝ થઈ છે. ઓપેનહેઈમરને ભગવદ્ ગીતા ખૂબ ગમતી હતી અને તેને વાંચવા તથા સમજવા તેમણે સંસ્કૃત ભાષા પણ હસ્તગત કરી હતી એમ કહેવાય છે કે તેમના જીવનમાં ભગવદ્ ગીતાએ ખૂબ મોટી અસર કરી હતી. ફિલ્મમાં ઓપેનહેઈમરની ભૂમિકા નિભાવનાર હીરોને તેની સામે નિર્વસ્ત્ર અવસ્થામાં પડેલી નાયિકાની સામે ગીતાના શ્લોક વાંચતો દર્શાવ્યો છે..!

હિન્દુ ધર્મના પવિત્ર ગ્રંથનું આવુ ઘોર અપમાન... ભગવદ ગીતાનું પઠન પ્રાંતકાળને બદલે શયનખંડમાં રાત્રિકાળમાં કરે છે....ના ચાલે..ના ચાલે...એવુ કંઈક સંભળવા મળશે અને તેનો વિરોધમાં સિનેમાહાઉસમાં તોડફોડ થશે, ફિલ્મમાંથી એ વિવાદાસ્પદ દ્રશ્ય દૂર નહીં થાય ત્યાં સુધી ફિલ્મ નહીં ચાલવા દઈએ...એવું કંઈક કાને પડશે...એમ લોકોએ વિચાર્યું. પણ એવુ કંઈ થયું નથી....ઉલટાનું મહાભારત સિરિયલમાં ભગવાન શ્રીકૃષ્ણનું પાત્ર ભજવનાક નિતિશ ભારદ્વાજે હોલીવુડની એ ફિલ્મના વિવાદાસ્પદ સીનનો બચાવ કર્યો છે. હીરોની માનસિકતાનો બચાવ કર્યો છે.

દિપિકા પદુકોણની પદ્માવતી ફિલ્મ યાદ છે ને...? ખડીંગ...ખડીંગ... કરતી તલવારો નિકળી હતી... સિનેમાહાઉસીસમાં તોડફોડ થઈ હતી... ફિલ્મના ડિરેક્ટરને ફિલ્મનું નામ બદલવાની ફરજ પાડવામાં આવી હતી. કેમ એમ થયું..? કેમ કે ફિલ્મમાં જે સમુદાયની વાત છે એ એક સમુદાયને એમ લાગ્યું કે આ ફિલ્મમાં તેમનુ અને તેમની મહિલાઓનું ઘોર અપમાન થયું છે.., ફેરફાર કરો.... અને ફેરફારો થયાં.

વિદેશની ઓપેનહેઈમર ફિલ્મમાં હિન્દુઓના પાવન ગ્રંથનું ઘોર અપમાન અને સ્ટેક હોલ્ડર એટલે કે આ પાવન ગ્રંથની સાથે જેમનુ હિત સમાયું છે, અને ઘવાયું છે એ કરોડો કરોડો...?? આદિપુરૂષમાં રામ-હનુમાનજીનું ઘોર અપમાન અને હવે શ્રીમદ્ ભગવત ગીતાનું અપમાન...રામાયણનું અપમાન અને મહાભારતનું અપમાન. હવે તો કોઈ ધાર્મિક ગ્રંથો નથી ને...?!

ધર્મ

## સંકષ્ટી ચતુર્થીનું ધાર્મિક મહત્ત્વ



પંચાંગ અનુસાર, સંકષ્ટી ચતુર્થી વ્રત દર મહિનાની કૃષ્ણ અને શુક્લપક્ષની ચતુર્થી તિથિએ રાખવામાં આવે છે. આ વખતે આ તારીખ 4 ઓગસ્ટે 2023, શુક્રવારના રોજ આવી રહી છે. આ દિવસે વ્રત રાખવાથી અને ભગવાન ગણેશની વિધિવત પૂજા કરવાથી શુભ ફળ પ્રાપ્ત થાય છે. જો તમારા કામમાં કોઈ પ્રકારની અડચણ આવે તો તે પણ ગણપતિની કૃપાથી દૂર થઈ જાય છે.

એકદંત સંકષ્ટી ચતુર્થીનું ધાર્મિક દ્રષ્ટિકોણથી ઘણું મહત્વ છે. આ દિવસે ભગવાન ગણેશની પૂજા કરવાથી જીવનની તમામ સમસ્યાઓ દૂર થાય છે. તમારી દરેક મનોકામના પૂર્ણ કરવા માટે આ દિવસે વ્રત રાખવાનો પણ નિયમ છે. એકદંત સંકષ્ટી ચતુર્થીના ઉપવાસ કરવાથી સુખ અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે.જો તમે સંતાન પ્રાપ્તિનું સુખ માણવા માંગતા હોવ તો પણ આ દિવસે ભગવાન ગણેશની પૂજા વિધિપૂર્વક કરો.

આ દિવસે તમારા હ્રદય અને મનને શુદ્ધ કરીને ગણપતિની પૂજા શરૂ કરવી જોઈએ, પૂજા શરૂ કરતા પહેલા પૂજા સ્થળ અને તમારા મંદિરને સારી રીતે સાફ કરો, ત્યાર બાદ જ પૂજા શરૂ કરો. સૌ પ્રથમ હાથમાં જળ લઈને ઉપવાસની પ્રતિજ્ઞા લો. આ પછી ભગવાન ગણેશની મૂર્તિ અથવા પોસ્ટર પર હળદરનું તિલક લગાવો અને તેના પર દુર્વા, ફૂલ અને માળા ચઢાવો. જો શક્ય હોય તો પૂજા સમયે ઘીનો દીવો કરવો. અંતે, વ્રત કથા વાંચો અને ભગવાન ગણેશની આરતી કરો.

### દેશના બે પૂર્વ વડાપ્રધાનો પર બની રહેલી ફિલ્મો પૈકી "ઇમરજન્સી" ફિલ્મ વિવાદ સર્જે તો નવાઇ નહીં..

# રૂપેરી પડદે ગાંધીથી લઇને ઇન્દિરા ગાંધી.... અભિનયના અજવાળા...અને વાદ-વિવાદ

### ફિલ્મ 'ગાંધી'એ નામ મુજબ ઇતિહાસ રચ્યો... આઠ પુરસ્કારો જીત્યા હતા...

સાપ્તાહિક ગુજરાત વંદન

ફિલ્મો એ મનોરંજનનું શુધ્ધ માધ્યમ છે, તેને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી. પરંતુ, હજુ પણ ફિલ્મોના નામે રાજકારણ ચાલે છે અને રાજકીય વિષયો પર પણ ફિલ્મો બને છે. ઘણા રાજકારણીઓ પર પણ ફિલ્મો બને છે. પૂર્વ વડાપ્રધાનો ઈન્દિરા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રીથી લઈને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ફિલ્મો બની. પરંતુ, કેટલાક એવા જાહેર નેતાઓ પર પણ ફિલ્મો બની હતી, જેઓ કોઈ મોટા પદ સુધી પહોંચ્યા ન હતા.

અત્યારે દેશના બે વડાપ્રધાનો પર બની રહેલી ફિલ્મો ચર્ચામાં છે. એક ઈન્દિરા ગાંધી પર અને બીજી અટલ બિહારી વાજપેયી પર. આ બંને રાજનેતાઓ તેમના સમયમાં ખૂબ જ પ્રખ્યાત હતા. નામ પરથી જ સ્પષ્ટ છે કે ઈન્દિરા ગાંધી પર બની રહેલી નવી ફિલ્મ 'ઈમરજન્સી' આ મહિલા રાજનેતાના વિવાદાસ્પદ નિર્ણયો પર બની રહી છે. અને રજૂ થશે ત્યારે વિવાદ ના સર્જાય તો જ નવાઈ લાગશે...


બોલીવુડમાં રાજનેતાઓ પર ક્યારે કઈ ફિલ્મ બની એના પર નજર નાંખીએ....

'આંધી' થી 'ઈન્દુ સરકાર' .....

ફિલ્મ અભિનેત્રી રાખી સાથે લગ્ન કરનાર ગીતકાર ગુલઝારે 1975માં ફિલ્મ 'આંધી' બનાવી હતી, જેમાં ફિલ્મની હીરોઈન સુચિત્રા સેન મહિલા રાજનેતાના રોલમાં જોવા મળી હતી. ફિલ્મની વાર્તા સાથે જો કે આ ફિલ્મનો તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનો કોઈ સંબંધ ન હોવા છતાં, હિરોઈનનો પોશાક તેમના જેવો જોવા મળ્યો હતો.

વિવાદને કારણે આખરે આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. વર્ષ 1977માં જ્યારે કોંગ્રેસની સરકાર પડી અને જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે આ ફિલ્મ રિલીઝ થઈ હતી.જો કે, ઈન્દિરા ગાંધી પર આ પહેલા પણ ઘણી ફિલ્મો બની છે, જેમાં અગાઉની ફિલ્મો ઉપરાંત 2005માં અમુ, 2016માં રિલીઝ થયેલી ઓક્ટોબર, 2017માં આવેલી 'ઈન્દુ સરકાર'નો સમાવેશ થાય છે. આ સાથે જ ઘણી ફિલ્મોની વાર્તામાં ઈન્દિરા ગાંધીનું પાત્ર પણ ઉમેરવામાં આવ્યું હતું.. આવી ફિલ્મોમાં બેલ બોટમ, પીએમ નરેન્દ્ર મોદી, થલાઈવી અને ઠાકરેના નામ સામે આવે છે.

એ પણ એક કડવી વાસ્તવિકતા છે કે રાજકારણના નેતાઓના જીવન પર બનેલી એક પણ ફિલ્મ યાદગાર બની



શકી નથી. ઉલટાનું, આવી રાજકીય ફિલ્મોને લઈને વધુ ટકોર થઈ હતી. પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ પર આજ સુધી કોઈ ફિલ્મ બની નથી, પરંતુ એક અમેરિકન ફિલ્મ નિર્દેશકે 'અ ડે ઈન ધ લાઈફ ઓફ પ્રાઈમ મિનિસ્ટર નેહરુ' નામની ડોક્યુમેન્ટ્રી ચોક્કસ બનાવી હતી.

વર્ષ 2019માં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ પર ફિલ્મ 'ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' બનાવવામાં આવી હતી, જે સંજય બારુના પુસ્તક પર બનાવવામાં આવી હતી, જેઓ તેમના મીડિયા સલાહકાર હતા. આ ફિલ્મ દ્વારા તેમને કોંગ્રેસ હાઈકમાન્ડની કઠપૂતળી કહેવામાં આવ્યા હતા, જે ઈચ્છે તો પણ તેમની જાતે નિર્ણયો લઈ શકતા નથી. આ ફિલ્મ વિવાદોમાં આવી, પણ ચાલી નહીં.

આ વર્ષની ફિલ્મ 'ધ તાશ્કંદ ફાઈલ્સ'નું નિર્માણ વિવેક અગ્નિહોત્રી દ્વારા કરવામાં આવ્યું હતું અને મૂળ કાવતરું ભૂતપૂર્વ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના રહસ્યમય મૃત્યુ પર હતું. ફિલ્મ દ્વારા તત્કાલીન કોંગ્રેસ સરકાર પર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. તેમાં એક સંવાદ છે 'દુનિયાની સૌથી મોટી લોકશાહીના બીજા વડાપ્રધાન તાશ્કંદ જાય છે. તાશ્કંદ યુદ્ધ સંધિ પર હસ્તાક્ષર કરે છે અને મૃત્યુ પામે છે. સેંકડો શંકાસ્પદ છે, પણ કોઈ તપાસ પંચ રચાયું નથી!

ફિલ્મ 'પીએમ નરેન્દ્ર મોદી' પણ 2019માં જ આવી હતી, જે બાયોપિકની જેમ બનાવવામાં આવી હતી. 2019ની લોકસભા ચૂંટણી પહેલા આ ફિલ્મને પડદા પર લાવવાની તૈયારી હતી. પરંતુ, તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને બાદમાં તેને રીલીઝ કરવામાં આવી.. પરંતુ, ફિલ્મને એટલી ઝાઝી સફળતા મળી ન હતી જે દિગ્દર્શક ઉમંગ કુમારની અપેક્ષા હશે.

વિવેક ઓબેરોયે આ ફિલ્મમાં નરેન્દ્ર મોદીનું પાત્ર ભજવ્યું હતું. આ દૃષ્ટિકોણથી જોવામાં આવે તો 1993માં આવેલી ફિલ્મ 'સરદાર' વધુ સફળ રહી હતી. જેનું દિગ્દર્શન કેતન મહેતાએ કર્યું હતું. જાણીતા રાજનેતા સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પર આધારિત આ ફિલ્મમાં સ્વતંત્રતા સંગ્રામ અને તેમની રાજકીય ભૂમિકા વિશે જણાવવામાં આવ્યું છે.

રાજકીય નેતાઓના જીવન સિવાય પણ કેટલીક એવી ફિલ્મો બની હતી જેનું કાલ્પનિક કાવતરું રાજકારણ પર કેન્દ્રિત હતું. આ ફિલ્મોમાં સૌથી વિવાદાસ્પદ 1977ની 'કિસ્સા કુરસી કા!' એ રાજકારણ પરની વ્યંગાત્મક ફિલ્મ હતી. અમૃત નાહટા પોતે એક નેતા હતા, તેમણે આ ફિલ્મ પણ બનાવી હતી. કટોકટી સામેના વિરોધોએ તેમને આ ફિલ્મ બનાવવા માટે પ્રેરિત કર્યા પરંતુ સરકારે તેને રિલીઝ કરવાની મંજૂરી આપી ન હતી. આ ફિલ્મ ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધી પર આધારિત હતી. આ ફિલ્મ 1975માં બની હતી પરંતુ રિલીઝ રોકવા માટે માસ્ટર પ્રિન્ટને બાળી નાખવામાં આવી હતી. ઈમરજન્સી બાદ આ ફિલ્મ ફરી બની અને 1977માં રજૂ થઈ હતી. આ ફિલ્મમાં અભિનેત્રી શાબાના આઝમીએ જનતાનો રોલ નિભાવ્યો હતો.

ફિલ્મ 'ગાંધી'એ નામ મુજબ ઈતિહાસ રચ્યો...આઠ પુરસ્કારો જીત્યા હતા...

રિચર્ડ એટનબરોએ 1982માં મહાત્મા ગાંધીના વાસ્તવિક જીવન પર ફિલ્મ 'ગાંધી' બનાવીને ઈતિહાસ રચ્યો હતો. આ ફિલ્મનું દિગ્દર્શન રિચાર્ડ એટનબરો દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં બેન કિંગ્સલેએ ગાંધી તરીકે અભિનય કર્યો હતો, જે બંનેને એકેડેમી પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. આ ફિલ્મે શ્રેષ્ઠ ફિલ્મ માટે એકેડેમી એવોર્ડ તેમજ અન્ય આઠ એવોર્ડ જીત્યા હતા. આ પછી 2007માં 'ગાંધી માય ફાધર' આવી, જેને ફિરોઝ અબ્બાસ ખાને પ્રોડ્યુસ કરી હતી. તેની વાર્તા ગાંધીજી અને તેમના પુત્ર હરિલાલ પર કેન્દ્રિત છે.

શિવસેનાના સ્થાપક અને મહારાષ્ટ્રના અગ્રણી નેતા બાલ ઠાકરે પર 2019માં 'ઠાકરે' નામની બાયોપિક બનાવવામાં આવી હતી, જેનું નિર્દેશન અભિજીત પાનસે દ્વારા કરવામાં આવ્યું હતું. ફિલ્મ દ્વારા બાળ ઠાકરેના પ્રારંભિક સંઘર્ષથી લઈને શિવસેનાની રચના સુધીની વાર્તા કહેવામાં આવી હતી. અખબારમાં કાર્ટૂનિસ્ટનું કામ તેમને મહારાષ્ટ્રના નેતા તરીકે ઉભરતા દર્શાવે છે.

આ ફિલ્મમાં બાળ ઠાકરેને હંમેશા ઘેરાયેલા અનુત્તરિત પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉદાહરણ તરીકે, તેમણે કટોકટીનું સમર્થન કેમ કર્યું. તેમ છતાં, એવું લાગી રહ્યું છે કે આ વાર્તા માત્ર શિવસેનાની છબીને ઉજળી કરવા માટે ઘડવામાં આવી હતી.

આ શ્રેણીમાં, પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જીવન પર આધારિત બીજી બાયોપિક 'મૈં અટલ હું' પર કામ શરૂ થયું છે. આ ફિલ્મ સંદીપસિંહ અને વિનોદ ભાનુશાળી દ્વારા બનાવવામાં આવી રહી છે, જેની વાર્તા પુસ્તક 'ધ અનટોલ્ડ વાજપેયી' પર આધારિત છે.. નિર્દેશક રવિ જાધવ છે. ફિલ્મનું એક મોશન પોસ્ટર પણ બહાર પાડવામાં આવ્યું હતું

અનુભવે એવુ જોવા મળે છે કે જ્યારે પણ રાજનીતિથી પ્રેરિત ફિલ્મો બની, ત્યારે તેમાં વધુ રાજકીય ઉથલ-પાથલ જોવા મળી. જ્યારે પણ રાજકીય ઘટનાઓ અથવા નેતાઓ પર ફિલ્મો બનાવવામાં આવે છે, ત્યારે ચોક્કસપણે હંગામો થયો છે. અને કંગના રનૌતની ઈમરજન્સી પણ ફરી એકવાર હંગામો કરવા તૈયાર છો...

પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

# પ્રસન્નતા, પોઝિટિવિટિ અને પ્રેરણાથી છલોછલ પુસ્તક શ્રેણી

સાપ્તાહિક ગુજરાત વંદન

'એક વ્યક્તિ શું કરી શકે?' આ વિધાનને નકારાત્મક વલણ ધરાવતી વ્યક્તિઓ સમર્થન આપશે પરંતુ હકારાત્મક વલણ ધરાવતી વ્યક્તિઓ તરત જ એક અનોખી પુસ્તક શ્રેણી તરફ આંગળી ચીંધશે અને કહેશે કે,"એક વ્યક્તિ પણ ઘણું બધું કરી શકે છે, જો તેનામાં પ્રસન્નતા હોય, તેનાં વિચારોમાં સ્પષ્ટતા હોય, તેને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના હોય, તેની પાસે દુનિયાને નવી રીતે જોવાની દૃષ્ટિ હોય અને તેને સમાજને બદલવો હોય." આ હકારાત્મક અભિગમ ધરાવતી વ્યક્તિએ જે પુસ્તક શ્રેણી ચોક્કસ વાંચી હશે અને તેને કારણે તેનો પણ અભિગમ હકારાત્મક થયો છે તેવી અનોખી અને એકમાત્ર, સમાજની હકારાત્મક સત્યઘટનાઓનો શબ્દખજાનો લઈને પ્રકાશિત થયેલી પુસ્તક શ્રેણી એટલે, 'પોઝિટિવ સ્ટોરીઝ્'.

જે આપણને સૌને પ્રસન્નતા અને પ્રેરણાથી તરબતર કરી દે તેવી, આપણને જીવન જીવવાની નવી દિશા આપતી, સમાજમાં ઘણું બધું સારું છે અને જીવન જીવવા જેવું છે તેવું સમજાવતી, સમાજમાં અનેક ભલા અને સારાં લોકો છે અને તેઓ સુંદર કાર્યો કરી રહ્યાં છે તે જણાવતી, દસ પુસ્તકોની એક અનોખી શ્રેણી એટલે 'પોઝિટિવ સ્ટોરીઝ્'.

'પોઝિટિવ સ્ટોરીઝ્' અંતગર્ત જે પુસ્તક શ્રેણીની વાત આપણે કરી રહ્યાં છીએ તે દસ પુસ્તકોની શ્રેણી છે, જેમનાં નામ અનુક્રમે સમાજનું અજવાળું, સમાજની સુગંધ, સમાજની સંવેદના, સમાજની કરુણા, સમાજની નિસબત, સમાજની સુંદરતા, સમાજની સારપ, સમાજની મિત્રતા, સમાજની શ્રદ્ધા અને સમાજનો છાંયડો છે. આપણાં ગુજરાતીઓ જેમનો મૂળમંત્ર સમાજસેવા છે તેવાં સમાજનાયકોનાં જીવન પર આધારિત આ દસ પુસ્તકોની શ્રેણી એટલે 'પોઝિટિવ સ્ટોરીઝ્'.




આ દસ પુસ્તકોની શ્રેણીનાં લેખક પણ એટલાં જ પોઝિટિવ છે. તેમણે ભલે તેમનાં પુસ્તકોમાં પોતાનાં ગુણો ન ગાયાં હોય પરંતુ અહીં એ ઉલ્લેખ કરવો ખૂબ જરૂરી છે કે જેથી વાચકોને ખબર પડે કે આ પોઝિટિવ સ્ટોરીઝની પાછળ એક પોઝિટિવ વ્યક્તિની દસ વર્ષની અથાક મહેનત છે. તેમનાં જીવનમાં પણ ઘણાં બધાં ચડાવ-ઉતાર આવ્યાં છે. કૉરોના જેવાં કપરાં સમયમાં આ લેખકે પણ ઘણી શારીરિક અને માનસિક પીડા ભોગવી છે. ઍન્ઝાઈટીની તકલીફમાંથી તેઓ પસાર થયાં છે. ફ્રેક્ચર્સ ઉપરાંત ઑપરેશનની શારીરિક પીડા પણ તેમણે ભોગવી છે પરંતુ આ બધાંમાંથી તેઓ તેમની હકારાત્મક વિચારધારાનાં કારણે સરળતાથી બહાર આવીને આપણને આ હકારાત્મક એવાં દસ પુસ્તકોની શ્રેણી આપી છે. આ રીતે તેમણે પણ સમાજનાયકની ભૂમિકા બરાબર ભજવી છે. હવે, આપ ઓળખી જ ગયા હશો કે હું જેમની વાત કરી રહ્યો છું તે છે, હકારાત્મક પત્રકાર, ઉત્તમ સંપાદક, પ્રેરણાદાયી વક્તા અને ખરાં સમાજસેવક રમેશ તન્ના.

ફેબ્રુઆરી, ૨૦૦૪માં જ્યારે હીરાબાએ કહ્યું હતું કે,'મારો આત્મા કહે છે કે નરેન્દ્ર એક દિવસ ભારતનો વડાપ્રધાન બનશે...' ત્યારે હીરાબાનો ઈન્ટરવ્યુ લેનાર વ્યક્તિ રમેશ તન્ના. અમદાવાદની એક નાનકડી ચાલીમાં ચાલતી અદ્ભુત પ્રવૃત્તિઓને ઉજાગર કરનાર રમેશ તન્ના. એક શાકભાજી વેચનાર બેન હોય કે એક ઈમાનદાર રીક્ષાવાળો, એક અપંગ વ્યક્તિની વાત હોય કે એક કંડક્ટરની સેવા, સમાજમાં રહેતાં દરેક માનવીને મળવાનો અને તેમની હકારાત્મકતાને સમાજ સમક્ષ લાવવાનો એ ઉમદા હેતુથી રમેશ તન્નાએ આ દસ પુસ્તકોની શ્રેણી તૈયાર કરી. અત્યારે દુનિયાભરનાં લાખો વાચકોએ આ તમામ પુસ્તકોને ઉમળકાભેર વધાવી લીધાં છે.

જ્યાં ઈલાબહેન ભટ્ટને આ પુસ્તક વાંચ્યા બાદ ઉંઘમાં પણ પોઝિટિવિટિનાં બનાવો દેખાતાં, ત્યાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ આ પુસ્તકોને સ્વસ્થ સમાજની દિશા ચીંધનારા કહે છે. જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત રઘુવીર ચૌધરી, રમેશ તન્નાની સરખામણી માનવતાનું સરવૈયું સમજાવતાં સંતો સાથે કરે છે. રતિલાલ બોરીસાગર આ સંવેદનશીલ પુસ્તકોને ખૂણે ખૂણે પહોંચાડવા માટે હાકલ કરે છે તો મનસુખ સલ્લા, રમેશ તન્નાને સમાજ માંગલ્યનાં લેખક કહે છે.

'નવી સવાર' રુપી આ પુસ્તક શ્રેણીનાં પુસ્તકોનું વિમોચન પણ લેખકે અનોખી રીતે કર્યું છે. વૃક્ષોની શોભાની સાથે, પક્ષીઓનાં ગીતની સાથે, પ્રકૃતિનાં મધુર સંગીતની સાથે, આકાશનાં મેઘધનુષની સાથે, નવી ઉગતી સવારની સાથે, ક્યારેક માણેકચોકમાં શાકભાજી વેચતાં બહેનનાં હસ્તે તો ક્યારેક આ જ પુસ્તકોનાં સમાજનાયકોનાં હસ્તે, કોઈ મોટી જગ્યાએ નહીં પણ પ્રકૃતિનાં સાંનિધ્યમાં આ ઉષ્માસભર પુસ્તકોને લેખકે સમાજ સાથે વહેંચ્યા છે.

આ દસ પુસ્તકોનાં ૨૬૦૦ પાનાંઓમાં કુલ ૬૦૦ પોઝિટિવ સ્ટોરીઝનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવું અદ્ભુત કાર્ય કરવા માટે લેખક રમેશ તન્ના અભિનંદનનાં તો ખરાં જ ઉપરાંત વર્લ્ડ રેકોર્ડનાં પણ એટલાં જ હક્કદાર છે. હાલમાં આપણે તો તેમને ખોબલે ખોબલે અભિનંદન આપીએ તે ઉપરાંત જો આપણે સમગ્ર સમાજને હકારાત્મકતાથી ભરી દેવો હોય તો તેમનાં આ હકારાત્મક પુસ્તકોની શ્રેણીને હજુ વધારે ભાવકો સુધી પહોંચાડવા માટેનાં પ્રયત્નો કરીએ. આ તબક્કે એક આનંદની વાત એ પણ છે કે આ પુસ્તક શ્રેણીનાં પ્રથમ બે પુસ્તકો 'સમાજનું અજવાળું'ને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા અને 'સમાજની સુગંધ'ને નર્મદ સાહિત્ય સભા દ્વારા પારિતોષિક પ્રાપ્ત થયાં છે.

રસદર્શન

# સતત એકધારી અવસ્થા એક જ રસ્તો અને વર્ષો એકધારા આ જ અવસ્થામાં નીકળે!

સાપ્તાહિક ગુજરાત વંદન

આંસુઓ, અવહેલના, પીડા, ઉદાસી ને વ્યથા એ જ
રસ્તે એકધારું ચાલતાં વર્ષો થયાં
એમણે પૂછ્યું, હું તારી જિંદગીમાં હોત તો?
કેમ કહેવું એમને? કે - ધારતાં વર્ષો થયાં
હિમલ પંડ્યા

અંત વિનાનો હોઈ શકે એક રસ્તો,
અને બની જાય જીવનનો શિરસ્તો!!
કોણ જાણે જન્મોની જ સફર હશે,
દુઃખનો આ પર્યાય, ન મોંઘો ન સસ્તો!!

कोई होता जिसको अपना
हम अपना कह लेते यारों
पास नहीं तो दूर ही होता
लेकिन कोई मेरा अपना ~
गुलझार साहब

વ્યથાનો જન્મ અણગમતી કથામાંથી થાય, વ્યથા માંથી ઉદાસી, ઉદાસી એટલે પીડા નો જન્મ, અને ડોકાતી આ પીડા બીજાના માટે અવહેલનાનું કારણ, અને પછી અભિરત દેખાતા કે ન દેખાતા સતત નિરંતર વહેતા આંસુ, અને આજ સતત એકધારી અવસ્થા એક જ રસ્તો અને વર્ષો એકધારા આ જ અવસ્થામાં નીકળે!

પણ કુદરતની દરેક પ્રસ્તાવનામાં ક્યાંકને ક્યાંક કોઈ આશા છુપાયેલી હોય છે જેમકે ગમે તેટલો વિશાળ રણ પ્રદેશ હોય ત્યાં પાણીનો ઝરો અવશ્ય હોય !

આ શેર ની આગળ ખૂબ જ જબરજસ્ત કલ્પના કરી એ મૂકી છે જે વાંચીને દરેક ભાવકનું દિલ ખુશ થઈ જાય, કે જિંદગી માત્ર અને માત્ર દુઃખ ના ભરોસે નથી પણ દરેક દુઃખ ની પાછળ જો હકારાત્મક દ્રષ્ટિ હશે તો ક્યાંક ને ક્યાંક કોઈ પ્રેરણા છુપાયેલી છે જ ! તેમ અહીં પણ એક આશા નો જન્મ થાય છે અને કોઈ પૂછે છે કે એ મારી જિંદગીમાં હોય તો ?

કવિ એ ખૂબ જ સુંદર રીતે નિર્દેશ આપ્યો છે

"આ કોઈ એટલે કોણ"

આ કોઈ એટલે તમારી અંદર જ જીવતી એક પ્રેરણાત્મક, સબળ, હકારાત્મક, વિચારધારા ! અને આ સબળ પ્રેરણાત્મક વિચારધારાને આવતા આવતા કેમ વર્ષો થયા ?

અને અહીં જ મારી ગંભીર ભૂલ મારી સામે આવે છે ગમે તેટલા દુઃખના ડુંગર , અલગ-અલગ અવસ્થામાં અલગ-અલગ સ્વરૂપે મારી સામે હોય પણ મારી જોડે તો મારી પ્રેરણા તો જીવે જ છે!

આ બંને શેર જોડે ખોલવાનું કારણ એ જ છે કે બંને શેર એકબીજા પર અવલંબિત છે



પ્રથમ શેરમાં જે નકારાત્મક વિચારધારા છે એને ઉદ્દેશીને તેના પછી નો શેર લખાયેલો છે કે મારામાં જ જો હકારાત્મક વિચારધારા હોય !

અનેક પ્રેરણાત્મક વિચારો મારી પાસે જ હોય તો એ વિચારતા વર્ષો કેમ થયા મને એ મારે જરૂરથી વિચારવું પડશે,અને તેથી જ આ ગીત અવશ્ય યાદ રાખવું પડશે.

रुक जाना नहीं
तू कहीं हार के
काँटों पे चलके मिलेंगे
साये बहार के
ओ राही, ओ राही
~ मजरुह सु.पुरी

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# અજબ લૂંટની ગજબ ઘટના : અત્તર છાંટીને છૂમંતર

## 2 મદારી બંધુઓએ એવી 'બીન' વગાડી કે સોનાની વિટી-રોકડ ગાયબ

ગુજરાત | વંદન

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં સરનામું પૂછવાના બહાને દિલ્હીના યુવકને બેભાન કરીને લૂંટી લીધો હતો. યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે બે ઠગ લૂંટારાની કરી ધરપકડ કરી છે. આરોપી ગોવિંદ મદારી અને પ્રકાશ મદારી છે બંને સગા ભાઈઓ છે અને લૂંટ, ચોરી કરવાના નિષ્ણાંત છે.

ઘટના એવી છે કે નારણપુરા વિસ્તારમાં આવેલી એક હોટલમાં દિલ્હીની ઓબિટી ટેક્સટાઈલ કંપનીનો માર્કેટિંગ મેનેજર મુકેશ કુકરેતી એક મહિના પહેલા કામ માટે અમદાવાદ આવ્યો હતો અને હોટેલમાં રોકાયો હતો. અમદાવાદનું કામ પૂર્ણ કરી મુકેશ બીજે દિવસે વડોદરા જવા નીકળ્યા હતા. પોતાની હોટલથી મેટ્રો સ્ટેશન તરફ ચાલીને જઈ રહ્યો હતો તે દરમિયાન નારણપુરા ઈન્કમટેક્સ અંડરબ્રિજ પાસે એક કાર ચાલકે મુકેશ પાસે સરનામું પૂછવાના બહાને પોતાની કાર ઊભી રાખી અને કાર ચાલકની બાજુમાં બેઠેલા વ્યક્તિએ મુકેશનો હાથ પકડી કહ્યું કે, તમારા હાથમાં સરસ સુગંધ આવે છે. તેમ કહેતા મુકેશએ પોતાનો હાથ સુંઘતા બેભાન થઈ ગયા હતા અને કાર ચાલકે મુકેશની સોનાની વિટી અને રોકડા રૂપિયા 18 હજાર લઈને નાસી છૂટ્યા હતા. મુકેશએ દિલ્લી પહોંચી ઓનલાઈન અરજી કરી હતી અને એક મહિના બાદ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ બાદ ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપી ગોવિંદ મદારી અને તેનો ભાઈ પ્રકાશ મદારીની પૂછપરછમાં સામે આવ્યું કે બંને ભાઈઓ કોઈ પણ




વ્યક્તિ પાસેથી લૂટ કરવાના ઈરાદે નીકળ્યા હતા. ગોવિંદ મદારીએ શરીર ઉપર ભભૂત લગાડી હતી. સાધુ બાવા જેવો વેશ ધારણ કર્યો હતો અને હાથમાં અત્તર જેવી સુગંધિત પ્રવાહી છાંટ્યું હતું કે જેનાથી સામેની વ્યક્તિ થોડી વાર માટે બેભાન થઈ જાય. હાલતો પોલીસે મુકેશની ફરિયાદને આધારે બંને ભાઈઓની ધરપકડ કરી છે તેમજ વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં સામે આવ્યું હતું કે, બંને ભાઈઓએ અગાઉ પણ બોડકદેવ વિસ્તારમાં છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ ચૂકી છે.

### 42 કાયદામાં 183 જોગવાઈઓમાં જેલસજા રદ કરતો આ સુધારા ખરડો પસાર કરાયો

# વેપારીઓને રાહત: હવે નાના-નાના ગુનાહમાં જેલની સજા નહીં માત્ર પેનલ્ટી

ગુજરાત | વંદન

'ઈઝ ઓફ બિઝનેશ' અંતર્ગત વેપારધંધાને સરળ બનાવવા કેન્દ્ર સરકારે જનવિશ્વાસ વિધેયકને બહાલી આપી હતી જેમાં અંતર્ગત હવે નાના ગુનામાં જેલ સજાની જોગવાઈ નાબૂદ કરવામાં આવી છે. જુદા-જુદા 42 કાયદામાં 183 જોગવાઈઓમાં જેલસજા રદ કરતો આ સુધારા ખરડો પસાર કરવામાં આવ્યો હતો.

લોકસભામાં સરકારે જનવિશ્વાસ વિધેયક રજુ કર્યુ હતું. આ વખતે વિપક્ષી સભ્યો મણીપુર મુદ્દે વિરોધ કરીને નારેબાજી કરી રહ્યા હતા. ધારાસભ્યો વાતાવરણમાં ટુંકી-સંક્ષિપ્ત ચર્ચા વચ્ચે જ આ વિધેયક પસાર કરી દેવાયુ હતું. ધમાલને કારણે ચર્ચા



સાંભળવી પણ શકય ન હતી.

લોકસભાની કાર્યવાહી થોડી મીનીટો જ ચાલી હતી અને તે દરમ્યાન વિપક્ષી સભ્યો પુર્વોતર રાજયની હિંસા વિશે વડાપ્રધાનના નિવેદનની માંગ સાથે ધાંધલધમાલ સર્જાતા રહ્યા હતા. આ ગાળામાં જ વિધેયક પસાર કરાવી દેવાયુ હતું.

આ વિધેયક રજુ કરતા કેન્દ્રના વ્યાપાર તથા ઉદ્યોગ વિભાગના પ્રધાન પિયુષ ગોયલે કહ્યું કે, સંખ્યાબંધ જોગવાઈઓને અપરાધની શ્રેણીમાંથી બહાર કરી દેવામાં આવી હોવાથી વેપારધંધા સરળ બની શકશે. અનેક જોગવાઈઓમાં માત્ર પેનલ્ટી રાખવામાં આવી છે એટલે અદાલતી પ્રક્રિયા કે સજામાંથી મુક્તિ મળશે. અનેક ગુનામાં જેલ સજાની જોગવાઈ પણ નાબૂદ કરવામાં આવી છે. પોસ્ટ ઓફિસ કાયદા 1898 હેઠળના તમામ ગુના નાબુદ કરાયા છે.

લોકસભામાં પસાર કરાયેલા જનવિશ્વાસ વિધેયકમાં 76 કાયદા હળવા કરી દેવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં મોદી સરકારે 1486 કાયદા હળવા કે નાબૂદ કર્યા છે. નવા વિધેયકમાં 76 કાયદા રદ કરવાની દરખાસ્ત છે. આ બીલ સંસદમાં પસાર થયા બાદ સંખ્યા 1562 થશે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ) — આ સપ્તાહે શ્રેષ્ઠ ગ્રહોની સ્થિતિ રહે. સમયનો યોગ્ય ઉપયોગ થશે અને પોતાના વ્યક્તિત્વને સુધારવાના પ્રયત્નો થશે. નજીકના સંબંધીઓ સાથે પરસ્પર વિચારોની આપ-લેથી પણ ઘણી સમસ્યાઓ હલ થશે. પોતાને વ્યસ્ત રાખો અને બિનજરૂરી પ્રવૃત્તિઓ પર ધ્યાન ન આપો.

**વૃષભ** (બ.વ.ઉ) — લાભદાયક સમય છે. તમારા કાર્યોને આયોજિત રીતે ગોઠવવાથી તમને સફળતા મળશે. કોઈ મુશ્કેલ કાર્ય પણ આજે ઉકેલી શકાય છે. કોઈને પણ વચન આપતી વખતે તમારી ક્ષમતાનું ધ્યાન રાખો. લાગણીશીલતા અને ઉદારતા તમારી સૌથી મોટી નબળાઈઓ છે, તેને દૂર કરો.

**મિથુન** (ક.છ.ઘ) — ઘરમાં કોઈ શુભ કાર્ય સંબંધિત યોજનાઓ બનશે. ઘરનું વાતાવરણ શિસ્તબદ્ધ રાખવું ખૂબ જ જરૂરી છે. બાળકોને સુવિધાઓ આપો પરંતુ સાથે સાથે તેમની પ્રવૃત્તિઓ પર પણ યોગ્ય નજર રાખો. વ્યવસાયિક બાબતોમાં આ સમયે તમામ નિર્ણયો જાતે લેવા યોગ્ય રહેશે.

**કર્ક** (ડ.હ) — આ સંપર્કો દ્વારા લાભદાયક જનસંપર્ક સ્થાપિત થશે, કોઈપણ અટકેલા કામ પણ પૂર્ણ થઈ શકશે. તેથી આ સમય ફક્ત તમારા લક્ષ્ય પર કેન્દ્રિત રહેવાનો છે. જો તમે નવું વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તમે તેના પર તરત જ કામ કરી શકો છો.

**સિંહ** (મ.ટ) — આ અઠવાડિયે મોટા ભાગના કામો પણ નિયત સમયમાં પૂર્ણ કરવામાં આવશે. જો પ્રોપર્ટીની ખરીદી-વેચાણ સંબંધિત કોઈ કાર્ય ચાલી રહ્યું છે, તો આજે તમે તેનાથી સંબંધિત કાર્ય બની શકો છો. ખર્ચના મામલામાં વધુ ઉદારતા રાખવાથી તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

**કન્યા** (પ.ઠ.ણ) — લાંબા સમયથી ચાલી રહેલી કોઈપણ ચિંતા અને ટેન્શનમાંથી રાહત મળશે. તમારી સમસ્યાઓના નિરાકરણમાં નજીકના સંબંધીઓનો યોગ્ય સહયોગ પણ મળશે. કેટલાક વિરોધીઓ સક્રિય બનીને તમારા કામમાં વિક્ષેપ પાડી શકે છે, આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં થોડો સમય વિતાવવાથી મનને શાંતિ મળે.

**તુલા** (ર.ત) — પરસ્પર મતભેદ દૂર થશે અને સંબંધોમાં મધુરતા આવશે. પરિવાર સાથે સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો તમારી હાજરીમાં લેવામાં આવશે. કોઈના પર વિશ્વાસ કરતા પહેલા તેના તમામ પાસાઓ વિશે વિચારી લો, નહીંતર તમારી સાથે છેતરપિંડી થવાની સંભાવના છે.

**વૃશ્ચિક** (ન.ય) — આ સપ્તાહે તમે તમારી અંગત પ્રવૃત્તિઓ અને વ્યક્તિત્વને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશો. આ સમયે કેટલાક પારિવારિક અથવા કેટલાક સંબંધી મામલાઓમાં ગૂંચવણ આવી શકે છે. ખર્ચ પર નિયંત્રણ રાખો, નહીં તો તમારે લોન લેવી પડી શકે છે, ધંધાકીય કાર્યમાં કેટલાક પડકારો રહેશે.

**ધન** (ભ.ધ.ફ) — જો ઘરની જાળવણી અથવા સુધારણા સંબંધિત કોઈ આયોજન ચાલી રહ્યું છે, તો તેને કાર્ય કરવા માટે આ સપ્તાહનો સમય શુભ છે. આળસ છોડીને, સંપૂર્ણ ઉર્જા અને આત્મવિશ્વાસ સાથે તમારા કાર્યમાં સમર્પિત રહો. ક્યારેક વધારે કામના કારણે ગુસ્સો અને ચીડિયાપણું હાવી થઈ શકે છે.

**મકર** (ખ.જ) — લાંબા સમયથી પેન્ડિંગ કોઈ પણ મામલો ઉકેલાઈ જશે, જેના કારણે મન પ્રફુલ્લિત રહેશે. પરિવારમાં સુખ અને શાંતિ તમારી પ્રાથમિકતા રહેશે. શોપિંગ વગેરે કરતી વખતે તમે ઉત્સાહિત થશો. સામાજિક પ્રવૃત્તિઓમાં નકારાત્મક વલણ ધરાવતા લોકોથી અંતર રાખવું જોઈએ.

**કુંભ** (ગ.સ.શ.ષ) — તમારી સકારાત્મક અને સંતુલિત વિચારસરણી તમને યોજનાબદ્ધ રીતે કાર્ય પૂર્ણ કરવામાં મદદ કરશે. સામાજિક અને રાજકીય સંપર્કો પણ બનશે, લોન સંબંધિત કોઈ પણ લેવડ-દેવડ કરતા પહેલા તેને પરત કરવાની ખાતરી કરો અને પેપરવર્ક પણ કરો, નહીંતર તમે છેતરપિંડીમાં ફસાઈ શકો છો.

**મીન** (દ.ચ.ઝ) — પરિવાર સાથે હાસ્ય અને મનોરંજન સંબંધિત પ્રવૃત્તિઓમાં સમય પસાર કરીને દરેક વ્યક્તિ હળવાશ અને ઉર્જાથી ભરપૂર અનુભવ કરશે. ઓફિસના કેટલાક કામ ઘરે જ કરવા પડી શકે છે, પરંતુ તણાવ ન લો અને સપ્તાહની શરૂઆતમાં જ સમગ્ર રૂટીનની રૂપરેખા બનાવો. વ્યવસાયિક પ્રવૃત્તિઓ સામાન્ય રહેશે. પરંતુ કોઈપણ પ્રકારનું જોખમ લેવાનું ટાળો. કોઈ મોટી મુશ્કેલી ઉભી થઈ શકે છે.

### 1600 કરતાં વધુ પેજની ચાર્જશીટ, 15 પુરાવા, 25 પંચનામા-કેસ ફીટ

# એસજી હાઈવે ઘટના : નબીરા તથ્ય પટેલનું હવે જેલની સજાથી બચવુ અશક્ય...!

ગુજરાત | વંદન

અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માતમાં નિર્દોષ લોકોના હત્યારા તથ્ય પટેલ માટે સજાથી બચવું હવે અશક્ય બની ગયું છે. ઈસ્કોન બ્રિજ અકસ્માતને પગલે રાજ્ય આખું હચમચી ગયું છે. પોલીસ વિભાગે પણ આ કેસની ગંભીરતાને ધ્યાનમાં લઈને 1 સપ્તાહમાં ચાર્જશીટ રજૂ કરી દીધી છે. 1684 પાનાની ચાર્જશીટમાં 191 લોકોના નિવેદન લેવાયા છે અને કેસમાં કુલ 25 પંચનામાં કોર્ટમાં રજૂ કરાયા છે. વધુમાં ચાર્જશીટમાં 15 દસ્તાવેજી પુરાવા



અને રિપોર્ટનો પણ ઉલ્લેખ કરાયો છે.IPC કલમ 164 મુજબ 8 લોકોના નિવેદન નોંધી CRPC કલમ 173(8) મુજબ તપાસ ચાલી રહી છે. આરોપીને કડક સજા થાય તે માટે એક સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી. જે છેલ્લા 9 દિવસથી તપાસ ચાલાવી હતી. બાદમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે. તપાસ અધિકારીઓ કહ્યું કે કારની ઓવરસ્પીડ હોવાનું EDR સિસ્ટમમાં પણ સામે આવ્યુ છે. તેમજ કાર અકસ્માતનો લાઈવ વીડિયો પણ લેવામાં આવ્યો હતો. અધિકારીઓ વધુમાં કહ્યું કે જે હોસ્પિટલમાં તથ્ય દાખલ હતો ત્યાં પણ પોલીસકર્મી મૂકાયા હતા. અકસ્માતના 3 કલાકમાં પોલીસે બ્લડ સેમ્પલ લીધા હતા. 48 દિવસ બાદ ગાડીનું રજિસ્ટ્રેશન કર્યું છે તે બાબતે પણ કાર્યવાહીની ખાતરી આપી હતી. તેમજ પ્રજ્ઞેશ પટેલે પોલીસને જાણકારી આપી ન હતી.

# ટ્રાફિકની ગીચતા નિવારવા શહેરમાં 25 જંકશનને એક સરખા વિકસાવાશે



## દરેક જંકશન ઉપર પીળા કલરથી બોક્સ માર્કીંગ અને યુનિફોર્મ સાઈનેજ લગાવાશે

ગુજરાત | વંદન

અમદાવાદના પાંજરાપોળ ચાર રસ્તા ઉપર પીળા કલરથી બોક્સ માર્કીંગ કરવામાં આવ્યા બાદ શહેરના વિવિધ ઝોનમાં આવેલા ૨૫ ટ્રાફિક જંક્શનને યુનિફોર્મ પધ્ધતિથી ડેવલપ કરવા મ્યુનિ.તંત્રે નિર્ણય કર્યો છે.દરેક જંક્શન ઉપર પીળા કલરથી બોક્સ માર્કીંગ કરવાની સાથે એકસરખા સાઈનેજ લગાવવામાં આવશે.

વધતી જતી ટ્રાફિકની સમસ્યાને અને રોડ અકસ્માતને નિયંત્રિત કરવા મ્યુનિ.તંત્ર દ્વારા થોડા દિવસ અગાઉ પાંજરાપોળ ચાર રસ્તા ખાતે પીળા કલરથી બોક્સ માર્કીંગ કરવામાં આવ્યુ હતુ.આ બોક્સ માર્કીંગવાળા વિસ્તારમાં વાહનચાલક વાહન ઊભુ રાખી શકશે નહીં કે તેને થોડા સમય માટે પાર્ક પણ કરી શકશે નહીં.શહેરીજનોમાં ટ્રાફિક અવેરનેસ વધારવા એકસરખા સાઈનેજ મુકવાથી લઈ વિવિધ પ્રકારે ૨૫ જેટલા ટ્રાફિક જંક્શન ડેવલપ કરવા નિર્ણય કરાયો છે.

**કયા ટ્રાફિક જંકશન ડેવલપ કરાશે**


1.આર.ટી.ઓ.જંકશન,2.ઉસ્માનપુરા જંકશન,3.નહેરુનગર સર્કલ,4.પાલડી ચાર રસ્તા,5.નવરંગ સર્કલ,6.ધરણીધર સર્કલ,7.ઘેવર સર્કલ,8.રક્ષા શકિત સર્કલ જંકશન,9.નમસ્તે સર્કલ,10.એરપોર્ટ સર્કલ જંકશન,11.ગોલ્ડન કતારની સામેનુ જંકશન,12.મેમ્કો જંકશન,13.રામેશ્વર જંકશન,14.શાહેઆલમ જંકશન,15.દાણીલીમડા જંકશન,16.આવકાર હોલ,17.હીરાભાઈ ટાવર જંકશન,18.સંદેશ પ્રેસ ચાર રસ્તા,19.એનએફડી જંકશન,20.પ્રહલાદનગર જંકશન,21.મકરબા ચાર રસ્તા જંકશન.22.મેરી ગોલ્ડ ત્રણ રસ્તા.23.અનુપમ સર્કલ.24.નિકોલ ખોડીયાર મંદિર,25.વિરાટનગર જંકશન

# અમદાવાદમાં મ્યુનિસિપલ શાળાનાં બાળકોમાં કન્જક્ટિવાઈટિસના કેસ વધ્યા

ગુજરાત | વંદન

તાજેતરના ભેજવાળા વાતાવરણના કારણે શહેરમાં ઠેર ઠેર કન્જક્ટિવાઈટિસના કેસ જોવા મળી રહ્યા છે. અમદાવાદમાં નાનાથી લઈને મોટા સુધીના લોકો આ રોગનો ભોગ બની રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં જ છેલ્લા ૨૪ કલાકમાં કન્જક્ટિવાઈટિસના ૨૬૩ કેસ નોંધાયા છે.

ખાનગી શાળાઓમાં તો આ કેસના મામલે વિદ્યાર્થીને તરત જ ઘેર મોકલી દેવાય છે અને હવે મ્યુનિસિપલ શાળાઓમાં પણ આ રોગે ફેલાવો કર્યો હોઈ તંત્ર પણ સાવધ બન્યું છે. અમદાવાદમાં સતત ભેજયુક્ત વાતાવરણના કારણે આંખના રોગ કન્જક્ટિવાઈટિસના કેસમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.



સરકારી દવાખાના અને ખાનગી દવાખાનામાં લોકો આંખોની તકલીફની ફરિયાદો લઈને આવી રહ્યા છે. વિવિધ હોસ્પિટલની ઓપીડીમાં દર દસમાંથી સાતથી આઠ કેસ કન્જક્ટિવાઈટિસ એટલે કે 'અખિયાં મિલાકે'ના આવી રહ્યા છે.

દરમિયાન, અમદાવાદ મ્યુનિ. શિક્ષક મંડળે મ્યુનિ. શાળાઓમાં અખિયાં મિલાકેનો ચેપ ફેલાયો હોઈ આ ચેપનો ભોગ બનેલાં બાળકોને શાળામાં બે દિવસ રજા આપવાની માગણી કરી છે. આ ઉપરાંત કન્જક્ટિવાઈટિસનો ભોગ બનેલા શિક્ષકોને પણ ઓન ડ્યૂટી ગણી બે દિવસની રજા આપવા બાબતે માગણી કરાઈ છે.

પ્રમુખ મનોજ પટેલે આ અંગે મ્યુનિ. સ્કુલ બોર્ડના શાસનાધિકારી ડો.એલ.ડી. દેસાઈને પત્ર લખ્યો છે. આ દરમિયાન આ અંગે મ્યુનિ. સ્કુલ બોર્ડના શાસનાધિકારી ડો.એલ.ડી. દેસાઈને પૂછતાં તેઓ કહે છે, 'અખિયાં મિલાકે'ના રોગગ્રસ્ત બાળકોને તત્કાળ ઘરે મોકલી દેવાની સૂચના શિક્ષકોને અપાઈ છે.

# 70 પોલીસ અધિકારીઓની બદલી, નવા પોલીસ કમિશનર બન્યા G.S મલિક

ગુજરાત | વંદન

ગુજરાતમાં ફરી એકવાર બદલીઓનું ભૂત ધ્રૂણ્યું છે. જેમાં 65 સિનિયર IPS સહિત 70 પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. આજે CM ભૂપેન્દ્ર પટેલે IPS અધિકારીઓની બદલીના ઓર્ડર પર મોહર લગાવી હતી. અમદાવાદમાં અત્યાર સુધી ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર પ્રેમવીરસિંહ પોલીસ કમિશનર તરીકે ફરજ પર હતાં. પરંતુ હવે ADGP જ્ઞાનેન્દ્રસિંહને અમદાવાદના નવા પોલીસ કમિશ્નર બનાવવામાં આવ્યાં છે. તે ઉપરાંત રેન્જ આઈજી



અભય ચુડાસમાને કરાઈ એકેડેમીની જવાબદારી સોંપવામાં આવી છે. તે ઉપરાંત વડોદરાના પોલીસ કમિશ્નર શમશેરસિંહને લૉ એન્ડ ઓર્ડરમાં નિમણૂંક અપાઈ છે. જ્યારે અનુપમસિંહ ગેહલોતને વડોદરાના નવા પોલીસ કમિશ્નર તરીકે મુકવામાં આવ્યાં છે.

# અમદાવાદમાં ટેક્સ બાકી હોય તેવી મિલકતની એએમસી દ્વારા હરાજી કરાશે

### ઓઢવ રિંગ રોડ પર હોટલ તક્ષશિલા હાઉસની 3 મિલકતનો 62.31 લાખનો ટેક્સ બાકી

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના ટેક્સ વિભાગ દ્વારા બાકી ટેક્સધારકો સામે કડક કાર્યવાહી છતાં ટેક્સ ભરવામાં આવતો નથી. ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગ દ્વારા જે-તે મિલકતધારકની મિલકતની હરાજી કરવામાં આવી રહી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં ઓઢવ રિંગ રોડ પર આવેલી 3 મિલકતનો પણ હરાજી કરવાનો નિર્ણય લેવાયો છે. હોટલ તક્ષશિલા હાઉસની 3 મિલકતની 22 ઓગસ્ટના રોજ હરાજી કરાશે. ત્રણેય મિલકતનો કુલ રૂ. 62.31 લાખ ટેક્સ બાકી છે અને તેની કુલ અપસેટ વેલ્યુ 34.50 કરોડ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગના જણાવ્યા મુજબ 10 અને 11 ઓગસ્ટ એમ બે દિવસ સવારે 11થી બપોરે 2 વાગ્યા સુધી મિલકતો જોઈ શકાશે. ત્રણેય મિલકતોની 17 ઓગસ્ટે સાંજે ચાર વાગ્યા સુધી બીડ જમા કરાવવાની રહેશે. સાંજે 5 વાગ્યે બીડ ખુલશે અને 22 ઓગસ્ટના રોજ સવારે 11.30થી 2 વાગ્યા સુધી જાહેર હરાજી થશે. હરાજી ફોર્મ અને ફાઈનાન્સિલ બીડ AMCની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. એક ઓગસ્ટ અને આઠ ઓગસ્ટ એમ બે દિવસ પશ્ચિમ ઝોનના સીજી રોડ અને એલિસબ્રિજ વિસ્તારની બે મિલકતની હરાજી પણ થવાની છે. જેની બીડ આજે 28 જુલાઈના રોજ સાંજે 5 વાગ્યે ખુલશે.

## શબ્દોની સંતાકૂકડી 72 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | ■ | 2 | ■ | 3 | 4 |
| | ■ | 5 | | 6 | ■ | |
| 7 | | | ■ | 8 | 9 | ■ |
| | ■ | 10 | | ■ | 11 | |
| ■ | 12 | | ■ | 13 | | ■ |
| 14 | ■ | 15 | 16 | | ■ | 17 |
| 18 | | ■ | | ■ | 19 | |

**ઊભી ચાવી**

(1) પત્નીના ભાઈની પત્ની [4]
(2) ડર, બીક [2]
(4) અરીસો, ચાટલું [2]
(5) વાનર જેવા ચેનચાળા [5]
(6) પથ, રાહ [2]
(9) તાજાપણું, સ્ફૂર્તિ [3]
(13) કિંતુ, પરંતુ [2]
(14) આશીર્વાદ, આશિષ [2]
(16) મહેનત, શ્રમ, દુખ, સંતાપ [2]
(17) વૈદિક વાક્ય, જાદુઈ ઈલમ [2]

**આડી ચાવી**

(1) પત્નીનો ભાઈ [2]
(3) રાવણની નગરી [2]
(5) ધાતુનો તાર, તારનું દોરડું [3]
(7) પગાર, દરમાયો [3]
(8) સ્તુતિ કરનાર [2]
(10) ઘોડો જોડેલ ચાર પૈડાનું પ્રાચીન લશ્કરી વાહન [2]
(11) ઋષિઓનો વધારેલા વાળનો સમૂહ [2]
(12) અત્યાર પછી, તરત જ [2]
(13) ચોકીદાર, ચોકિયાત [2]
(15) સ્ત્રીનું ભૂત, ભયંકર દેખાવવાળી સ્ત્રી [3]
(18) ભારતનું રાષ્ટ્રીય પ્રાણી [2]
(19) કાગળ, ખત [2]

**શબ્દોની સંતાકૂકડી-72 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-71નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 અ | 2 ગ | 3 વ | ડ | ■ | 4 મે | ળો |
| 5 ક | દા | ચ | ■ | 6 ભે | દ | ■ |
| ળ | ■ | 7 લું | 8 ગી | ■ | 9 ની | 10 ર |
| ■ | 11 હો | ■ | 12 ત | 13 સુ | ■ | મ |
| 14 વિ | ના | શ | ■ | 15 ખ | 16 મ | ણ |
| ■ | ર | ■ | 17 જા | દુ | ઈ | ■ |
| 18 કા | ત | ર | ■ | ખ | ■ | 19 પો |

## સુડોકુ કોયડો નં. 74 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 2 | | | 6 | | | |
| 1 | 6 | | 9 | | | | | 4 |
| | 4 | 9 | 8 | | 3 | 6 | 2 | |
| 4 | | | | | | 8 | | |
| | 8 | 3 | 2 | | 1 | 5 | 9 | |
| | | 1 | | | | | | 2 |
| | 9 | 7 | 3 | | 5 | 2 | 4 | |
| 2 | | | | | 9 | | 5 | 6 |
| | | | 1 | | | 9 | 7 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-73નો ઉકેલ**

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## અતિ ભારે વરસાદથી પાકને નુકસાન થવાની ભીતિ, ખેડૂતોમાં ચિંતા

# સૌરાષ્ટ્રમાં આ વર્ષે સૌથી વધુ મગફળીનું 12.53 લાખ હેક્ટરમાં વાવેતર થયું

ગુજરાત | વંદન

ગુજરાતમાં આ વર્ષે ચોમાસું નિયત સમય પર શરૂ થઈ જતા ખેડૂતોએ સમયસર વાવણી કરી દેતા ખરીફ વાવેતર પણ સારું થયું છે. દરમિયાન સૌરાષ્ટ્રમાં અનેક જગ્યાએ સામાન્ય કરતાં વધુ વરસાદ પડતા મગફળીના પાકમાં ધોવાણ થવાની ભીતિ ઊભી થઈ છે. આ ચોમાસા દરમિયાન સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, ગીર સોમનાથ, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં અતિભારે વરસાદ વરસ્યો છે અને આ બધા વિસ્તારોમાં મગફળીનું વાવેતર વધુ થાય છે. કૃષિ વિભાગના આંકડા પ્રમાણે ગુજરાતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ 12.53 લાખ હેક્ટર વાવેતર સૌરાષ્ટ્રમાં થયું છે.

ગુજરાત સ્ટેટ એડિબલ ઓઈલ્સ એન્ડ ઓઈલ સીડ્સ એસોસિયેશને રાજ્ય સરકારને પત્ર લખી વરસાદના કારણે મગફળીના પાકને વ્યાપક નુકસાન જવાની સંભાવના દર્શાવી છે. એસોસિયેશનના પ્રમુખ સમીર શાહે જણાવ્યું છે કે, ધોવાણ થયેલા વિસ્તારોમાં મગફળીનું ઉત્પાદન ઓછું થઈ શકે છે. દિવાળી બાદ શિયાળુ પાકનું વાવેતર પણ થઈ શકે છે. મગફળીનું વાવેતર ઘટશે તો તેની સીધી અસર નવી સિઝનમાં સિંગતેલના ભાવ પર પણ પડી શકે છે. આ સ્થિતિને નિવારવા સરકારે જ્યાં પણ વાવેતર નિષ્ફળ ગયું છે, ત્યાં મગફળીનું બિયારણ પહોંચાડવું જોઈએ તેવું અમારું સૂચન છે.

સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, ગીર સોમનાથ, જામનગર, રાજકોટ, પોરબંદર, દ્વારકા, ભાવનગર સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસ્યો છે. આ વિસ્તારમાં પરંપરાગત રીતે મગફળીનું વાવેતર સૌથી વધુ થાય છે. જુલાઈ મહિના દરમિયાન આ જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ બની છે. જેના કારણે મગફળીના પાકમાં ધોવાણ થવાની દહેશત ખેડૂતો સેવી રહ્યા છે. મહત્વનું છે કે, આ વખતે સૌરાષ્ટ્રમાં 12.53 લાખ હેક્ટરમાં મગફળીની વાવણી થઈ છે. તેમાંથી રાજકોટમાં 2.26 લાખ હેક્ટર, દ્વારકામાં 2 લાખ હેક્ટર, જૂનાગઢ 1.92 લાખ હેક્ટર અને અમરેલીમાં 1.50 લાખ હેક્ટરમાં વાવેતર થયું છે.



## દેશમાં વેબ સિરીઝમાં પીરસાતી અશ્લીલતા મુદ્દે જૈન મુનિનો રોષ

# 'વેબસીરિઝ કરતાં એક સમયના ડાકુઓ સારા હતા', અશ્લીલતા મુદ્દે જૈન મુનિ ભભૂકી ઊઠ્યા

ગુજરાત | વંદન

દેશમાં વેબ સિરીઝનો યુવાઓમાં ભારે ક્રેઝ જોવા મળી રહ્યો રહ્યોં છે. ત્યારે વેબ સિરીઝમાં પીરસાતી અશ્લીલતા મુદ્દે જૈન મુનિએ રોષ ઠાલવ્યો હતો. જૈન મુનિ રત્નસુંદરસૂરિ મહારાજે સુરતમાં એક કાર્યક્રમમાં પ્રવચન દરમિયાન આક્રોશભેર કહ્યું હતું કે વેબ સિરીઝ સરેઆમ સમાજમાં અશ્લીલતા પીરસી રહી છે. એટલું જ નહીં તેઓએ સાંપ્રત સ્થિતિ અંગે કહ્યું હતું કે વેબ સિરીઝ કરતા એક સમયના ડાકુઓ સારા હતા.



જૈન મુનિ રત્નસુંદરસૂરિ મહારાજે વધુમાં કહ્યું હતું કે ડાકુઓ ફક્ત સંપત્તિ જ લૂંટતા હતા. આ વેબ સિરીઝ તો પૈસા, સંસ્કાર, સંસ્કૃતિ અને પવિત્રતાને ખુલ્લેઆમ લૂંટી રહી છે. અભિવ્યક્તિની આઝાદીના નામે અશ્લીલ સામગ્રી પીરસવામાં આવે છે. તેઓએ કહ્યું કે નગ્નતા અને વ્યભિચારી કન્ટેન્ટ મુદ્દે દેશમાં કોઈ કાયદો નથી. દેશમાં નગ્નતા અને વ્યાભિચાર ફેલાવનારી વિકૃત ગેંગનો સફાયો ક્યારે થશે? અશ્લીલતા ફેલાવનારા કન્ટેન્ટ સામે કડક કાયદો હોવો જોઈએ. તેમ કહી તેઓએ કાયદાની પણ માંગ ઉઠાવી છે.

# અમરેલી અંધાપાકાંડમાં 9 માસ બાદ કડક કાર્યવાહી, શાંતાબા હોસ્પિટલને પાંચ કરોડનો દંડ ફટકાર્યો

ગુજરાત | વંદન

અમરેલીની શાંતાબા હોસ્પિટલમાં નવેમ્બર 2022માં હોસ્પિટલની બેદરકારીના કારણે આંખના ઓપરેશન બાદ 12 દર્દીઓને આંખે અંધાપો આવ્યો હતો.આ મુદ્દે આરોગ્ય અને તબીબી શિક્ષણ વિભાગના નિષ્ણાંતોની એક ઈન્કવાયરી કમિટી બનાવવામાં આવી હતી. આ કમિટીએ રાજ્ય સરકારને રિપોર્ટ સોંપ્યો હતો. રિપોર્ટમા સંસ્થા ખાતે માળખાકીય સુવિધાની ખામી, દવા વપરાશની અને અન્ય સાધન સામગ્રીની ખામી, તેમજ સર્જન અને સ્ટાફની ખામીઓ હોવાનો ખુલાસો કરવામાં આવ્યો હતો. આ સંસ્થા -આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ ઈન્ફેકશન કંટ્રોલ પોલિસી 2019 અંતર્ગત દર્દીઓની દ્રષ્ટી બચાવવા લેવાના થતા પગલા બાબતે નિષ્ફળ ગઈ હોવાનો પણ રિપોર્ટમાં ખુલાસો કરાયો હતો. શાંતાબા કોલેજમાં મોતીયાની સર્જરી માટે દાખલ દર્દી સાથે થયેલ બેદરકારી બદલ આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી કરી છે. રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા શાંતાબા મેડિકલ કોલેજ અને હોસ્પિટલને આ ગંભીર બેદરકારી અને ગેરરીતિ બદલ પાંચ કરોડનો દંડ ફડકારવામાં આવ્યો છે. કુલ 12 જેટલા દર્દીઓ શાંતાબા મેડિકલ કૉલેજની બેદરકારીનો ભોગ બન્યા હતા. આ દર્દીઓ પ્રત્યે માનવીય અભિગમ દાખવીને સંપૂર્ણપણે દ્રષ્ટિ ગુમાવનારને 10 લાખ જ્યારે અંશત : દ્રષ્ટિ ગુમાવનાર દર્દીને 5 લાખનું વળતર ચૂકવવાનો આરોગ્ય વિભાગ દ્વારા હોસ્પિટલને આદેશ કરવામાં આવ્યો છે. આ બેદરકારીનો ભોગ બનેલા અને સઘન સારવારના અંતે દ્રષ્ટિ પાછી મેળવી હોય તેવા દર્દીને 2 લાખ ચૂકવવાનો આદેશ કરાયો છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે, રાજ્યના એક પણ નાગિરકના આરોગ્ય સાથે ચેડા કરતી કે ગેરરિતી આચરતી હોસ્પિટલ સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ભાવનગર શહેરના પૂર્વ વિસ્તારમાં અશાંત ધારો લાગુ, 27 વર્ષથી ચાલતી લડાઈનો અંત આવ્યો

ગુજરાત | વંદન

ભાવનગર શહેરના પૂર્વ વિસ્તારમાં અશાંત ધારો લાગુ કરાતા 27 વર્ષથી ચાલતી લડાઈનો અંત આવ્યો છે. અશાંત ધારો લાગુ કરવા માટે હિન્દુ સંગઠનો વર્ષોથી પ્રયત્નો કરી રહ્યા હતા. ત્યારે હવે આજે સરકારે શહેરના પૂર્વ વિસ્તારમાં અશાંતધારો લાગુ કર્યો છે. ભગા તળાવ, રાણીકા, બોરડીગેઈટ, પ્રભુદાસ તળાવ, ગીતા ચોક, ડોન ચોક, ડેરી રોડ, મુનિ ડેરી, તિલકનગર, જૂની માણેકવાડી, નવી માણેકવાડી, આનંદ નગર, મેઘાણી સર્કલ, આંબાવાડી, ઘોઘા સર્કલ, રૂપાણી સર્કલ સહિતના વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે.

ભાવનગર શહેરમાં છેલ્લા કેટલાય સમયથી અશાંતધારાની માંગણીઓ હતી. આજે હિન્દુ યુવા સંગઠન દ્વારા અશાંત ધારા મામલે ધારાસભ્ય સેજલબેનના ઘરે રામધૂન રાખવાનો કાર્યક્રમ પણ રખાયો હતો. જોકે તે પહેલા જ હિન્દુ યુવા સંગઠનના કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી પરંતુ થોડી જ મિનિટો બાદ સરકાર દ્વારા ભાવનગરના પૂર્વ વિસ્તારમાં અશાંત ધારા લાગુ કરવાની જાહેરાત થઈ હતી.

### શું છે અશાંત ધારો?

જે વિસ્તારમાં અશાંત ધારો લાગુ કરવામાં આવે ત્યાંની મિલકત વેચાણ પર નિયંત્રણ આવી જાય છે. જ્યારે તમારે મકાન કે દુકાન વેચવી હોય તો કલેક્ટરને જાણ કરવી પડે છે. કલેકટરની જાણ બહાર મિલકત ટ્રાન્સફર થઈ હોય તો તેમાં કલેકટર પોતાની રીતે તપાસ કરી મિલકત ટ્રાન્સફર પર રોક મુકી, તેના અસલ માલિકને સત્તા અપાવી શકે છે.

મહત્ત્વપૂર્ણ છે કે અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ, ગોધરા, હિંમતનગર અને કપડવંજના ચોક્કસ વિસ્તારોમાં આ કાયદો અમલી છે. આણંદના બોરસદ અને પેટલાદમાં પણ અશાંત ધારો લાગુ છે.

# ખેડામાં ચા બનાવવાનું કહેતા પત્નીનો પારો છટક્યો, પાણી માંગતા એસિડ આપી દીધું

ગુજરાત | વંદન

ખેડાના નાયકા ગામે પતિ-પત્ની વચ્ચેનો ઝઘડો ચરમસીમાએ પહોંચી જતાં મામલો નાજુક મોડ પર આવી ગયો છે. જેમાં ચા બનાવવા બાબતે થયેલા ઝઘડા મામલે પત્નીએ ખાર રાખ્યો અને ચા ન આપી બાદમાં પાણી માંગતા એસીડ ભરેલી બોટલ આપી દેતાં પતિએ પાણી સમજી બે ઘુંટ મારતા પતિની હાલત બગડી હતી. હાલ પતિને અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. આ બનાવ મામલે પતિએ પોતાની પત્ની સામે ખેડા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ખેડા તાલુકાના નાયકા ગામે રહેતા 24 વર્ષિય પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈ ભાઈલાલભાઈ પરમાર પોતાની માતા, પત્ની અને બહેન સાથે રહે છે. પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈ નજીક આવેલ ઓએનજીસીમા સિક્યુરિટી તરીકે નોકરી કરે છે. તેમના લગ્ન એક વર્ષ અગાઉ થયા હતા. પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈ નાઈટશીપમા નોકરી કરતા હોય ગત 28મી જુલાઈએ સવારે તેઓ નોકરી પૂર્ણ કરી પોતાની સાથે દૂધની થેલી લઈને અરમાન સાથે ઘરે આવ્યા હતા.




થાકેલા પાકેલા પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈએ પોતાની પત્ની નયનાબેનને ચા બનાવવાનું કહેતા તેણીએ ચા બનાવી આપી ન હતી. આ બાબતે ઝઘડો થતાં પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈ ખાટલામાં સુતા હતા ત્યારે નયનાબેન ધસી આવી છાતી પર બેસી મારમારવા લાગ્યા હતા. બાદમાં મામલો શાંત પડતા પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈ સુઈ ગયા હતા. સાંજના 5 વાગ્યાની આસપાસ ઉઠતા પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈએ પોતાની પત્ની પાસે પીવાનું પાણી માંગતા આ નયનાબેને પાણીની બોટલ આપેલ હતી. જેમાં પાણી નહીં પણ એસીડ હતું.

પાણી સમજી પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈએ બે ઘૂંટ મારતા એસીડ હોવાની જાણ થતાં તેઓએ મો માંથી આ પ્રવાહી કાઢી દીધુ હતું. પણ આમ છતા શરીરમાં એસીડ જતુ રહેતા તેઓની સ્થિતિ કથળી હતી. આથી પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈને તુરંત બારેજાની ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. હાલ સંપૂર્ણ ભાનમાં હોવાથી પ્રફુલ્લભાઈ ઉર્ફે પપ્પુભાઈએ પોતાની પત્ની નયનાબેન સામે ખેડા ટાઉન પોલીસમાં ફરિયાદ નોધાવી છે.

## કવિતાના ઉંબરેથી....

### હવે સુકાની, ડરે શું કરવા? ભલે તૂફાનો હજાર આવે...

જનારી રાત્રિ જતાં કહેજે : સલૂણી એવી સવાર આવે;
કળી કળીમાં સુવાસ મહેકે, ફૂલો ફૂલોમાં બહાર આવે.
હૃદયમાં એવી રમે છે આશા, ફરીથી એવી બહાર આવે;
તમારી આંખે શરાબ છલકે, અમારી આંખે ખુમાર આવે.
વ્યથા શું હું વિદાય આપું? વિરામના શું કરું વિચારો?
કરાર એવો કરી ગયાં છે – ન મારા દિલને કરાર આવે.
કિનારેથી તું કરી કિનારો, વમળમાં આવી ફસ્યો છે પોતે,
હવે સુકાની, ડરે શું કરવા? ભલે તૂફાનો હજાર આવે.
ન ફૂટે ફણગા, ન છોડ થાયે, ન થાય કળીઓ, ન ફૂલ ખીલે;
ધરામાં એવી ધખે છે જ્વાળા, બળી મરે જો બહાર આવે.
વિચારવાળા વિચાર કરજો, વિચારવાની હું વાત કહું છું;
જીવનમાં એથી વિશેષ શું છે? વિચાર જાયે વિચાર આવે.
તમારી મ્હેફિલની એ જ રંગત, તમારી મ્હેફિલની એ જ હલચલ;
હજાર બેસે, હજાર ઊઠે, હજાર જાયે, હજાર આવે.
હૃદયમાં કોની એ ઝંખના છે, નયન પ્રતીક્ષા કરે છે કોની?
ઉભો છે 'શયદા' ઉંબરમાં આવી , ન જાય ઘરમાં – ન બ્હાર આવે.

– શયદા

અનુસંધાન પેજ 1 પરથી...

### દેશનો સૌથી...

રાજદ્વારી પાસપોર્ટ હતો અને તે આર્મી, નેવી અને એર ફોર્સ માટે ઘણા વ્યૂહાત્મક પ્રોજેક્ટનો ભાગ હતો. તે મિસાઈલ લોન્ચર્સ, લશ્કરી પુલ અને અન્ય યાંત્રિક પ્રણાલીઓ જેવા વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સમાં સંશોધનનો પણ ભાગ હતો. રસપ્રદ વાત એ છે કે કુરુલકરે હનીટ્રેપથી બચવા માટે તાલીમ લીધી હતી. તેમછતાં પાકિસ્તાનની જાળમાં સપડાઈને ભારતને ખૂબ મોટુ નુકશાન પહોંચાડવાનું કામ કર્યું છે.

તે નિયમોની વિરુદ્ધ હોવા છતાં, તેણે તેના એન્ડ્રોઇડ ફોનમાં DRDO પ્રોજેક્ટ્સની માહિતી સંગ્રહિત કરી હતી જેથી કરીને તે દાસગુપ્તા સાથે ચેટ કરતી વખતે તેનો ઉપયોગ કરી શકે...! .સંદિગ્ધ તૃતીય-પક્ષ એપ્લિકેશન્સ દ્વારા દેખીતી રીતે વિડિઓ કૉલ્સ પણ કરવામાં આવતા હતા.. તપાસકર્તાઓને શંકા છે કે કુરુલકર અને દાસગુપ્તા ગયા વર્ષે એપ્રિલથી સંપર્કમાં હતા. ઈમેલ અને ઈન્સ્ટાગ્રામ દ્વારા પ્રારંભિક એક્સચેન્જોએ કથિત રીતે દાસગુપ્તાને તેમનો વિશ્વાસ જીતવામાં મદદ કરી હતી. ATS ઈચ્છે છે કે કુરુલકર પોલીગ્રાફ, વોઈસ લેયર અને મનોવિશ્લેષણ પરીક્ષણોમાંથી પસાર થાય, પરંતુ તેણે તેના પર વાંધો ઉઠાવતા કહ્યું કે તે તેના અધિકારોનું ઉલ્લંઘન હશે. ચાર્જશીટ અનુસાર, કુરુલકરના સેલફોનના ફોરેન્સિક વિશ્લેષણમાં જાણવા મળ્યું કે તેના બે મહિલાઓ સાથે લગ્નેતર સંબંધો હતા. એક મહિલા ડીઆરડીઓને સંશોધનો માટે જોઈતા સાધનો પૂરા પાડનાર વિક્રેતા એટલે કે વેચાણકરનાર છે. કુરુલકરે કથિત રીતે દાસગુપ્તાને 'હેપ્પી મોર્નિંગ' નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા. તેણે એકવાર તેણીને કહ્યું કે એક ચિત્તો પુણે નજીક દીઘી ખાતેના R&DE(E) પરિસરમાં ઘૂસ્યો હતો, અને બે વરિષ્ઠ વૈજ્ઞાનિકો-"મિસ્ટર બન્સોડે" અને "મિસ્ટર ગાંગુલી"ના નામ અને સંપર્ક વિગતો સાથેનો ડ્યુટી ચાર્ટ શેર કર્યો હતો. 28 ઑક્ટોબર, 2022ના રોજ, દાસગુપ્તાએ કથિત રીતે કુરુલકરને કેટલીક મિસાઈલ સિસ્ટમની વધુ વિગતો માટે પૂછ્યું હતું, પરંતુ તેમણે કહ્યું હતું કે માહિતી WhatsApp પર શેર કરી શકાતી નથી, અને જ્યારે તેઓ રૂબરૂ મળશે ત્યારે તેઓ આ માહિતી આપશે. તે નિયમિતપણે દાસગુપ્તા સાથે તેની તમામ કામ સંબંધિત મુસાફરીની વિગતો પણ શેર કરતો હતો. ચાર્જશીટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કુરુલકરે માનવરહિત હવાઈ વાહન રુસ્તમ વિશેની ગોપનીય વિગતોની ચર્ચા કરી હતી, જેમ કે તેનું પરીક્ષણ પ્રદર્શન અને ઉપલબ્ધતા. તેણે કથિત રીતે તેણીને વેબસાઇટની કેટલીક લિંક્સ મોકલી અને તેના પ્રશ્નોના જવાબ આપ્યા. તેના પર વિકાસ હેઠળની સપાટીથી હવામાં મિસાઇલો અને ડ્રોનની પરીક્ષણ કામગીરી અને ક્ષમતાઓ જાહેર કરવાનો અને અમુક પ્રોજેક્ટ્સ પર ડીઆરડીઓ સાથે કામ કરતી ખાનગી કંપનીના સીઈઓ વિશે વિગતો શેર કરવાનો પણ આરોપ છે. તપાસકર્તાઓને કુરુલકરના સેલફોનમાં અન્ય એક શંકાસ્પદ પાકિસ્તાની ગુપ્તચર ઓપરેટિવ જુહી અરોરા તરીકે સેવ કરેલો વોટ્સએપ નંબર મળ્યો. દાસગુપ્તા અને અરોરા બંનેનું ઈસ્લામાબાદમાં એક જ આઈપી એડ્રેસ હતું. જૂહી અરોરા એ હની-ટ્રેપરનું નામ હતું જે બેંગલુરુમાં એરફોર્સના જુનિયર કમિશન્ડ ઓફિસર નિખિલ શેંડેના સંપર્કમાં હતું તે જાણ્યા પછી, તપાસકર્તાઓએ શેંડેને દાસગુપ્તાનો અવાજ સાંભળ્યો. દેખીતી રીતે, શેંડેએ તેને અરોરાના અવાજ તરીકે ઓળખ્યો, અને કુરુલકર અને શેંડેએ એક જ વ્યક્તિ સાથે વાતચીત કરી હતી તે તારણ કાઢવામાં મદદ કરી. "આરોપી (કુરુલકર)એ તેની સાથે ઘનિષ્ઠ સંબંધો વિકસાવવા માટે તેની સાથે ગોપનીય અને ટોચની ગુપ્ત માહિતી શેર કરી અને ચર્ચા કરી," ચાર્જશીટમાં આરોપ મૂકવામાં આવ્યો છે. "મહિલા સ્પષ્ટપણે તેનો ઉપયોગ ભારતીય મિસાઈલ સિસ્ટમ્સ અને અન્ય સંરક્ષણ સંબંધિત પ્રોજેક્ટ્સ વિશે વર્ગીકૃત માહિતી મેળવવા માટે કરી રહી હતી."

### મસૂરીમાં પણ...

બાદ સરકારને આ વાત કહી હતી. એક અહેવાલ અનુસાર આ વર્ષની શરૂઆતમાં મસૂરી માટે જોશીમઠમાં ભૂસ્ખલનના જોખમની ચેતવણી આપતા સમાચારના પગલે NGT દ્વારા મસૂરીની વહન ક્ષમતાનો અભ્યાસ કરવા માટે પેનલની રચના કરવામાં આવી હતી. પેનલે પોતાનો રિપોર્ટ NGTને સુપરત કર્યો છે, જેમાં અનેક પગલાં સૂચવવામાં આવ્યા છે.

### 21મી સદીમાં...

પીએમ મોદીએ કહ્યું કે, "અખિલ ભારતીય શિક્ષણ પરિષદની આ યાત્રામાં એક સંદેશ પણ છુપાયેલો છે, કાશીના રુદ્રાક્ષથી આ આધુનિક ભારત મંડપમ સુધી. આ સંદેશ પ્રાચીનતા અને આધુનિકતાના સંગમનો છે. એટલે કે એક તરફ, આપણી શિક્ષણ પ્રણાલી ભારતની પ્રાચીન પરંપરાને અનુકુળ રહી છે, તો બીજી તરફ આપણે આધુનિક વિજ્ઞાન અને હાઈટેક ટેક્નોલોજીના ક્ષેત્રમાં પણ એટલી જ ઝડપથી પ્રગતિ કરી રહ્યા છીએ.

### 'ટીમ ઇન્ડિયા'ના...

સાંસદોને બે જૂથોમાં વહેંચવામાં આવ્યા છે અને તેઓ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે પહાડી અને ખીણ બંને વિસ્તારોની અલગ-અલગ મુલાકાત લેશે. આ સાંસદો જે વિસ્તારોની મુલાકાત લેશે તેમાં ચુરાચંદપુર, ઈમ્ફાલ પૂર્વ અને પશ્ચિમમાં રાહત શિબિરો, મોઈરાંગ રાહત શિબિરનો સમાવેશ થાય છે. સાંસદો તેમની મુલાકાતનો અહેવાલ તૈયાર કરશે અને બાદમાં સંસદમાં તેના પર ચર્ચાની માંગ કરશે.

અનુસંધાન પેજ 12 પરથી...

### ઊંઝા માર્કેટયાર્ડ...

સરકારમાં રજૂઆત કરી રાજકીય રમતો રમાઈ રહી છે, જેને લઈ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા આગામી ૨૭ જુલાઈના રોજ જવાબ લેવાના છે. અમારા વેપારીઓનો વિરોધ એ છે કે વેપારીઓના નામે થયેલી મિલકતમાં સરકાર કેમ દખલગીરી કરી રહી છે. જેના વિરોધમાં બધા વેપારીઓ એક થઈ અચોકકસ મુદત હડતાળ સુધી માર્કેટયાર્ડ બંધ રાખવા નિર્ણય કર્યો છે.

### UG-PG મેડિકલમાંથી...

વધુ ૧૮, ગુજરાત ઉપરાંત કર્ણાટકમાંથી ૧૭-૧૭, ઉત્તર પ્રદેશ પશ્ચિમ બંગાળમાંથી ૧૫-૧૫ વિદ્યાર્થીઓએ અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધો છે. ગુજરાતમાં પાંચ વર્ષમાં પીજી મેડિકલમાં ૧૧ કોલેજમાંથી ૧૦૩ વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ લઈ ચૂક્યા છે. પીજી મેડિકલમાં ડ્રોપ આઉટમાં દિલ્હી ૧૫૫ સાથે મોખરે, ઉત્તર પ્રદેશ ૧૧૭ સાથે બીજા અને ઉત્તરાખંડ ૧૦૩ સાથે ત્રીજા સ્થાને છે.

### શું કોર્પોરેશનને...

મા દશામાનું વિસર્જન કરવામાં આવ્યું ત્યારે કોર્પોરેશન દ્વારા નદીના પાણીને પ્રદૂષણથી બચાવા કોઈ કુંડ બનાવવામાં આવ્યા નહોતા. તે વખતે પણ એવી લાગણી ઉદ્દભવી હતી કે જો, ગણપતિ વિસર્જન વખતે નદી કિનારે વિવિધ સ્થળોએ પ્લાસ્ટિકના આવરણ સાથેના કુંડ બનાવવામાં આવે છે. તો મા દશામાની મૂર્તિના વિસર્જન માટે આવા કુંડ કેમ બનાવવામાં આવતા નથી? ગયા વર્ષનું જાણે કે, પુનરાવર્તન થયું તેમ આ વખતે પણ વિસર્જન બાદ મા દશામાની મૂર્તિઓ તસ્વીરમાં દેખાય છે તેમ બિસ્માર હાલતમાં ખુલ્લામાં તરછોડાયેલી જણાઈ છે. જેનાથી મા દશામાના લાખો ભક્તોની લાગણી દુભાય તે સ્વભાવિક છે. મા દશામાના લાખો ભક્તોની લાગણી છે કે શું કોર્પોરેશનને કોઈ રાગ-દ્વેષ- ભેદભાવ અને પૂર્વગ્રહ છે? શું કોર્પોરેશનને માત્ર ગણપતિ દાદા જ ગમે છે? જો આ વખતે મા દશામાની મૂર્તિના વિસર્જન માટે નદી-કિનારે કુંડ બનાવવામાં આવ્યા હોત તો મા દશામાની મૂર્તિઓ તસ્વીરમાં દેખાય છે તેમ દયનીય હાલતમાં ન હોત...

અનુસંધાન પેજ 10 પરથી...

### જર્મનીમાં ફરી...

'શું અનધિકૃત વિસ્થાપિત લોકોને સ્વદેશ પરત લાવવાની માંગ ઉગ્રવાદી છે?', 'શું આ નાગરિકતાની માંગ છે, શું આ નાગરિકતા માટેની શરતો છે?' આના બળ પર પહેલીવાર કોઈ રાજ્યમાં સત્તા સંભાળ્યા બાદ હવે AFDનો આત્મવિશ્વાસ મજબૂત ગયો છે અને આ પાર્ટીના નેતાઓનું માનવું છે કે તેઓ ટૂંક સમયમાં કેન્દ્રીય સત્તા સંઘર્ષમાં મહત્વની ભૂમિકા ભજવશે...!

જર્મનીના પૂર્વી રાજ્યોમાં (જ્યાં AFDનો વધુ પ્રભાવ છે)ની યુનિવર્સિટી ઓફ લીપઝિગના નિષ્ણાતો દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા સર્વેના તારણો થોડા ચોંકાવનારા છે. AFDના 50 ટકાથી વધુ સમર્થકો વિસ્થાપિત લોકોને જર્મન નાગરિકત્વ આપવાનો સખત વિરોધ કરે છે.

તેમનુ માનવુ છે કે અન્ય દેશોમાંથી આવેલાઓને શા માટે આપણે પાળવુ જોઈએ..તેઓ આપણાં ઉપર ભાર છે. યાદ રહે કે હિટલરે પણ યહુદીઓ માટે આવી જ વિચારશરણી રજૂ કરીને તેમની વિરૂધ્ધ ઉશ્કેરણી ફેલાવી હતી. અન્ય જમણેરી પક્ષોના સમર્થકોમાં આ આંકડો 20 ટકા છે. AFD સમર્થકો અન્ય પક્ષો કરતાં સરમુખત્યારશાહીની તરફેણ કરે તેવી શક્યતા ચાર ગણી વધારે છે અને નાઝી અત્યાચારો અતિશયોક્તિ હતી તેવું માનવાની શક્યતા દસ ગણી વધારે છે.

જો કે સામાન્ય મતદારોએ આ પાર્ટીના જોખમને ઓળખી લીધું છે. તાજેતરના રાષ્ટ્રવ્યાપી સર્વેક્ષણમાં, 65 ટકા નાગરિકો એએફડી પક્ષને લોકશાહી માટે ખતરો માને છે. તેમ છતાં, યુરોપમાં રાષ્ટ્રવાદી અધિકારનું વધતું વર્ચસ્વ એએફડીની સફળતા દ્વારા ફરી એકવાર રેખાંકિત થયું છે...!

હંગેરી પર ઘણા વર્ષોથી વિક્ટર ઓર્બનનું શાસન છે. ઈટાલીમાં ફાસીવાદી પક્ષ સાથે સંબંધ ધરાવતા 'બ્રધર્સ ઓફ ઈટાલી' પાર્ટીના નેતા જ્યોર્જિયા મેલોની વડાપ્રધાન છે. ઓસ્ટ્રિયા, સ્વીડનમાં અત્યંત જમણેરી સત્તાની નજીક આવી ગઈ છે. ફ્રાન્સમાં મરીન લે પેન જેવા દૂર-જમણેરી નેતાઓ લોકપ્રિય છે.

હવે જર્મની પણ એ જ રસ્તે જઈ રહ્યું છે અને તે ફરીથી નાઝી વિચારધારામાં ડૂબી જશે તેવી આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. હિટલર પણ આ જ રીતે નાના પક્ષ દ્વારા બર્લિનની સત્તા સુધી પહોંચીને દુનિયાને બીજા વિશ્વ યુધ્ધમાં ધકેલીને લાખો નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારવાનું મહાપાપ કરીને માનવજાત પર કલંક લગાવ્યું હતું.

## પાટીદાર સમાજની આવકારદાયક પહેલ

# પાટીદાર સમાજ દ્વારા વિશ્વની સૌથી મોટી સામુહિક તીર્થયાત્રાનું આયોજન




ગુજરાત | વંદન

પાટીદાર સમાજની પહેલ હંમેશા અદભુત અને આવકારદાયક હોય છે. જેમાં હવે વડીલો માટે સમાજની અનોખી પહેલ શરૂ કરાઈ છે. જેમા લેઉવા પટેલ સમાજનાં વડીલો માટે પાટીદાર યુવા સંગઠન દ્વારા તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાતના કુલ ૫૩ ગામોમાં વસતા વડીલોને તીર્થયાત્રા કરાવાશે. દાવો કરવામાં આવી રહ્યો છે. કે આ યાત્રા એશિયાની સૌથી મોટી યાત્રા બની શકે છે.

સમાજના મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ગામોના વડીલોને તીર્થયાત્રા કરાવવા માટે વિશ્વની સૌથી મોટી સામુહિક તીર્થયાત્રાનુ આયોજન કરાયું છે. જે 28 જુલાઈથી 30 જુલાઈ 2023 દરમિયાન યાત્રા યોજાશે. જે યાત્રાનું ટોડા બહુચર શંખલપુરથી શરૂઆત કરવામાં આવશે. બહુચરાજી -શંખલપુર ખાતે મહાઆરતી બાદ રાત્રે 11 વાગ્યે યાત્રા દ્વારકા જવા સંઘ રવાના થશે. બાદમાં 29 જુલાઈએ દ્વારકા મંદિર પર સાંજે 4 વાગે ધજા પણ ચડાવવામાં આવશે. ત્યારબાદ 30 જુલાઈએ સવારે 5 વાગ્યે યાત્રા દ્વારકાથી સોમનાથ દર્શન માટે જશે.

આ યાત્રામાં 4500થી વધુ સિનિયર સિટીઝન જોડાશે. જેમાં ઉંમર વાર વાત કરવામાં આવે તો 80થી 108 સુધીની ઉમરના 1200 વડીલોનો સમાવેસ કરવામાં આવશે. ખાસ આ યાત્રામાં 600થી વધુ સ્વયંસેવકો વડીલોની સેવામાં ખડેપગે રહેશે. તથા વડીલોની યાત્રા હોવાથી તમામ યાત્રા દરમિયાન 3 ICU ઓન વ્હીલ , 3 એમ્બ્યુલન્સ અને 15 ડૉકટર સેવામાં ઉપસ્થિત રહેશે. વધુમાં 25થી વધુ મિકેનિકલ ટીમ અને 300 વ્હીલચેર સહિતની પણ સગવડ કરવામાં આવી છે.

## બજારોનાં અંતરંગ

### ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસમાં સિપ્લાના નફામાં 45%નો વધારો




ફાર્મા ક્ષેત્રની દિગ્ગજ કંપની સિપ્લાએ જૂન ક્વાર્ટરમાં અપેક્ષા કરતાં વધુ સારા પરિણામો રજૂ કર્યા છે. કંપનીનો નફો 45% વધ્યો છે અને 686 કરોડથી વધીને 996 કરોડ થયો છે. તે જ સમયે, કંપનીની આવકમાં પણ 18%નો વધારો જોવા મળ્યો છે અને તે 5,375 કરોડ રૂપિયાથી વધીને 6,329 કરોડ રૂપિયા થઈ ગયો છે.

**સિપ્લાના પ્રથમ ક્વાર્ટરના પરિણામો** | કંપનીનો નફો રૂ.686 કરોડથી વધીને રૂ.996 કરોડ થયો છે. આવક રૂ. 5,375 કરોડથી વધીને રૂ. 6,329 કરોડ થઈ છે. એબિટા રૂ. 1,143 કરોડથી વધીને રૂ. 1,494 કરોડ થયો છે. જ્યારે માર્જિન 21.3% થી વધીને 23.6% થયું છે.

### એક્સિસ બેંકનો ચોખ્ખો નફો 40 ટકા વધીને રૂ. 5797 કરોડ થયો




એક્સિસ બેંકે નાણાકીય વર્ષ 2023-24ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઉત્તમ પરિણામો હાંસલ કર્યા છે. એક્સિસ બેંકે ચોખ્ખા નફામાં 40% નો વધારો હાંસલ કર્યો છે. જ્યારે વ્યાજની ચોખ્ખી આવકમાં 27 ટકાનો ઉછાળો આવ્યો છે. તે જ સમયે, બેંકની ફી આવકમાં 28% નો વધારો થયો છે. એક્સિસ બેંકે બુધવારે જૂન ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. ડેટા અનુસાર, બેંકનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 40% વધીને રૂ. 5,797.10 કરોડ થયો છે, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં નોંધાયેલા રૂ. 4,125.26 કરોડ કરતાં વધુ છે.

એક્સિસ બેન્કની ચોખ્ખી વ્યાજ આવક (નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ) ત્રિમાસિક ધોરણે 2% વધીને રૂપિયા 11,959 કરોડ થઈ છે, જે વાર્ષિક ધોરણે 27% વધારે છે. જૂન ક્વાર્ટર માટે નેટ ઈન્ટરેસ્ટ માર્જિન વાર્ષિક ધોરણે 50 બેઝિસ પોઈન્ટ વધીને 4.10% થયું છે. ક્વાર્ટર દરમિયાન વ્યાજની કમાણી રૂ. 25,556.77 કરોડ હતી, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 18,728.65 કરોડથી 36% વધુ છે.

એક્સિસ બેંકની ફીની આવક જૂન ક્વાર્ટર દરમિયાન વાર્ષિક ધોરણે 28% વધી હતી, જ્યારે રિટેલ ફીમાં વાર્ષિક ધોરણે 37%નો વધારો નોંધાયો હતો. આ ત્રિમાસિક ગાળામાં બેંકનો કાર્યકારી નફો વાર્ષિક ધોરણે 50% વધીને રૂ. 8,814 કરોડ થયો છે. જ્યારે, ત્રિમાસિક ગાળા માટે મુખ્ય કાર્યકારી નફો વાર્ષિક ધોરણે 27% વધીને રૂ. 8,295 કરોડ થયો છે.

### અમેરિકામાં યુનિકોર્ન સ્ટાર્ટઅપમાં ભારતીયો મોખરે

વિશ્વની અનેક મોટી કંપનીઓમાં ટોચના હોદ્દા પર ભારતીયો બેઠા છે. આ યાદીમાં હવે સ્ટાર્ટઅપનો પણ સમાવેશ થાય છે. અમેરિકામાં મોટાભાગની યુનિકોર્ન કંપનીઓ ભારતમાં જન્મેલા લોકો દ્વારા સ્થાપવામાં આવી છે. યુનિકોર્ન એ સ્ટાર્ટઅપ એવી કંપનીઓ છે જેનું મૂલ્યાંકન એક અબજ ડોલરથી વધુ છે.

અમેરિકામાં યુનિકોર્ન કંપનીઓમાંથી, ૪૪% એવી છે કે જેમના સ્થાપકો યુએસની બહાર જન્મ્યા હતા. ૫૬ ટકા કંપનીઓ એવી છે કે જેના સ્થાપકોનો જન્મ અમેરિકામાં જ થયો હતો. અમેરિકાની યુનિકોર્ન કંપનીઓના મોટા ભાગના સ્થાપકો ભારતના છે.

વર્લ્ડ ઓફ સ્ટેટિસ્ટિક્સ અનુસાર, અમેરિકાની યુનિકોર્ન કંપનીઓમાંથી ૯૦ના સ્થાપકો ભારત સાથે સંબંધિત છે. એટલે કે તેનો જન્મ ભારતમાં થયો હતો. આ યાદીમાં બીજો નંબર ઈઝરાયેલનો છે. આ દેશમાં જન્મેલા ૬૨ લોકોએ અમેરિકામાં યુનિકોર્ન કંપની સ્થાપી છે.

# હવે ડેટા સેન્ટરના બિઝનેસમાં ઉતરી મુકેશ અંબાણીની કંપની

■ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે બ્રુકફિલ્ડ સાથે કરી ભાગીદારી

ગુજરાત | વંદન

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એક મહત્ત્વપૂર્ણ ડીલની જાહેરાત કરી છે. કંપનીએ ભારતમાં ડેટા સેન્ટર્સના વિકાસ માટે બ્રુકફિલ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ રિયાલિટીમાં રોકાણની જાહેરાત કરી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ભારતમાં ડેટા સેન્ટર વિકસાવવા માટે બ્રુકફિલ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ રિયલ્ટીમાં રોકાણની જાહેરાત કરી છે. રિલાયન્સ ભારતમાં સ્થિત બ્રુકફિલ્ડ અને ડિજિટલ રિયલ્ટીની કંપનીઓમાં 33.33 ટકા હિસ્સો ખરીદશે. પ્રસ્તાવિત રોકાણ રૂ. 378 કરોડનું છે. જે બાદમાં જરૂરિયાત મુજબ રૂ. 622 કરોડ સુધી વધારી શકાય છે. આ સોદો નિયમનકારી મંજૂરીને આધીન છે અને




આ ડીલ લગભગ 3 મહિનામાં પૂરી થવાની ધારણા છે.

ડિજિટલ રિયલ્ટી ટ્રસ્ટ અને બ્રુકફિલ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વચ્ચેનું સંયુક્ત સાહસ ભારતમાં ડિજિટલ સર્વિસ કંપનીઓ માટે મહત્ત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવે છે. આ સંયુક્ત સાહસ ઉચ્ચ-ગુણવત્તાવાળા, ઉચ્ચ-જોડાયેલ અને માંગ પર માપી શકાય તેવા ડેટા કેન્દ્રો ગોઠવે છે. આ ડીલ પછી રિલાયન્સ આ સંયુક્ત સાહસમાં સમાન ભાગીદાર બની જશે. નવા સંયુક્ત સાહસને 'ડિજિટલ કનેક્શનઃ એ બ્રુકફિલ્ડ, જિયો અને ડિજિટલ રિયલ્ટી કંપની' તરીકે રિબ્રાન્ડ કરવામાં આવશે.

જિયો પ્લેટફોર્મ લિમિટેડના સીઈઓ કિરણ થોમસે ડીલ પર ટિપ્પણી કરતાં , જણાવ્યું હતું કે, "અમે ડિજિટલ રિયલ્ટી અને અમારા વર્તમાન અને વિશ્વસનીય ભાગીદાર બ્રુકફિલ્ડ સાથે ભાગીદારી કરવા માટે અત્યંત ઉત્સાહિત છીએ.


## ટેક્સ સંધિઓમાં ફેરફાર અને વધેલી ચકાસણીની અસર

# ભારતમાં FPI માટે ટોચના 3 સ્ત્રોત દેશોમાંથી મોરેશિયસની પીછેહઠ

ગુજરાત | વંદન

લક્ઝમબર્ગ અને સિંગાપોરે ભારતમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટ્સ (એફપીઆઈ) માટે સ્ત્રોત દેશોમાં મોરેશિયસને પાછળ છોડી દીધા છે, જે હવે અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે. પ્રાઈમઈનફોબેઝના ડેટા દર્શાવે છે કે ૩૦ જૂન સુધીમાં મોરેશિયસ ચોથા સ્થાને આવી ગયું છે. ટેક્સ સંધિઓમાં ફેરફાર અને નિયમનકારો દ્વારા વધેલી ચકાસણીને કારણે મોરેશિયસ મારફતે આવતા વિદેશી નાણાંમાં ઘટાડો થયો છે.

નિષ્ણાતો કહે છે કે ૨૦૧૬માં ભારત અને મોરેશિયસ વચ્ચેના ડબલ ટેક્સ અવોઈડન્સ એગ્રીમેન્ટમાં ફેરફાર, એપ્રિલ




૨૦૧૭થી ૫૭૭ઈનો અમલ અને ભારત દ્વારા બેઝ ઈરોશન અને પ્રોફિટ શિફ્ટિંગને રોકવા માટે સંધિની બહાલીએ તમામ મોરેશિયસ રૂટને અનિચ્છનીય બનાવ્યો છે. લક્ઝમબર્ગ ભારતના એફપીઆઈ રોકાણમાં ૭.૩૭% હિસ્સો ધરાવે છે, જેમાં કસ્ટડી હેઠળની સંપત્તિ રૂ. ૩.૭૮ ટ્રિલિયન છે, જ્યારે સિંગાપોર રૂ. ૩.૭૭ ટ્રિલિયનની કસ્ટડી હેઠળની સંપત્તિ સાથે ૭.૩૪% હિસ્સો ધરાવે છે. ૨૦૨૨માં, લક્ઝમબર્ગ માટે આ આંકડો ૭.૩૪% (રૂ. ૩.૦૩ ટ્રિલિયન)

**ભારતમાં એફપીઆઈનું રોકાણ**

| ક્રમ | દેશ | જૂન ૨૦૨૨ |
|---|---|---|
| ૧ | અમેરિકા | ૧૬.૧ |
| ૨ | મોરેશિયસ | ૪.૩ |
| ૩ | લક્ઝમબર્ગ | ૩.૦ |
| ૪ | સિંગાપોર | ૨.૯ |
| ૫ | યુકે | ૨.૩ |
| ૬ | અન્ય | ૧૨.૬ |

| ક્રમ | દેશ | જૂન ૨૦૨૩ |
|---|---|---|
| ૧ | અમેરિકા | ૨૧.૫ |
| ૨ | લક્ઝમબર્ગ | ૩.૮ |
| ૩ | સિંગાપોર | ૩.૮ |
| ૪ | મોરેશિયસ | ૩.૦ |
| ૫ | યુકે | ૨.૯ |
| ૬ | અન્ય | ૧૬.૪ |

અને સિંગાપોર માટે ૭.૦૭% (રૂ. ૨.૯૨ ટ્રિલિયન) હતો. કસ્ટડી હેઠળની સંપત્તિમાં રૂ. ૨૧.૫ ટ્રિલિયન સાથે યુએસ પ્રથમ સ્થાને છે.

મોરેશિયસને નોંધપાત્ર ફટકો પડયો છે, જેમાં પાછલા વર્ષમાં કસ્ટડી હેઠળની સંપત્તિ રૂ. ૪.૨૯ ટ્રિલિયનથી ઘટીને રૂ. ૩.૦૧ ટ્રિલિયન થઈ ગયું છે. તેનો હિસ્સો પણ લગભગ ૧૦.૪% થી ઘટીને ૫.૮૬% થઈ ગયો છે.

જૂન ૨૦૨૦માં, ભારતમાં એફપીઆઈના પ્રવાહના ૧૧.૩% હિસ્સા અને રૂ. ૨.૯૩ ટ્રિલિયનના કસ્ટડી હેઠળની સંપત્તિ સાથે મોરેશિયસ બીજા સ્થાને હતું. તાજેતરના મહિનાઓમાં, ઘણી વૈશ્વિક કસ્ટોડિયન બેંકોએ મોરેશિયસને 'ઉચ્ચ જોખમી અધિકારક્ષેત્ર' તરીકે વર્ગીકૃત કર્યું હોવાનું કહેવાય છે.

## ભારતે ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂકતા

# ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ રદ કરવા આઈએમએફની અપીલ

ગુજરાત | વંદન

ભારત સરકારે આગામી તહેવારો દરમિયાન સ્થાનિક પુરવઠો વધારવા અને છૂટક કિંમતોને અંકુશમાં રાખવા માટે ૨૦ જુલાઈના રોજ બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જેના પગલે વૈશ્વિક સ્તરે પૂરવઠા ખેંચ ઊભી થવા ઉપરાંત અન્ન સલામતિની ચિંતા ઊભી થઈ છે. આફ્રિકાથી લઈને એશિયાના દેશો માટે આવનારા દિવસોમાં સ્થિતિ વણસવાની ચિંતા ઊભી થઈ છે.

ત્યારે આ સ્થિતિ વચ્ચે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે કહ્યું છે કે તે ચોક્કસ ગ્રેડના ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવા માટે ભારત સાથે ચર્ચા કરશે, કારણ કે આ પગલું વૈશ્વિક ફુગાવા પર અસર કરી શકે છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના મુખ્ય અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિમાં, આવા પ્રતિબંધો બાકીના વિશ્વમાં ખાદ્યપદાર્થોની કિંમતોને અસ્થિર કરે તેવી શક્યતા છે અને અન્ય દેશો દ્વારા બદલો લેવાની કાર્યવાહી કરવામાં આવી શકે છે. તેથી



અમે ચોક્કસપણે ભારતને આ પ્રકારના નિકાસ પ્રતિબંધો હટાવવા માટે ચર્ચા કરીશું કારણ કે તે વિશ્વ પર હાનિકારક અસર કરી શકે છે. ભારતમાંથી બિન-બાસમતી સફેદ ચોખા મુખ્યત્વે થાઈલેન્ડ, ઈટાલી, સ્પેન, શ્રીલંકા અને યુએસએમાં નિકાસ કરવામાં આવે છે.

ચોખાની નિકાસ પર ભારતના પ્રતિબંધને પગલે વિશ્વ બજારમાં ચોખાના પૂરવઠામાં વીસ ટકા ઘટાડો જોવા મળવા વકી છે, જેને કારણે આયાતકાર દેશો નિકાસકાર દેશોની સરકારોનો જ સીધો સંપર્ક કરવાની તૈયારીમાં છે. ઈન્ડોનેશિયા તથા ફિલિપાઈન્સની સરકારોએ પોતાના ચોખાની માગને પહોંચી વળવા ભારત સરકારનો સંપર્ક સાધવા નિકાસ કરાર કરવાની તૈયારીમાં હોવાનું સ્થાનિક ટ્રેડરોએ જણાવ્યું હતું.

## વર્ષ 2023-24 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં શાનદાર પ્રદર્શન

# IDBI બેન્કના ચોખ્ખા નફામાં 62 ટકાનો વધારો

ગુજરાત | વંદન

આઈડીબીઆઈ બેન્કે જૂન ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં 62 ટકાનો વધારો નોંધાવ્યો છે. જ્યારે બેંકની ગ્રોસ નોન પ્રોફિટ એસેટ (એનપીએ) ઘટીને 5.05% થવાને કારણે એસેટની ગુણવત્તામાં સુધારો થયો છે.

આઈડીબીઆઈ બેંકે નાણાકીય વર્ષ 2023-24 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જબરદસ્ત પ્રદર્શન કરતા ચોખ્ખા નફામાં 62 ટકાનો વધારો નોંધાવ્યો છે. તે જ સમયે, બેંકની ચોખ્ખી વ્યાજ આવક (એનઆઈઆઈ) માં 61 ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે. તે જ સમયે, બેંકની ગ્રોસ નોન-પ્રોફિટ એસેટ એટલે કે એનપીએ ઘટીને 5.05% થઈ ગઈ છે, જે એક વર્ષ પહેલા સમાન સમયગાળામાં 19.9% હતી. આઈડીબીઆઈ બેંકે સોમવારે તેના જૂન ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા. ડેટા અનુસાર, આઈડીબીઆઈ બેન્કનો ચોખ્ખો નફો ક્વાર્ટર દરમિયાન 62 ટકા વધીને રૂ. 1,224 કરોડ થયો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ચોખ્ખો નફો રૂ. 756 કરોડ નોંધાયો હતો.





આઈડીબીઆઈ બેંકની સંપત્તિની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે કારણ કે બેંકની ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (એનઆઈઆઈ) એક વર્ષ પહેલા 19.9% થી ઘટીને 5.05% અને માર્ચ ક્વાર્ટરમાં 6.38% પર આવી ગઈ છે. જૂન ક્વાર્ટરમાં ચોખ્ખી NPA ઘટીને 0.44% થઈ છે, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં 1.26% અને અગાઉના ક્વાર્ટરમાં 0.92% હતી.

## લોકસભામાં નાણામંત્રી નિર્મલા સીતારમણની તાકીદ

# લોનની રિકવરીમાં બેન્કોની વધુ પડતી કડકાઈ ચલાવી લેવાશે નહીં

ગુજરાત | વંદન

લોનની રિકવરીમાં બેન્કોની વધુ પડતી કડકાઈ ચલાવી લેવાશે નહીં. પછી તે પબ્લિક સેક્ટરની બેંક હોય કે પ્રાઈવેટ સેક્ટરની બેન્ક. ગરીબ ખેડૂતોની સાથે તો આવું બિલકુલ ન થવું જોઈએ. આ વાત કેન્દ્રીય નાણામંત્રી સીતારમણએ સંસદમાં કહી છે.



નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં કહ્યું કે, બધી બેંકો પછી તે જાહેર ક્ષેત્રની હોય કે ખાનગી ક્ષેત્રની, આરબીઆઈના માધ્યમથી નિર્દેશ અપાયો છે કે, તે લોનના બાકી હપ્તાઓની ચૂકવણી મામલે ગરીબ ખેડૂતોની સાથે માનવીય અને સંવેદનશીલ રીતે વર્તન કરે. પ્રશ્નકાળ દરમિયાન જ્યારે નાણા રાજ્ય મંત્રી ભાગવત કરાડ લોન ડિફોલ્ટર્સ પાસેથી વસૂલાત દરમિયાન બેન્કો દરમિયાન અપનાવાતી કઠોર રીતો પર શિવસેનાના એક સભ્યના સવાલ પર જવાબ આપી રહ્યા હતા, તો સીતારમણે હસ્તક્ષેપ કરતા કહ્યું કે, આ એક સંવેદનશીલ મામલો છે, જેને ઘણી વખત સરકારના ધ્યાનમાં લવાયો છે.

# ભારતીય ઉદ્યોગપતિએ લંડનમાં 1200 કરોડમાં આલીશાન બંગલો ખરીદ્યો



ગુજરાત | વંદન

ભારતીય અબજોપતિ રવિ રુઈયાએ લંડનમાં 1200 કરોડ રૂપિયા (11.3 કરોડ યુરો)માં આલીશાન બંગલો ખરીદ્યો છે. આ બંગલો રશિયન પ્રોપર્ટી ઈન્વેસ્ટર એન્ડ્રે ગોંચરેન્કો સાથે સંકળાયેલો છે. આ રીતે બંગલો તાજેતરના વર્ષોમાં લંડનમાં સૌથી મોટો પ્રોપર્ટી ડીલ બની ગયો છે. રુઈયાની ફેમિલી ઓફિસે આ મહિને 150 પાર્ક રોડ પર હેનોવર લોજનો બંગલો ખરીદ્યો છે. ઈન્વેસ્ટમેન્ટ ફર્મ એસાર ગ્રુપ પણ રૂઈયા પરિવારની સહ-માલિકી ધરાવે છે.

આ બંગલાની માલિકી બે વર્ષ પહેલા સુધી ગોંચરેન્કો પાસે હતી. ગોંચરેન્કો રશિયન રાજ્ય ઊર્જા કંપનીની પેટાકંપની ગેઝપ્રોમ ઈન્વેસ્ટ યુગના ડેપ્યુટી સીઈઓ રહી ચૂક્યા છે. તેમણે 2012માં કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા રાજકુમાર બાગડી પાસેથી આ મિલકતની બાકીની મધ્યમ લીઝ 12 કરોડ યુરોમાં મેળવી હતી.

રુઈયા ફેમિલી ઓફિસના પ્રવક્તા વિલિયમ રેગોએ જણાવ્યું હતું કે પ્રોપર્ટી હાલમાં બાંધકામ હેઠળ છે અને તે સારી કિંમતે હસ્તગત કરવામાં આવી છે, નિર્માણાધીન પ્રોપર્ટી હોવાને કારણે તે પ્રમાણમાં ઓછા દામથી મળી છે.



**ડિમર્જર કંપનીમાં આઇટીસીનો હિસ્સો 40% હશે**

# આઈટીસીના બોર્ડે હોટલ બિઝનેસને અલગ કરવાની મંજૂરી આપી

ગુજરાત | વંદન

આઈટીસીના બોર્ડે તેના હોટલ બિઝનેસને અલગ કરવાની મંજૂરી આપી છે. 24 જુલાઈએ એક્સચેન્જને આપવામાં આવેલી માહિતી અનુસાર, બોર્ડે હોટલ બિઝનેસના ડિમર્જર માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. એક્સચેન્જ ફાઈલિંગ મુજબ, ડિમર્જર કંપનીમાં આઈટીસીનો હિસ્સો 40% હશે. તે જ સમયે, કંપનીના શેરધારકો પાસે 60% હિસ્સો હશે. કંપનીના જણાવ્યા અનુસાર, ડિમર્જર નવી એન્ટિટીને યોગ્ય રોકાણકારોને આકર્ષવામાં મદદ કરશે. આ યોજના 14 ઓગસ્ટે બોર્ડ સમક્ષ મંજૂરી માટે મૂકવામાં આવશે.

બોર્ડે 100% સબસિડિયરીની રચનાને મંજૂરી આપી છે. આઈટીસી થી અલગ થયા પછી, નવી સબસિડિયરી કંપનીનું નામ આઈટીસી હોટેલ્સ હોઈ શકે છે. મેનેજમેન્ટ આ અંગે અંતિમ નિર્ણય લેશે.

# NARCLએ Q4માં રૂ.21,349 કરોડની બેડ લોન લીધી : નાણામંત્રી

ગુજરાત | વંદન

નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડે (NARCL) જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં કુલ રૂ. ૨૧,૩૪૯ કરોડની ત્રણ કંપનીઓની બેડ લોન લીધી હતી. નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં માહિતી આપી કે આ બેડ લોન જેપી ઈન્ફ્રાટેક લિમિટેડ, એસએસએ ઈન્ટરનેશનલ લિમિટેડ અને હેલિયોસ ફોટો વોલ્ટેઈક લિમિટેડ પાસેથી હસ્તગત કરવામાં આવી હતી.

મંત્રાલયના જણાવ્યા અનુસાર ૧૭ જુલાઈ, ૨૦૨૩ સુધી આ ખાતાઓમાં કોઈ વસૂલાત થઈ ન હતી.

# સ્માર્ટ ફોનના ઓફલાઈન વેચાણમાં વધારો થતા ઓનલાઈન સેલીંગ પર બ્રેક વાગશે

ગુજરાત | વંદન

તહેવારો પહેલા કેલેન્ડર વર્ષના બીજા ક્વાર્ટરમાં સ્માર્ટફોન ઓનલાઈન સેલ્સ માર્કેટમાં સુધારો જોવા મળી રહ્યો છે. જોકે, વિશ્લેષકોનું કહેવું છે કે ૨૦૨૩માં ઈ-કોમર્સ દ્વારા સ્માર્ટફોનનું વેચાણ ગયા વર્ષની જેમ ટોચે જોવા મળશે નહીં. ઑફલાઈન વેચાણમાં વધારો થવાનું એક મોટું કારણ એ છે કે મોબાઈલ કંપનીઓ દેશભરના સ્ટોર્સમાં તેમની પહોંચ વધારી રહી છે.



આનાથી આ વર્ષે ઓનલાઈન વેચાણનો હિસ્સો ઘટશે.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, આ વખતે તહેવારો દરમિયાન સ્માર્ટફોનના ઓનલાઈન વેચાણનો હિસ્સો ઓફલાઈનની સરખામણીમાં ઘટશે. તમામ ઓનલાઈન બ્રાન્ડ્સ પણ હવે આફલાઈન સ્ટોર્સ સુધી તેમની પહોંચ વિસ્તારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આફલાઈન સ્ટોર્સમાં નિયંત્રણોનો અભાવ તેમજ ઑનલાઈન સમાન ડિસ્કાઉન્ટને કારણે ઑફલાઈન માંગ વધી છે. સ્ટોરમાંથી ખરીદી કરતી વખતે, ગ્રાહક ઉત્પાદનની સંપૂર્ણ તપાસ કરી શકે છે ગ્રાહકોની માંગ સિવાય, ઓનલાઈન વેચાણ પર ધ્યાન કેન્દ્રિત કરતી બ્રાન્ડ્સમાં પણ માળખાકીય પરિવર્તન આવ્યું છે.

## RBIની ઓફિશિયલ વેબસાઈટ પર આપવામાં આવેલી રજાઓની લિસ્ટ અનુસાર

# ઓગસ્ટ મહિનામાં 14 દિવસ બેંકો બંધ રહેશે

ગુજરાત | વંદન

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ઓગસ્ટ મહિનાની બેંક રજાઓની લિસ્ટ બહાર પાડી છે. આગામી મહિનામાં કુલ 14 દિવસ બેંકો બંધ રહેશે. ઓગસ્ટમાં ઘણા મોટા તહેવારો આવી રહ્યા છે જેમાં સ્વતંત્રતા દિવસ 2022, રક્ષાબંધન સહિતના તહેવારો આવે છે. તમને જણાવી દઈએ કે રજાઓના કારણે બેંકો ચોક્કસપણે બંધ રહેશે, પરંતુ તમે નેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ અથવા યુપીઆઈ જેવી નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તમારા બેન્કિંગ કામકાજ મુશ્કેલી વગર ઘરે બેસી પતાવી શો છો. તમે સરળતાપૂર્વક એટીએમમાંથી રોકડ




પણ ઉપાડી શકો છો. જણાવી દઈએ કે આ બધી રજાઓ તમામ રાજ્યોમાં લાગુ થશે નહીં. આરબીઆઈની ઓફિશિયલ વેબસાઈટ પર આપવામાં આવેલી રજાઓની લિસ્ટ અનુસાર, બેંકિંગ રજાઓ પણ વિવિધ રાજ્યોમાં ઉજવાતા તહેવારો અથવા તે રાજ્યોમાં વિશેષ પ્રસંગોની સૂચના પર આધારિત છે.

- 6 ઓગસ્ટ, 2023 : ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર, દેશભરની તમામ બેંકોમા રજા
- 8 ઓગસ્ટ, 2023 : તેન્દોંગ લ્હો રમ ફાલ નિમિત્તે માત્ર ગંગટોકમાં ખાતે બેંકોમાં રજા રહેશે
- 12 ઓગસ્ટ, 2023 : ઓગસ્ટ મહિનાનો બીજો શનિવાર, સમગ્ર દેશમાં બેંક હોલીડે
- 13 ઓગસ્ટ,2023 : ઓગસ્ટ મહિનાનો બીજો રવિવાર, સમગ્ર દેશમાં બેંક હોલીડે
- 15 ઓગસ્ટ, 2023 : સ્વતંત્રતા દિવસ નિમિત્તે દેશભરમાં જાહેર રજા
- 16 ઓગસ્ટ, 2023 : પારસી નવ વર્ષ, બેલાપુર, મુંબઈ અને નાગપુરમાં બેંકો બંધ રહેશે
- 18 ઓગસ્ટ, 2023 : શ્રીમંત શંકરદેવ તિથિ નિમિત્તે ગુવાહાટીમાં બેંકો બંધ રહેશે
- 20 ઓગસ્ટ, 2023 : ઓગસ્ટ મહિનાનો ત્રીજો રવિવાર, દેશભરની બેંકોમાં રજા
- 26 ઓગસ્ટ, 2023 : ઓગસ્ટ મહિનાનો ચોથો શનિવાર, દેશભરની બેંકોમાં રજા
- 27 ઓગસ્ટ, 2023 : ઓગસ્ટ મહિનાનો ચોથો રવિવાર, દેશભરની બેંકોમાં રજા
- 28 ઓગસ્ટ, 2023 : પ્રથમ ઓણમ તહેવાર નિમિત્ત કોચી અને તિરૂવંતપુરમમાં બેંકોમાં રજા રહેશે
- 29 ઓગસ્ટ, 2023 : તિરુઓણમ નિમિત્તે કોચી અને તિરૂવંતપુરમમાં બેંકોમાં રજા રહેશે
- 30 ઓગસ્ટ, 2023 : રક્ષાબંધનના તહેવારના પગલે બેંકો બંધ રહેશે
- 31 ઓગસ્ટ, 2023 : નારાયણ ગુરુ જંયતી/ પંગ લહબસોલ નિમિત્તે દહેરાદૂન, ગંગટોક, કોનપુર, કોચી, લખનઉ અને તિરુવંતપુરમમાં બેંકોમાં રજા રહેશે

# કેન્દ્રીય કર્મચારીઓના બે ભથ્થામાં વધારો થશે, મોદી સરકાર કરી શકે છે જાહેરાત



ગુજરાત | વંદન

કેન્દ્રીય કર્મચારીઓને જલદી બે ભેટ મળી શકે છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે કેન્દ્રની મોદી સરકાર કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (DA)અને પેન્શનરો માટે મોંઘવારી રાહત (DR) માં ક્રમશઃ 4 ટકાનો વધારો કરી શકે છે. સરકારની જાહેરાત બાદ કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું 42 ટકાથી વધી 46 ટકા થઈ જશે. તેનાથી પગારમાં ઓછામાં ઓછા 2000 રૂપિયાનો વધારો જોવા મળશે. આ નિર્ણયથી દેશના 1 કરોડ કર્મચારીઓ અને પેન્શનરોને ફાયદો થશે.

**31 જુલાઈએ જારી થશે AICPI જૂનના આંકડા**

હકીકતમાં કેન્દ્ર સરકાર કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વખત વધારો કરે છે. આ વધારો લેબર મિનિસ્ટ્રીના AICPI ઈન્ડેક્સના આંકડા પર નિર્ભર કરે છે. અત્યાર સુધી મે 2023ના આંકડા જારી થઈ ગયા છે, જેનાથી મોંઘવારી ભથ્થાનો દર 45.57 પોઈન્ટ સુધી પહોંચી ગયો છે. હવે માત્ર જૂનના આંકડા આવવાના બાકી છે, જે 31 જુલાઈએ જારી થશે. તેનાથી સ્પષ્ટ થઈ જશે કે જુલાઈથી કેન્દ્રીય કર્મચારીઓના ડીએમાં કેટલો વધારો થશે. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ડીએમાં 4 ટકાનો વધારો થઈ શકે છે. જો આમ થાય તો મોંઘવારી ભથ્થું વધીને 46 ટકા થઈ જશે. સરકાર તેની જાહેરાત ઓક્ટોબર-નવેમ્બરમાં કરશે પરંતુ તે 1 જુલાઈ 2023થી લાગૂ થશે.

# વરસાદની મોસમમાં બારી-દરવાજા તેમજ લોખંડની વસ્તુઓ પર લાગી જતા કાટને આ રીતે કરો દૂર



ચોમાસાની ઋતુમાં ઘણી મુશ્કેલીઓ આવતી હોય છે. જેમાંથી એક છે મેઈન ગેટ, રેલિંગ અને બારીઓ સહિત લોખંડના બાકી સામાનોમાં કાટ લાગવાની મુશ્કેલી. જે દેખાવમાં તો ખરાબ લાગે જ છે, સાથે જ આનાથી વસ્તુઓનું આયુષ્ય પણ ઘટી જાય છે. દરમિયાન વરસાદની સીઝનમાં જો તમારા ઘરે પણ લોખંડની વસ્તુઓમાં કાટ લાગી ગયો છે તો અમુક ઘરેલુ રીતની મદદથી આને સરળતાથી સ્વચ્છ કરી શકાય છે. કાટને હટાવવા માટે તમે મીઠુ અને લીંબુની મદદ લઈ શકો છો. આ માટે તમે બે-ત્રણ ચમચી મીઠુ લઈને તેમાં બે-ત્રણ લીંબુનો રસ મિક્સ કરો અને જાડી પેસ્ટ બનાવી દો. હવે આ પેસ્ટને કાટ વાળા સ્થાને લગાવો અને થોડી વાર માટે રાખો. બાદમાં કોઈ હાર્ડ બ્રશથી સાફ કરો, આનાથી કાટ તાત્કાલિક દૂર થઈ જશે.

## બેકિંગ સોડા-લીંબુ

લોખંડની વસ્તુઓ પરથી કાટ દૂર કરવા માટે બે કપ પાણીને થોડુ ગરમ કરી લો. પછી તેમાં બે ચમચી બેકિંગ સોડા અને એક ચમચી લીંબુનો મેળવીને પેસ્ટ બનાવો. પછી તેને કાટ વાળા સ્થાને લગાવો દસ-પંદર મિનિટ માટે છોડી દો. જે બાદ સેન્ડ પેપરની મદદથી કાટને હટાવો, આનાથી કાટ થોડી જ મિનિટોમાં ગાયબ થઈ જશે.

## ચૂનો-બોરેક્સ પાઉડર

કાટ દૂર કરવા માટે તમે ચૂનો અને બોરેક્સ પાઉડરનો મિક્સચર પણ ઉપયોગ કરી શકો છો. આ માટે તમે 3-4 ચમચી બોરેક્સ પાઉડર લઈ લો અને તેમાં એટલો જ ચૂના પાઉડર પણ એડ કરી દો. પછી આમાં એક-બે ચમચી પાણી મિક્સ કરીને ઘાટુ મિશ્રણ તૈયાર કરી લો. પછી તેને કાટવાળા સ્થાને લગાવો અને 5-10 મિનિટ માટે રાખો. જે બાદ સેંડપેપરથી રગડીને કાટને સાફ કરી દો.

## કોલ્ડ ડ્રિન્ક

કાટ રિમૂવ કરવા માટે તમે કોકા કોલાની મદદ લઈ શકો છો. આ માટે તમે આ કોલ્ડ ડ્રિન્કને કાટ વાળા સ્થાને નાખીને થોડી વાર માટે રાખો. પછી દસ-પંદર મિનિટ બાદ સ્પોન્ઝની મદદથી કાટને સ્ક્રબ કરો. આનાથી કાટ થોડી જ મિનિટોમાં રિમૂવ થઈ જશે.

# કાચાં કેળાંનું સ્વાદિષ્ટ શાક બનાવો

હાલમાં ચોમાસાની સીઝન છે. અધિક શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે. જો તમે એકની એક સૂકી ભાજી ખાઈને કંટાળી ચૂક્યા છો તો તમે ઉપવાસ માટે કાચા કેળાનું શાક ટ્રાય કરી શકો છો. આ શાક ખૂબ જ ટેસ્ટી બને છે અને સાથે જ તેમાં કોઈ ખાસ મહેનત કરવાની નથી. સિમ્પલ રેસિપીની મદદથી તમે નવો ટેસ્ટ માણી શકો છો. આ શાક તમે રાજગરાની પૂરી સાથે કે પછી ફરાળી લોટની રોટલી સાથે પણ ખાઈ શકો છો. કેળામાં સ્ટાર્ચનું પ્રમાણ વધારે હોય છે અને સાથે જ તેના ઉપયોગથી તમારો સ્ટેમિના પણ વધે છે. જેથી ઉપવાસમાં તમને મુશ્કેલી પડતી નથી.

**સામગ્રી :** 5 નંગ કાચા કેળાં, 1 ચપટી હળદર, 4 નંગ લીલા મરચાં,1 ચમચી જીરૂં,1 ચમચી સિંગોડાનો લોટ, 2 ચમચી કોથમીર સમારેલી, 2 ચમચી દહીં, 2 ચમચી લીંબુનો રસ, 2 ટીસ્પૂન તેલ, 1/2 કપ મીઠો લીમડો, મીઠું સ્વાદ અનુસાર.

**બનાવવાની રીત :** કાચાં કેળાંની છાલ ઉતારી નાખવી. પછી તેના નાના ટુકડા કરવા. પછી એક કડાઈમાં ઘી લઈને તેને ગેસ ઉપર ચડાવીને તેમાં જીરાનો વઘાર કરીને તેમાં કેળાંનાં કટકા વઘારવા. પછી તેમાં મીઠું અને મરીનો ભૂકો નાખીને અને શાકને ચડવા દેવું. પછી તેમાં



સીંગનો ભૂકો, કોપરાનું ખમણ, કાજુ, કિસમિસ અને એલચીનો ભૂકો નાંખવો. એક વાસણમાં મલાઈ અને દૂધ ભેગા કરીને તેને ઝેરણી વડે વલોવી લેવું. પછી તેને કાચાં કેળાંના શાકમાં રેડવું, પછી બધું ઉકળે એટલે નીચે ઉતારી લેવું. ઉપર સમારેલી કોથમીર ભભરાવવી.

# ચોમાસામાં કાકડી અને દહીંથી બનેલો ફેસ પેક ચહેરા પર લગાવવાથી ચહેરો ચમકવા લાગશે



વરસાદની ઋતુમાં ત્વચાની ખાસ કાળજી લેવી જરૂરી છે. ભેજને કારણે ચહેરા પર પિમ્પલ્સ અને ખીલની સમસ્યા પણ વધી જાય છે. ધૂળ, ગંદકી અને પરસેવો ચહેરાના રંગને અસર કરે છે, જેના કારણે ત્વચા નિર્જીવ લાગે છે. જો કે બજારમાં ઘણા ફેસ માસ્ક અને પેક ઉપલબ્ધ છે, જેનો ઉપયોગ ચહેરા પર કરવામાં આવે છે, પરંતુ તેની અસર વધારે નથી. અહીં અમે તમને ઘરે સરળતાથી બનાવેલા ફેસ પેક વિશે જણાવી રહ્યા છીએ, જે તમારા ચહેરાને ઠંડક આપશે અને તેમાં સુધારો પણ કરશે.

## દહીં અને કાકડીનો ફેસ પેક

આ સિઝનમાં કાકડી મળી રહે છે. કાકડી અને દહીંથી બનેલો ફેસ પેક તમારી ત્વચાને હાઈડ્રેટ રાખશે. આ પેક બનાવવા માટે તમારે હંગ દહીંની જરૂર પડશે, જેનું પાણી નીકળી ગયું છે. 1 કાકડીને છીણીને તેમાં 2 ચમચી દહીં મિક્સ કરો. આ પેસ્ટને ચહેરા અને ગરદન પર લગાવો. દહીં કાકડીના આ પેકને 15 મિનિટ પછી સ્વચ્છ પાણીથી ધોઈ લો.

## ફુદીનો અને દહીંનો ફેસ પેક

ફુદીનામાં દહીં મિક્સ કરીને ચહેરા પર લગાવવાથી ઠંડક અને ચમક મળે છે. તેને બનાવવા માટે તમારે 2 ચમચી હંગ દહીં અને 1 ચમચી ફુદીનાની પેસ્ટની જરૂર પડશે. બંનેને સારી રીતે મિક્સ કરીને પેક બનાવો અને તેને 15 મિનિટ માટે ચહેરા પર લગાવો. 15 મિનિટ પછી સ્વચ્છ પાણીથી ધોઈ લો.

**મુલતાની માટી અને લીમડાનો ફેસ પેક** | મુલતાની માટી ત્વચાને એક્સ્ફોલિએટ કરવામાં મદદ કરે છે અને લીમડો ચેપને અટકાવે છે. આ પેક બનાવવા માટે, તમારે 2 ચમચી મુલતાની માટી પાવડર અને એક ચમચી લીમડાના પાનની પેસ્ટની જરૂર પડશે, આ બંનેને સારી રીતે મિક્સ કરો. આ પેસ્ટને ચહેરા પર લગાવો અને 15 થી 20 મિનિટ પછી ધોઈ લો.

# શું ગર્ભાવસ્થા દરમિયાન દહીંનું સેવન કરવું સુરક્ષિત છે?



દહીં એ ખૂબ જ પૌષ્ટિક ફૂડ છે. નિષ્ણાતો તેને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ દરેક રીતે ફાયદાકારક ગણાવે છે. દહીં પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન બી12નો ખૂબ જ સારો સ્ત્રોત છે. પરંતુ ગર્ભાવતી મહિલાઓ ઘણીવાર ડાયટમાં દહીંનો સમાવેશ કરવાથી સંકોચાય છે. ઘણા લોકો માને છે કે દહીં ખાવાથી બાળકને નુકસાન થાય છે. શું ગર્ભાવસ્થા દરમિયાન દહીંનું સેવન કરવું સુરક્ષિત છે? તો જવાબ છે હા. કારણ કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને દહીંને ગર્ભાવસ્થા માટે હેલ્ધી ડાયટ ગણાવ્યું છે. તે જ સમયે, ઓસ્ટ્રેલિયાની નેશનલ હેલ્થ એન્ડ મેડિકલ રિસર્ચ કાઉન્સિલ પણ ગર્ભવતી મહિલાઓને તેમના ડાયટમાં દરરોજ દહીંનો સમાવેશ કરવાની સલાહ આપે છે. તો આ હિસાબે ગર્ભાવસ્થા દરમિયાન દહીંનું સેવન સલામત તો છે જ સાથે સાથે ખૂબ જ ફાયદાકારક પણ છે.


દહીં ખાવાથી રોગપ્રતિકારક શક્તિ સારી રીતે કામ કરે છે. દહીંમાં હાજર પ્રોબાયોટીક્સ એટલે કે સારા બેક્ટેરિયા શરીરની ઈમ્યૂન સિસ્ટમને બૂસ્ટ કરીને ઈન્ફેક્શન સામે લડવામાં મદદ કરે છે.

ગર્ભાવસ્થા દરમિયાન મૂડ સ્વિંગ અને તણાવથી બચવા માટે દહીંનું સેવન ફાયદાકારક છે. દહીંમાં હાજર પ્રોબાયોટીક્સ મૂડ સુધારે છે અને ચિંતા દૂર કરે છે. દહીં ડિપ્રેશન સંબંધિત લક્ષણોને દૂર કરવાની ક્ષમતા પણ ધરાવે છે.

પ્રેગ્નન્સીમાં બીપી વધવાની સમસ્યાને કારણે કોમ્પ્લીકેશન આવી શકે છે. આવી સ્થિતિમાં દહીંનું સેવન ફાયદાકારક સાબિત થઈ શકે છે.તેમાં હાજર એન્ટી-હાઈપરટેન્સિવ ઈફેક્ટ બ્લડપ્રેશરને જાળવવામાં મદદ કરે છે. હાડકાં અને સ્નાયુઓ પણ મજબૂત થાય છે. તેમાં હાજર પ્રોટીન અને કેલ્શિયમ હાડકાને નબળા પડવાથી બચાવે છે. તંદુરસ્ત સ્નાયુઓ બનાવવામાં મદદ કરે છે

ગર્ભાવસ્થા દરમિયાન એસિડિટી અને પાચન સંબંધી સમસ્યાઓ થાય છે. આવી સ્થિતિમાં, જો તમે દહીંનું સેવન કરો છો, તો તે પાચન સંબંધિત સમસ્યાઓને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.

# પલાળેલી બદામનું સેવન કરવાથી સ્વાસ્થ્યને થાય છે બમણો ફાયદો...



શરીરને સ્વસ્થ અને ફિટ રાખવા માટે લોકો ઘણા પ્રકારના હેલ્ધી ફૂડ્સનું સેવન કરે છે. આ માટે લોકો લીલા શાકભાજી, તાજા ફળો અને સૂકા ફળોનું સેવન કરે છે. આવું જ એક હેલ્ધી ડ્રાયફ્રુટ છે બદામ. બદામ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં ઘણા પોષક તત્વો હાજર હોય છે. તમે સૂકી, પલાળેલી બદામ અથવા તેના પાવડરનું સેવન કરી શકો છો. પલાળેલી બદામ ખાવાથી સ્વાસ્થ્યને બમણો ફાયદો થાય છે. આવો આજે અમે તમને પલાળેલી બદામ ખાવાના સ્વાસ્થ્ય લાભ વિશે જણાવીએ.

## પાચન માટે ફાયદાકારક

એક સમાચાર અનુસાર દરરોજ પલાળેલી બદામ ખાવાથી પાચનતંત્ર મજબૂત બને છે. તે પેટ માટે ફાયદાકારક છે. તેના ઉપયોગથી પેટ સારી રીતે સાફ થાય છે. આનું સેવન કરવાથી ગેસ, પેટનું ફૂલવું, અપચો જેવી સમસ્યાઓથી છુટકારો મળે છે.

## ડાયાબિટીસને કંટ્રોલ કરો

બદામમાં ફાઈબર, પ્રોટીન, વિટામીન E સહિત ઘણા પોષક તત્વો હાજર હોય છે. તે બ્લડ સુગરને કંટ્રોલ કરે છે. તેનું સેવન કરવાથી શરીર સ્વસ્થ રહે છે.

## ખરાબ કોલેસ્ટ્રોલ ઓછું કરો

બદામના સેવનથી કોલેસ્ટ્રોલ લેવલ ઓછું થાય છે. તે ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે. ખરાબ કોલેસ્ટ્રોલ વધવાથી હૃદયને નુકસાન થાય છે. બદામ ખાવાથી હૃદય સ્વસ્થ રહે છે. તે ફળોના સ્વાસ્થ્યને સ્વસ્થ રાખે છે.

## ત્વચા માટે ફાયદાકારક

બદામમાં વિટામીન E ભરપૂર માત્રામાં હોય છે. આ સિવાય બદામમાં ઘણા એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. જે ત્વચા માટે ફાયદાકારક છે. તેનો ઉપયોગ શુષ્ક ત્વચાની સમસ્યાથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. રોજ પલાળેલી બદામ ખાવાથી ત્વચા સંબંધિત અનેક બીમારીઓ સામે રક્ષણ મળે છે. રોજ ખાલી પેટે પલાળેલી બદામ ખાવાથી તમારા ચહેરાની ચમક વધી શકે છે.

## એનર્જી વધે છે

બદામ ખાવાથી શરીરમાં એનર્જી વધે છે. તેમાં ઘણા બધા વિટામિન અને પોષક તત્વો હોય છે. તે શરીરને ઉર્જા આપે છે. આ ખાવાથી શરીરને તરત એનર્જી મળે છે.

# ચોમાસામાં લીલા પાંદડાવાળા શાકભાજી ખાતી વખતે આ ટિપ્સ ફોલો કરો

કાળઝાળ ગરમી બાદ ચોમાસું સૌને રાહત આપે છે. પરંતુ ચોમાસાની ઋતુ તેની સાથે અનેક રોગોનું જોખમ પણ લઈને આવે છે. વરસાદની ઋતુમાં આહારમાં ઘણા ફેરફાર કરવા જોઈએ. આ ઋતુમાં સ્વસ્થ રહેવા માટે આહારમાંથી કેટલીક વસ્તુઓ ટાળવી જોઈએ. આરોગ્ય નિષ્ણાતો આ સિઝનમાં લીલા પાંદડાવાળા શાકભાજીથી દૂર રહેવાની સલાહ આપે છે. નિષ્ણાતોના મતે લીલા પાંદડાવાળા શાકભાજીમાં ભરપૂર માત્રામાં પોષણ હોય છે. પરંતુ જો તમે તેને ચોમાસામાં ખાઓ છો, તો તમારે ખૂબ કાળજી લેવી જોઈએ અને તેને મર્યાદામાં જ ખાવું જોઈએ. નિષ્ણાતોના મતે, તેને સંપૂર્ણપણે છોડી દેવાની જરૂર નથી, પરંતુ વરસાદમાં લીલા પાંદડાવાળા શાકભાજી મર્યાદામાં ખાઓ અને કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખો.

લીલા પાંદડાવાળા શાકભાજી જમીન સાથે વધુ સંપર્કમાં હોય છે. આ કારણોસર, તે પાણીના વધુ સંપર્કમાં આવે છે અને તેના કારણે, બેક્ટેરિયલ અને વાયરલ ચેપને કારણે દૂષિત થવાની સંભાવના વધારે રહે છે. જો તમે તેને યોગ્ય રીતે ધોયા વિના રાંધો છો, તો તે ફૂગના બીજકણ ઉગાડી શકે છે અને ખોરાકજન્ય બીમારીઓનું કારણ બની શકે છે. ચોમાસામાં ઉગાડવામાં આવતી આ લીલા પાંદડાવાળા શાકભાજીમાં જંતુનાશક અવશેષો વધુ હોઈ શકે છે. લીલા શાકભાજી ચોમાસામાં પાચન અને ગેસની સમસ્યા પણ પેદા કરી શકે છે. લીલા પાંદડાવાળા શાકભાજી (આ ટ્વિસ્ટ સાથે હરી સબઝી બનાવો) ચોમાસામાં બગડવાની સંભાવના વધારે છે, તેથી તેને સંગ્રહિત કરવામાં મુશ્કેલી પડે છે.

**ચોમાસામાં લીલા પાંદડાવાળા શાકભાજી ખાતી વખતે આ ટિપ્સ ફોલો કરો** | લીલા પાંદડાવાળા શાકભાજીને વરસાદમાં ખાતા પહેલા તેને યોગ્ય રીતે સાફ કરવું જરૂરી છે. આ સાથે, તેને બજારમાંથી તાજી પણ ખરીદવી જોઈએ અને તેને રાંધીને ખાવી જોઈએ. તેમને કાચા બિલકુલ ન ખાઓ. જો તમે ઈચ્છો તો, ઈનડોર ગાર્ડનિંગની મદદથી, તમે ઘરે કેટલીક શાકભાજી (શાકભાજી ખરીદવાની ટિપ્સ) પણ ઉગાડી શકો છો. જો તમે લીલા પાંદડાવાળા શાકભાજીનો સંગ્રહ કરી રહ્યા છો, તો તેને રેફ્રિજરેટરમાં રાખો અને તેને વધુ પડતા ભેજથી દૂર રાખો.



# કોન્ટેક્ટ લેન્સ પહેરો છો તો મેકઅપ કરતી વખતે ન કરો આ ભૂલો, તમારી આંખને પહોંચાડી શકે છે નુકસાન

દરેક છોકરીને મેકઅપ કરવો પસંદ હોય છે, પરંતુ તે કરતી વખતે તેને ઘણી બાબતોનું ધ્યાન રાખવાની સલાહ આપવામાં આવે છે. ઘણી છોકરીઓ ચશ્માને બદલે કોન્ટેક્ટ લેન્સ પહેરે છે. આવી સ્થિતિમાં, લેન્સ લગાવ્યા પછી મેકઅપ કરતી વખતે તેઓએ સાવચેતી રાખવી પડે છે. ચાલો જાણીએ કેટલીક સરળ ટિપ્સ જેને અનુસરીને તમે આંખનો મેકઅપ કોઈપણ નુકસાન વિના કરી શકો છો.



સૌ પ્રથમ, કોન્ટેક્ટ લેન્સ લગાવતી વખતે, તમારા હાથને હળવા હેન્ડવોશથી ધોઈને સાફ કરો અને સૂકવો, જેથી હાથમાં રહેલા તમામ બેક્ટેરિયા દૂર થઈ જાય. આ સિવાય લેન્સ પર કોઈપણ રીતે ડાઘ નહીં પડે અને ઈન્ફેક્શનનો કોઈ ખતરો પણ નહીં રહે. મેકઅપ કર્યા પછી કોન્ટેક્ટ લેન્સ પહેરવાની ભૂલ ક્યારેય કરશો નહીં. આમ કરવાથી તમને ખંજવાળ અને બળતરાની સમસ્યા થઈ શકે છે. એટલા માટે મેકઅપ કરતા પહેલા હંમેશા લેન્સ લગાવો.

આંખનો મેકઅપ કરતી વખતે ક્યારેય આંખોની અંદર મેકઅપ ન લગાવો. ઘણી છોકરીઓને આંખોની અંદર કાજલ લગાવવી ગમે છે. આવી ભૂલ કરશો નહીં. આ તમને નુકસાન પહોંચાડી શકે છે. લેન્સ સાથે મેકઅપ માટે હંમેશા ઓઈલ ફ્રી પ્રોડક્ટ્સનો ઉપયોગ કરો. તૈલી ઉત્પાદનોમાંથી નીકળતો તૈલી પદાર્થ તમારા લેન્સમાં શોષાય છે, જેનાથી તમને નુકશાન થાય છે.

આઈ શેડો સાથે આઈ મેકઅપ શરૂ કરો. આ માટે પાવડરને બદલે ક્રીમ આઈ શેડોનો ઉપયોગ કરો. તે લાંબા સમય સુધી ચાલે છે અને તેને કોઈ નુકસાન થતું નથી. આઈ શેડો લગાવ્યા પછી આંખો પર આઈલાઈનર લગાવો. આઈલાઈનર લગાવતી વખતે ધ્યાન રાખો કે લાઈનર આંખોની અંદર ન જવું જોઈએ. આંખનો મેકઅપ પૂર્ણ કરવા માટે મસ્કરા લગાવો. આ માટે ફાઈબરથી ભરપૂર મસ્કરાનો ઉપયોગ ન કરો. આ આંખમાં ચેપ, બળતરા અને ખંજવાળનું કારણ બની શકે છે. લેન્સ સાથે મસ્કરા કાળજીપૂર્વક પસંદ કરો.

# મલેશિયાના ફાસ્ટ બોલર સ્યાઝરૂલે ટી-20માં 7 વિકેટ ઝડપી ઈતિહાસ રચ્યો

ગુજરાત | વંદન

મલેશિયાના ફાસ્ટ બોલર સ્યાઝરૂલ ઈદરસે ટી- 20 ઈન્ટરનેશનલમાં 7 વિકેટ લઈને ઈતિહાસ રચ્યો છે. ટી-20 વર્લ્ડ કપ એશિયા B ક્વોલિફાયરની પ્રથમ મેચમાં ચીન સામેની મેચ દરમિયાન મલેશિયાના ફાસ્ટ બોલર ઈદરસે સૌથી ઘાતક બોલિંગ કરીને અને 8 રન આપીને 7 વિકેટ ઝડપી હતી. પરિણામે ઈદરસે ટી-20માં વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.




સિયાઝરુલ હવે ટી-20 ઈન્ટરનેશનલમાં સર્વશ્રેષ્ઠ બોલિંગ કરનાર બોલર બની ગયો છે. આ કરીને તેણે નાઈજીરિયાના પીટર આહોનો રેકોર્ડ તોડ્યો છે. પીટર આહોએ વર્ષ 2021માં સિએરા લિયોન સામે 5 રન આપી 6 વિકેટ લઈને શાનદાર પ્રદર્શન કર્યું હતું.

મલેશિયા સામેની મેચમાં ચીનની આખી ટીમ માત્ર 23 રને સમેટાઈ ગઈ હતી. બોલર સ્યાઝરૂલ અદભૂત બોલિંગ કરતા ચીનની આખી ટીમ 11.2 ઓવરમાં 23 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જે ટી-20 ઈન્ટરનેશનલમાં ટીમ દ્વારા બનાવવામાં આવેલો ત્રીજો સૌથી ઓછો સ્કોર છે.

### વેસ્ટઈન્ડિઝ સામે ડેબ્યુ ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન બદલ

# યુવા સ્ટાર ખેલાડી યશસ્વી જયસ્વાલને ICC ટેસ્ટ રેન્કિંગમાં 11 સ્થાનનો ફાયદો

ગુજરાત | વંદન




ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ટેસ્ટ મેચની સિરીઝ રમાઈ હતી. જેમાં ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની ટેસ્ટ શ્રેણીમાં 1-0થી જીત મેળવી હતી. આ શ્રેણીમાં ટીમ ઈન્ડિયાના યુવા ખેલાડી યશસ્વી જયસ્વાલે શાનદાર બેટિંગ કરી હતી. પરિણામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલ(ICC) દ્વારા નવી જાહેર કરાયેલી ટેસ્ટ રેન્કિંગમાં લાંબી છલાંગ લગાવી છે. જયસ્વાલ ટેસ્ટ રેન્કિંગમાં 63માં સ્થાને પહોંચી ગયો છે. જ્યારે આ અગાઉ આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં 74માં સ્થાને હતો.

આઈસીસી દ્વારા આજે જાહેર કરાયેલી નવી ટેસ્ટ રેન્કિંગમાં ટોપ ઓર્ડરમાં કોઈ ફેરફાર થયો નથી. ન્યૂઝીલેન્ડનો ખેલાડી કેન વિલિયમ્સન ટોપ પર છે. યશસ્વી જયસ્વાલે આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં 11 સ્થાનનો ફાયદો થયો છે. યશસ્વી હવે 63મા સ્થાને પહોંચી ગયો છે. જોકે, બીજી તરફ ટોપ ટેન ખેલાડીમાં એક માત્ર ભારતીય ખેલાડી છે. કેપ્ટન રોહિત શર્મા 10મા સ્થાને છે. જ્યારે પંત 12માં સ્થાને સરકી ગયો છે.

વેસ્ટ ઈન્ડિઝ સામે ડેબ્યુ ટેસ્ટ શ્રેણીમાં 21 વર્ષીય યુવા ઓપનર ખેલાડી યશસ્વી જયસ્વાલે સદી ફટકારી હતી. ડાબોડી બેટ્સમેન યશસ્વીએ ત્રણ ઈનિંગ્સમાં 88.66ની એવરેજથી 266 રન બનાવ્યા હતા. ડોમિનિકા ટેસ્ટ દરમિયાન યશસ્વીએ પોતાની ડેબ્યૂ ઈનિંગમાં 171 રન બનાવ્યા હતા. અને બીજી ટેસ્ટમાં પણ તેણે 57 અને 38 રનની ઈનિંગ રમી હતી. યશસ્વી આ ટેસ્ટ શ્રેણીમાં 266 રન સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન હતો.

# IPL 2024 માં પાકિસ્તાની ફાસ્ટ બોલર મોહમ્મદ આમિરની થશે એન્ટ્રી!



ગુજરાત | વંદન

એક રિપોર્ટ પ્રમામે આમિર આવનારી સીઝનમાં કાઉન્ટીમાં લોકલ ખેલાડી તરીકે રમશે. આમિર પાકિસ્તાની છે પરંતુ તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધુ છે. તે વિશ્વભરમાં ફ્રેન્ચાઈઝી ક્રિકેટ રમી રહ્યો છે. તેનું સપનું આઈપીએલમાં રમવાનું પણ છે. તમે વિચારી રહ્યાં હશો કે પાકિસ્તાની ખેલાડીઓ પર આઈપીએલમાં રમવા પર પ્રતિબંધ છે. તો આમિર કઈ રીતે રમશે.

નોંધનીય છે કે આમિરને બ્રિટનનો પાસપોર્ટ મળવાનો છે. તેની પત્ની પણ બ્રિટનની નાગરિક છે, તેથી તે ત્યાં લોકલ ખેલાડી તરીકે રમશે. દેશ અને નાગરિકતા બદલવાથી તે પોતાનું આઈપીએલમાં રમવાનું સપનું પૂરુ કરી શકે છે. આમિરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધુ છે. પાસપોર્ટ મળ્યા બાદ તે બ્રિટનનો નાગરિક કહેવાશે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના ઘણા દિગ્ગજ ક્રિકેટર આઈપીએલની શરૂઆતી સીઝનમાં જોવા મળ્યા હતા, જેમાં શાહિદ આફ્રિદી, શોએબ અખ્તર, કામરાન અકમલ, ઉમર ગુલ, સલમાન બટ, તનવીર સામેલ હતા.

### રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે ટ્વિટ કરીને જાણકારી આપી

# એશિયન ગેમ્સ 2023માં ભારતની પુરૂષ-મહિલા ફૂટબોલ ટીમ રમશે

ગુજરાત | વંદન



ચીનમાં એશિયન ગેમ્સ 2023નું આયોજન થવાનું છે. જેમાં ભારતીય પુરૂષ અને મહિલા બંને ફૂટબોલ ટીમ હિસ્સો લેશે. આ અંગેની માહિતી ખુદ રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે આજે ટ્વિટ કરીને જણાવી છે. ભારતીય પુરૂષ અને મહિલા ફૂટબોલ ટીમને રમત મંત્રાલય દ્વારા ચીનમાં યોજાનારી આગામી એશિયન ગેમ્સ 2023માં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવી છે.

રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે એક ટ્વિટમાં લખ્યું કે, ભારતીય ફૂટબોલ પ્રેમીઓ માટે સારા સમાચાર છે કે આપણી રાષ્ટ્રીય ટીમો પુરૂષ અને મહિલા બંને આગામી એશિયન ગેમ્સમાં રમતા જોવા મળશે. ભારત સરકારના યુવા અને રમત મંત્રાલયે બંને ટીમોની ભાગીદારી અંગેના નિયમો હળવા કરવાનો નિર્ણય લીધો છે. મંત્રાલયે તાજેતરના સમયમાં તેમના સારા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. મને ખાતરી છે કે હવે ટીમો એશિયન ગેમ્સમાં સારો દેખાવ કરશે.

તમને જણાવી દઈએ કે, ભારતીય ફૂટબોલ ટીમના કોચ સ્ટિમેકે થોડા દિવસો પહેલા રમત મંત્રાલયને પત્ર લખીને ટીમને આગામી એશિયન ગેમ્સમાં રમવા માટે મંજૂરી માંગી હતી. તમને જણાવી દઈએ કે રમત મંત્રાલયના નિયમો અનુસાર ભારતની પુરૂષ અને મહિલા ફૂટબોલ ટીમો અત્યાર સુધી એશિયન ગેમ્સમાં ભાગ લઈ શકતી ન હતી. તેની પાછળનું કારણ એ છે કે બંને ટીમો ફિફાની એશિયન ફૂટબોલ રેન્કિંગમાં ટોપ-8માં પણ સામેલ નથી. હવે તેના તાજેતરના પ્રદર્શનને જોયા બાદ રમત મંત્રાલયે તેને વિશેષ છૂટ આપવાનો નિર્ણય કર્યો છે.

### વર્લ્ડકપ પહેલા ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામે વન-ડે સિરીઝ રમશે

# રાજકોટમાં વન-ડે સિરીઝની અંતિમ અને ત્રીજી મેચ 27 સપ્ટેમ્બરે રમાશે

ગુજરાત | વંદન

ભારતમાં 5 ઓક્ટોબરથી વન-ડે વર્લ્ડકપનો આરંભ થવાનો છો. ત્યારે આ સ્થિતિ વચ્ચે ભારતીય ટીમે વર્લ્ડકપ પહેલા ઓસ્ટ્રેલિયા સામે ત્રણ વન- ડે મેચ રમશે. જેમાં વન ડે સિરીઝની ત્રીજી મેચ રાજકોટના ખંઢેરી સ્ટેડિયમમાં રમાશે. વર્લ્ડ કપ પહેલા ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં પ્રથમ વનડે મેચ 22 સપ્ટેમ્બરે રમાશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની સીરિઝની બીજી વનડે 24 સપ્ટેમ્બરે રમાશે. ત્રીજી મેચ 27 સપ્ટેમ્બરે રાજકોટમાં રમાશે.

ઓસ્ટ્રેલિયા સામે ટી- 20 સિરીઝ બાદ અફઘાનિસ્તાનની ટીમ ત્રણ ટી-20 મેચ રમવા ભારત આવશે. આ સિરીઝ 2024 જાન્યુઆરીમાં રમાશે. અફઘાનિસ્તાન સામે ટી-20 શ્રેણી પૂર્ણ થયા બાદ ઈંગ્લેન્ડ પાંચ સિરીઝની ટેસ્ટ શ્રેણી રમવા માટે ભારત પ્રવાસે આવશે. પ્રથમ ટેસ્ટ હૈદરાબાદમાં, બીજી મેચ વિશાખાપટ્ટનમમાં અને ત્રીજી મેચ રાજકોટમાં, ચોથી મેચ રાંચી અને અંતિમ મેચ ધર્મશાળામાં રમાશે.

#### ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ વર્લ્ડકપ પહેલા વન-ડે સિરીઝનો કાર્યક્રમ



- પ્રથમ વન-ડે મેચ - 22 સપ્ટેમ્બર, (મોહાલી)
- બીજી વન-ડે મેચ - 24 સપ્ટેમ્બર, (ઈન્દોર)
- ત્રીજી વન-ડે મેચ - 27 સપ્ટેમ્બર, (રાજકોટ)


#### ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ 5 ટી-20 સિરીઝનો કાર્યક્રમ

- પ્રથમ ટી-20 - 23 નવેમ્બર, વિશાખાપટ્ટનમ
- બીજી ટી-20 - 26 નવેમ્બર, તિરુવનંતપુરમ
- ત્રીજી ટી-20 - 28 નવેમ્બર, ગુવાહાટી
- ચોથી ટી-20 - 1 ડિસેમ્બર, નાગપુર
- પાંચમી ટી-20 - 3 ડિસેમ્બર, હૈદરાબાદ

# 2000 બાદ ભારતીય ટીમનો વેસ્ટ ઈન્ડિઝ સામે એક પણ ટેસ્ટ મેચમાં પરાજય થયો નથી

ગુજરાત | વંદન

વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી બે મેચની ટેસ્ટ શ્રેણીમાં સિરીઝની બીજી મેચમાં યજમાન ટીમને પરાજયથી વરસાદે બચાવી લીધી હતી અને મેચ ડ્રો થઈ હતી. જોકે, બીજી તરફ ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે 2 મેચની ટેસ્ટ શ્રેણી 1-0થી જીતી લીધી છે.



ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝ સામે સળંગ 25 ટેસ્ટમાં અજેય રહેવાની સિદ્ધિ હાંસલ કરી હતી. ભારત છેલ્લે મે-૨૦૦૨માં વેસ્ટ ઈન્ડિઝ સામે કિંગ્સ્ટનમાં રમાયેલી ટેસ્ટ હાર્યું હતુ. જોકે ત્યાર બાદ અત્યાર સુધી રમાયેલી તમામ ૨૫માંથી એક પણ ટેસ્ટ ટીમ ઈન્ડિયા હારી નથી. જેમાંથી ૧૫ ટેસ્ટ ભારત જીત્યું હતુ. જ્યારે ૧૦ એક દેશ સામે સળંગ સૌથી ટેસ્ટ ડ્રોમાં પરિણમી હતી. એક દેશ સામે સળંગ સૌથી વધુ ટેસ્ટમાં અજેય રહેવામાં ભારત ચોથા ક્રમે છે. જ્યારે આ યાદીમાં ટોચ પર ઈંગ્લેન્ડની ટીમ છે. જે ન્યૂઝીલેન્ડ સામે 1930થી 1975 સુધી એક પણ ટેસ્ટ મેચ હાર્ય નહોતા. આ પછી ઈંગ્લેન્ડ પાકિસ્તાન સામે સળંગ ૩૦ ટેસ્ટમાં અજેય રહ્યું હતુ. આ રેકોર્ડ 1961 થી 1982 દરમિયાન નોંધાયો હતો.

તમને જણાવી દઈએ કે, બીજી ટેસ્ટનો છેલ્લો દિવસ વરસાદને કારણે ધોવાઈ ગયો હતો અને મેચ ડ્રોમાં પરિણમી હતી. શ્રેણીની પ્રથમ ટેસ્ટ ભારતીય ટીમે એક ઈનિંગ્સ અને 141 રને જીતી લીધી હતી.

### સાઉદી અરેબિયાના ક્લબ અલ હિલાલે એમ્બાપ્પેને ખરીદવા માટે તિજોરી ખોલી દીધી

# ફ્રેન્ચ સ્ટાર ફૂટબોલર એમ્બાપ્પેને અધધ 2725 કરોડ રૂપિયાની ઓફર આપી

ગુજરાત | વંદન



ફ્રેન્ચ સ્ટાર ફૂટબોલર કિલિયન એમ્બાપ્પેનો તેની સ્થાનિક ક્લબ પેરિસ સેન્ટ જર્મન સાથેનો કરાર વર્ષ 2024માં સમાપ્ત થવાનો છે અને હવે આ યુવા સ્ટ્રાઈકર નવી ક્લબની શોધમાં છે. પેરિસ સેન્ટ જર્મને તેને નવી ટીમ શોધવાનો આદેશ પણ આપ્યો છે. એમ્બાપ્પેની જાપાન પ્રવાસ માટે પણ પસંદગી કરવામાં આવી ન હતી. ક્લબે તેને વેચવાનો નિર્ણય લીધો છે. તે હવે ટ્રાન્સફર માર્કેટમાં ઉપલબ્ધ છે. આ દરમિયાન સાઉદી અરેબિયાના ક્લબ અલ હિલાલે એમ્બાપ્પેને ખરીદવા માટે તેની તિજોરી ખોલી દીધી છે. અલ હિલાલે 300 મિલિયન યુરો એટલે લગભગ 2725 કરોડ રૂપિયાની ઓફર આપી છે. જો આ ડીલ થશે તો તે દુનિયામાં અત્યાર સુધીનું સૌથી મોટું ટ્રાન્સફર બની જશે.

એમ્બાપ્પે તાજેતરમાં ક્લબને એક પત્ર લખીને જણાવ્યું હતું કે તે જૂન 2024 પછી કરારને લંબાવશે નહીં. આ નિર્ણયથી નિરાશ પીએસજીએ તેને આ સિઝનમાં વેચવાનો નિર્ણય કર્યો છે. સાઉદી અરેબિયન ક્લબ અલ હિલાલે એમ્બાપ્પેને સાઈન કરવા માટે ઘણી મોટી રકમની ઓફર કરી છે. હવે એમ્બાપ્પે અને પીએસજીએ આ અંગે અંતિમ નિર્ણય લેવાનો છે.


પીએસજી કોઈપણ સંજોગોમાં એમ્બાપ્પેને ફ્રી એજન્ટ તરીકે જવા દેવા માંગતું નથી. તેણે અન્ય ક્લબોમાંથી એમ્બાપ્પે માટે બિડ આમંત્રિત કર્યા છે. મળેલા અહેવાલો અનુસાર એમ્બાપ્પે રિયલ મેડ્રિડ સાથે ફ્રી ટ્રાન્સફર માટે સંમત થયો છે. આ સ્થિતિમાં પીએસજી છેતરાયાનો અહેસાસ કરી રહી છે. એમ્બાપ્પેને ખરીદવા માટે અન્ય ક્લબો વચ્ચે રેસ જોવા મળી રહી છે. ઈંગ્લેન્ડની ટોટેનહામ, ચેલ્સી, માન્ચેસ્ટર યુનાઈટેડ, સ્પેનની રિયલ મેડ્રિડ અને બાર્સેલોના પણ આ રેસમાં સામેલ છે.

### મોહમ્મદ સિરાજે પૂર્વ દિગ્ગજ ક્રિકેટર કપિલ દેવના રેકોર્ડની બરાબરી કરી

# સિરાજ પોર્ટ ઓફ સ્પેનમાં ટેસ્ટની એક ઇનિંગમાં 5 વિકેટ લેનારો ભારતનો બીજો બોલર બન્યો

ગુજરાત | વંદન

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી ટેસ્ટ પોર્ટ ઓફ સ્પેનના ક્વીન્સ પાર્ક ઓવલ ખાતે રમાઈ હતી. જેમાં ભારતીય ટીમના સ્ટાર બોલર મોહમ્મદ સિરાજે પ્રથમ ઈનિંગમાં શાનદાર બોલિંગ કરીને પાંચ વિકેટ ઝડપી હતી. પ્રથમ ઈનિંગમાં વેસ્ટ ઈન્ડિઝના 5 બેટ્સમેનોને આઉટ કરીને ટેસ્ટ ક્રિકેટમાં સિરાજે તેના કરિયરની બીજી 5 વિકેટ ઝડપી હતી. આ સાથે તેણે 34 વર્ષ જૂના રેકોર્ડની પણ બરાબરી કરી.




સિરાજે બીજા દાવમાં વેસ્ટ ઈન્ડિઝના જોશુઆ દા સિલ્વા, જેસન હોલ્ડર, અલ્ઝારી જોસેફ, કેમાર રોચ અને શેનોન ગેબ્રિયલને પોતાનો શિકાર બનાવ્યો હતો. સિરાજ પોર્ટ ઓફ સ્પેનમાં ટેસ્ટની એક ઈનિંગમાં 5 વિકેટ લેનારો ભારતનો બીજો બોલર બન્યો. સિરાજ પહેલા, 1989માં પૂર્વ ભારતીય કેપ્ટન કપિલ દેવ પોર્ટ ઓફ સ્પેનમાં 5 વિકેટ લેનાર ટોપ બોલર બન્યા હતા. હવે મોહમ્મદ સિરાજે તે 35 વર્ષ જૂના રેકોર્ડનું પુનરાવર્તન કર્યું છે.

વેસ્ટ ઈન્ડિઝ સામે સિરાજની આ પહેલી 5 વિકેટ છે. તેણે તેની ટેસ્ટ કારકિર્દીમાં બીજી 5 વિકેટ ઝડપી છે. સિરાજનો આ પહેલો વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ છે. સિરાજે ભારત માટે અત્યાર સુધીમાં 21 ટેસ્ટ મેચ રમી છે. આ મેચોની 39 ઈનિંગ્સમાં બોલિંગ કરતી વખતે તેણે 30.24ની એવરેજથી 59 વિકેટ ઝડપી છે.

# ICCએ હરમનપ્રીત કૌર પર 2 મેચનો પ્રતિબંધ મૂક્યો, મેચ ફીના 50% દંડ

- ભારતીય મહિલા ટીમની કેપ્ટનને સ્ટમ્પ પર બેટ મારવું ભારે પડ્યું

ગુજરાત | વંદન




ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર વિરુદ્ધ તેના ખરાબ વર્તન માટે કડક કાર્યવાહી કરી છે. આગામી બે આંતરરાષ્ટ્રીય મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવી છે. હરમનપ્રીતને આઈસીસી કોડ ઓફ કન્ડક્ટના લેવલ 2નું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવવામાં આવી હતી, જેના માટે તેને તેની મેચ ફીના 50 ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો. આ સાથે સજા તરીકે 3 ડીમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે, બાંગ્લાદેશ સામેની ત્રીજી વન-ડે મેચમાં આઉટ થયા બાદ હરમનપ્રીતે બેટ સ્ટમ્પ પર માર્યું હતું. તેમજ આ સિવાય તેણે દર્શકો તરફ કેટલાક ઈશારા પણ કર્યા હતા. આઈસીસીની આ સજા મેળવનાર પ્રથમ મહિલા ક્રિકેટર છે.

ત્રીજી વન-ડે મેચમાં બાંગ્લાદેશની ટીમે પ્રથમ બેટિંગ કરતા 225 રન બનાવ્યા હતા. આ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ખાસ રહી ન હતી. 34મી ઓવરમાં કેપ્ટન હરમનપ્રીતના રૂપમાં ટીમને ચોથો મોટો ઝટકો લાગ્યો હતો. 34મી ઓવરના ચોથા બોલ પર હરમનપ્રીતે નાહિદા અખ્તરની બોલ પર સ્વીપ શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે ચૂકી ગઈ હતી.

### બીજી ટેસ્ટનો અંતિમ દિવસ વરસાદમાં ધોવાતા ભારતીય ટીમને નુકસાન

# વેસ્ટ ઈન્ડિઝ સામે બીજી ટેસ્ટ ડ્રો થતા ભારતીય ટીમ WTCમાં બીજા ક્રમે સરકી




ગુજરાત | વંદન

ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે 2 મેચની ટેસ્ટ શ્રેણી 1-0થી જીતી લીધી છે. બીજી ટેસ્ટનો છેલ્લો દિવસ વરસાદને કારણે ધોવાઈ ગયો હતો અને મેચ ડ્રો રહી હતી. શ્રેણીની પ્રથમ ટેસ્ટ ભારતીય ટીમે એક ઈનિંગ્સ અને 141 રને જીતી લીધી હતી. બીજી ટેસ્ટમાં પણ ટીમ ઈન્ડિયાની પકડ ઘણી મજબૂત હતી અને તેને અંતિમ દિવસે જીતવા માટે માત્ર 8 વધુ વિકેટ લેવાની હતી, પરંતુ વરસાદે તેની આશા પર પાણી ફેરવી દીધું હતું. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) 2023-265 પોઈન્ટ ટેબલમાં પણ આ ડ્રો ટેસ્ટ મેચને કારણે ભારતીય ટીમને નુકસાન વેઠવું પડ્યું છે.

ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની નવી સીઝનની શાનદાર જીત સાથે શરૂઆત કરી અને સીધું પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ભારતીય ટીમના 12 પોઈન્ટ હતા, પરંતુ બીજી ટેસ્ટ ડ્રો થવાના કારણે તે માત્ર 4 પોઈન્ટ મેળવી શકી હતી અને 2 મેચ બાદ ટીમ ઈન્ડિયાના 16 પોઈન્ટ થઈ ગયા છે. આવી સ્થિતિમાં ટીમના માર્ક્સની ટકાવારી 100 થી ઘટીને 66.67 ટકા પર આવી ગઈ, જેના કારણે તેને પ્રથમ સ્થાન ગુમાવવું પડ્યું અને બીજા નંબર પર પહોંચી ગઈ છે. ભારતીય ટીમ બીજા નંબર પર પહોંચવાની સાથે હાલમાં પાકિસ્તાનની ટીમ ડબલ્યુ 2023-25ના પોઈન્ટ ટેબલમાં 100 ટકા માર્ક્સ સાથે પ્રથમ સ્થાને છે. જેમાં તેણે શ્રીલંકા સામેની 2 મેચની ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચ 4 વિકેટથી જીતી હતી.

બોક્સ ઓસ્ટ્રેલિયા ત્રીજા અને ઈંગ્લેન્ડ ચોથા ક્રમે

ઓસ્ટ્રેલિયા ડબલ્યુ ટેબલમાં ત્રીજા નંબરે છે જેણે અત્યાર સુધી 4 માંથી 2 ટેસ્ટ જીતી છે અને તેના 54.17 ટકા પોઈન્ટ છે. ત્યારબાદ 29.17 ટકા પોઈન્ટ ધરાવતી ઈંગ્લિશ ટીમનો નંબર આવે છે. ભારત સામેની મેચ ડ્રો થવાને કારણે વેસ્ટ ઈન્ડિઝને ચાર પોઈન્ટ મળ્યા છે અને તે 16.67 ટકા પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે. ન્યૂઝીલેન્ડ, બાંગ્લાદેશ અને દક્ષિણ આફ્રિકાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં હજુ સુધી એકપણ મેચ રમી નથી.

# 69 વર્ષના WWE સ્ટારની 25 વર્ષ નાની ગર્લફ્રેન્ડ સાથે સગાઈ, કરશે ત્રીજા લગ્ન

ગુજરાત | વંદન

અમેરિકાના રીટાયર્ડ રેસલર ટેરી જીન બોલિયા, જે તેમના રિંગ નામ હલ્ક હોગનથી પણ ઓળખાય છે. તેમણે તાજેતરમાં તેની ગર્લફ્રેન્ડ સ્કાય ડેલી સાથે તેની સગાઈની એનાઉન્સમેન્ટ કરી છે. આ તેમના ત્રીજા લગ્ન હશે. હલ્ક હોગનની સગાઈ 45 વર્ષીય યોગ પ્રશિક્ષક સાથે થઈ છે જેને તે એક વર્ષથી ડેટ કરી રહ્યો છે. બંનેની સગાઈ ગયા અઠવાડિયે થઈ હતી, જ્યારે હોગને ફ્લોરિડાના ટેમ્પામાં એક રેસ્ટોરન્ટમાં સ્કાય ડેલીને પ્રપોઝ કર્યું હતું.



હલ્ક હોગને એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું કે સ્કાયને પ્રપોઝ કરતી વખતે તેમને ખુબ જ ગભરામણ થઈ રહી હતી. તેમણે વધુમાં કહ્યું કે તેની મંગેતર સ્કાયને ત્રણ બાળકો છે અને તે ત્રણેયને ખૂબ જ પ્રેમ કરે છે.

રેસલિંગ લિજેન્ડ હલ્ક હોગને બીજી પત્ની જેનિફર મેકડેનિયલથી છૂટાછેડા લીધા પછી એક વર્ષ પહેલાં સ્કાય ડેલીને ડેટ કરવાનું શરૂ કર્યું હતું. બંને પહેલીવાર 26 ફેબ્રુઆરી 2022ના રોજ અમેરિકન ગાયક બ્રેટ માઈકલ્સના કોન્સર્ટમાં બેકસ્ટેજ પર જોવા મળ્યા હતા. ડેટિંગની શરૂઆતથી હલ્ક હોગને ખુલ્લેઆમ તેમના સંબંધને સોશ્યલ મીડિયા પર શેર કર્યા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# 'આ મોદીની ગેરેન્ટી છે': હવે ત્રીજી ટર્મમાં ભારતનું અર્થતંત્ર દુનિયામાં 'ટોપ-3'માં હશે

■ 1923 થી 1930 ની જેમ 2023 થી 2030 નો દાયકો ઘણો મહત્વપૂર્ણ

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસનાં પ્રથમ દિવસે આજે બપોરે રાજકોટમાં છે.હિરાસર એરપોર્ટનો ઉદઘાટનથી માંડીને કરોડોના વિકાસ કામોની ભેટ આપી છે. તેઓએ ગઈકાલે દિલ્હીનાં પ્રગતિ મેદાન ખાતેનાં કાર્યક્રમમાં એમ કહ્યું હતું કે 2024 ની ચૂંટણી પછીની મારી ત્રીજી ટર્મમાં ભારતીય અર્થતંત્ર વિશ્વનું ત્રીજા નંબરનું થઈ જશે.

આ મારી ગેરેંટી છે. ઈન્ટરનેશનલ કન્વેનશન સેન્ટરનાં ઉદઘાટન કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે 2024 ની ચૂંટણીમાં પણ ભાજપ પ્રચંડ જીત સાથે સતા પર આવશે અને નવી ત્રીજી ટર્મની સરકારનાં કાર્યકાળ દરમ્યાન ભારતીય અર્થ વ્યવસ્થા દુનિયાની ત્રીજા નંબરની હશે. મારા ત્રીજા કાર્યકાળ દરમ્યાન લોકો પોતાની આંખો સમક્ષ સપના પૂર્ણ થતા જોઈ શકશે. તેમણે કહ્યું કે 2014 માં ભારત વિશ્વની અર્થ વ્યવસ્થામાં 10 મા નંબરે હતું. પોતાના બીજા કાર્યકાળમાં પાંચમા નંબરે છે.



ત્રીજા કાર્યકાળમાં દુનિયાની ત્રીજી અર્થ વ્યવસ્થા બનશે. તેની ગેરેંટી છે. દુનિયાની ટોપ-3 ઈકોનોમીમાં ગર્વપૂર્વક ભારતનું સ્થાન હશે હું એ પણ ખાતરી આપુ છું કે આપણા ત્રીજા કાર્યકાળમાં દેશની વિકાસયાત્રા ઝડપથી આગળ વધશે. વડાપ્રધાને કહ્યું કે આ બધા વિધાન ટ્રેડ રેકોર્ડનાં આધારે કરી રહ્યો છું. ભારતને મોટી તક છે. 100 વર્ષ પૂર્વે ભારત, જયારે આઝાદીનું યુદ્ધ લડી રહ્યું હતું ત્યારે 1923 થી 1930 નો દાયકો ભારતની આઝાદી માટે ઘણો મહત્વપૂર્ણ હતો

એજ રીતે 21 મી સદીનો આ દાયકો પણ એટલો જ મહત્વપૂર્ણ છે. છેલ્લી સદીનાં ત્રણ દાયકામાં સ્વરાજયનું લક્ષ્ય હતું.આજે ધ્યેય સમૃદ્ધ તથા વિકસીત ભારત બનાવવાનું છે. તે દાયકામાં દેશના ખુણેખુણેથી આઝાદીને પડઘો સંભળાતો હતો જેના પરીણામે 25 વર્ષમાં દેશ આઝાદ થયો હતો. આ સદીના ત્રીજા દાયકામાં આગામી 25 વર્ષનું લક્ષ્ય છે. સક્ષમ દેશ અને વિકસીત ભારતનું સ્વપ્ન સાકાર કરવાનું છે.દેશને નવી ઉંચાઈએ લઈ જવાનું સ્વપ્ન પૂર્ણ કરવાનું છે.

આ સમુદાયને બર્મીઝ "ચિન્સ" અને અંગ્રેજો "લુશાઈ" તરીકે ઓળખતા હતા...

# દેશભરમાં ચર્ચામાં આવેલ મણિપુરનો કૂકી સમુદાય કોણ છે!?





■ નગ્ન પરેડ કરાવવામાં આવી એ બે મહિલાઓ કુકી સમુદાયની, અત્યાચાર કરનાર મૈતી સમુદાયના લોકો છે

ગુજરાત | વંદન

મણિપુરમાં 03 મે, 2023ના રોજથી મેઈતેઈ સમુદાય અને કુકી સમુદાય વચ્ચે જાતિય હિંસા ચાલી રહી છે. આ દરમિયાન અનેક કુકી મહિલાઓ પર યૌન શોષણની ઘટનાઓ બની છે. જેમાં 4 મેના રોજ બે કૂકી મહિલાઓને મૈતૈઇ સમુદાયના કેટલાક હિંસક અને તેફાની ટોળા દ્વારા નગ્ન કરીને તેમની પરેડ અને ગેગરેપની ઘટનાએ દેશ આખામાં ખળભળાટ મચાવ્યો છે.

આ બધાની વચ્ચે કુકી જનજાતિ ચર્ચામાં છે. કુકી જાતિ મણિપુરમાં કેવી રીતે અને ક્યારે આવી. તેમની જીવનશૈલી કેવી છે તેના પર નજર નાંખીએ તે પહેલાં જાણી લો કે કુકી એ મોગલ જાતિની આદિવાસી જાતિ છે.

કુકી જાતિને ચિન, ઝોમી, મિઝો તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સમુદાયો ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યો, ઉત્તર મ્યાનમાર, બાંગ્લાદેશના ચિત્તગ્રામ પહાડીઓના રહેવાસીઓ છે. તેઓ અરુણાચલ પ્રદેશ સિવાયના તમામ પૂર્વોત્તર રાજ્યોમાં રહે છે.

કુકી લોકો મણિપુર, નાગાલેન્ડ, આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ તેમજ બાંગ્લાદેશ અને મ્યાનમારના પડોશી દેશોમાં એક વંશીય જૂથ છે. આંતરરાષ્ટ્રીય સરહદ પરની આ જાતિ બ્રિટનની સંસ્થાનવાદી નીતિને કારણે છે. કુકી આદિવાસીઓનો મુખ્ય ખોરાક માછલી છે. "કુકી" શબ્દ બંગાળીઓ દ્વારા ભારત અને બર્મા વચ્ચે ઉત્તર-દક્ષિણમાં વિસ્તરેલી હિમાલયની સૌથી પૂર્વીય શાખા, લુશાઈ હિલ્સમાં રહેતા આદિવાસીઓ માટે વપરાતું ઉપનામ છે.

કુકી શબ્દનો ઉપયોગ 1777માં અંગ્રેજો દ્વારા કરવામાં આવ્યો હતો, જ્યારે ચિટાગોંગના વડાએ બ્રિટિશ ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સને ટેકરીઓમાંથી કુકીના દરોડા સામે મદદ માટે અપીલ કરી હતી. આદિવાસીઓના આ સમુદાયને બર્મીઝ "ચિન્સ" અને અંગ્રેજો "લુશાઈ" તરીકે ઓળખતા હતા. મણિપુરના આંતરિક ભાગમાં અન્ય કુકી જાતિઓને હજુ પણ "કુકી" કહેવામાં આવે છે. મણિપુરમાં કૂકી કેવી રીતે આવી? એથનોગ્રાફર સીએ સોપ્પિટના જણાવ્યા અનુસાર, કુકી અને લુશાઈ ઓછામાં ઓછા 11મી સદીથી મણિપુર અને ત્રિપુરામાં સ્થાયી થયા પહેલા ઈરાવદી નદીની પશ્ચિમે આવેલા વિસ્તારમાં સ્થાયી થઈ શકે છે.

જો કે, મણિપુરમાં કુકીઓના ઈતિહાસમાં, 19મી સદીના પહેલા ભાગમાં બ્રિટિશ વહીવટકર્તાઓ વતી ન્યૂ કુકી નામના જૂથે મણિપુર પ્રદેશમાં સ્થળાંતર કર્યું હતું. ડબલ્યુ મેકકુલો 1859માં પ્રકાશિત થયેલા તેમના લેખમાં અને આરબી પેમ્બર્ટને 1835માં પ્રકાશિત થયેલા ઈસ્ટર્ન ફ્રન્ટિયર પરના તેમના અહેવાલમાં પણ 19મી સદીની શરૂઆતમાં કુકીના મણિપુરમાં મોટા પાયે સ્થળાંતરનો ઉલ્લેખ કર્યો છે. 1877-88ના અહેવાલો સૂચવે છે કે મણિપુરના તત્કાલિન મહારાજા અને રાજકીય એજન્ટ કર્નલ જોહ્નસ્ટોન દ્વારા લગભગ 2000 સુક્તે આદિવાસીઓને મણિપુર ખીણની દક્ષિણ-પશ્ચિમમાં મોઈરાંગ પાસે સ્થાયી કરવામાં આવ્યા હતા. તે સમયથી આજ સુધી મણિપુરમાં કુકી સમુદાય વસે છે. કુકી સમાજનો ધર્મ શું છે કુકી ખ્રિસ્તી ધર્મને અનુસરે છે. આ સમુદાય એસટી કેટેગરીમાં આવે છે. કુકી લોકો 'ઉથેન' નામના દેવતાની પૂજા કરે છે. મિશનરીઓનું આગમન અને તેમની વચ્ચે ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કુકી લોકોના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ છે.

રાજ્યસભામાં મૂક્યો પ્રસ્તાવ : 'INDIA' નામ ગુલામીનું પ્રતિક

# ભાજપના સાંસદની માંગણી બંધારણમાંથી 'INDIA'શબ્દ દૂર કરવો

ગુજરાત | વંદન

ભાજપના રાજ્યસભા સાંસદ નરેશ બંસલે શુક્રવારે એક વિવાદ ઉભો કર્યો જ્યારે તેમણે ઉપલા ગૃહમાં કહ્યું કે 'INDIA' નામ "વસાહતી ગુલામી" નું પ્રતીક છે અને "બંધારણમાંથી કાઢી નાખવું જોઈએ". ભાજપે નવા વિપક્ષી જૂથ ભારત (ભારતીય રાષ્ટ્રીય વિકાસ સમાવિષ્ટ જોડાણ) વિરુદ્ધ વારંવાર ઘોષણા કરીને કે 'INDIA' નામ એક સંસ્થાનવાદી ભૂતકાળનો અવશેષ છે તેની સામે આકરા પ્રહારો કર્યા છે.



શુક્રવારે રાજ્યસભાની કાર્યવાહી દરમિયાન, બંસલે કહ્યું: "બ્રિટિશરોએ ભારતનું નામ બદલીને ઈન્ડિયા રાખ્યું છે. કલમ 1 હેઠળ, બંધારણ જણાવે છે: 'ભારત, તે ભારત છે'. આપણો દેશ ભારત દ્વારા ઓળખાય છે. હજારો વર્ષોથી 'ભારત' નામ... તે આ દેશનું પ્રાચીન નામ છે અને પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં જોવા મળે છે. 'INDIA' નામ સંસ્થાનવાદી રાજ એટલે કે બ્રિટિશ રાજ દ્વારા આપવામાં આવ્યું હતું અને તેથી તે ગુલામીનું પ્રતીક છે. તેથી બંધારણમાંથી 'INDIA' નામ દૂર કરવું જોઈએ. સાંસદે નોંધ્યું હતું કે ગયા વર્ષે 15 ઓગસ્ટના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચી પરથી જાહેરાત કરી હતી કે સંસ્થાનવાદના તમામ પ્રતીકો ભૂંસી નાખવા જોઈએ. "હું પ્રસ્તાવ મૂકું છું કે સ્વતંત્રતાના અમૃત કાલ હેઠળ, અમે કલમ 1 ની શરૂઆત બદલીને ખાલી ભારત કરીએ અને 'INDIA' નામ હટાવીએ તેમ કહ્યું હતું.

# Appleએ 1990માં કર્મચારી માટે બનાવેલા શુઝની અધધ... 42 લાખમાં થઈ હરાજી

ગુજરાત | વંદન




એક શુઝની કિંમત કેટલી હોઇ શકે? 400થી લઈને હજાર સુધીમાં તમને સારામાના સારા શુઝ માર્કેટમાં મળી રહેતા હશે. ત્યારે તમને જાણીને નવાઇ લાગશે કે, એક શુઝ 42 લાખમાં વેચાયા. તેનું કારણ પણ રસપ્રદ છે. એપલ આઈફોન માટે પ્રખ્યાત છે, પરંતુ શું તમે જાણો છો કે એપલે જૂતા પણ બનાવ્યા હતા, જેની હવે 42 લાખ રૂપિયામાં હરાજી થઈ છે.

વિશ્વની અગ્રણી ઈલેક્ટ્રોનિક્સ કંપની Apple પણ 1990ના દાયકામાં પોતાના કર્મચારીઓ માટે શૂઝ બનાવ્યા હતા.

આ જ જૂતાની આજે લગભગ 41 લાખ રૂપિયામાં હરાજી થઈ છે. Apple Inc.ના ઈતિહાસના આ ભાગની હરાજી થવા જઈ રહી છે.

લગભગ 30 વર્ષ બાદ એપલના શુઝની હરાજી કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે આ માટે હરાજી બિડ (એપલ શૂઝની હરાજી કિંમત) $50,000 (લગભગ 41 લાખ રૂપિયા) રાખવામાં આવી છે.

એપલે વર્ષ 1990માં નેશનલ સેલ્સ કોન્ફરન્સમાં પોતાના કર્મચારીઓને આ શૂઝ આપ્યા હતા. આ શુઝ સફેદ રંગનો છે અને તેના પર રેઈનબો એપલનો લોગો છે.

એપલે આ શૂઝને જાતે ડિઝાઈન કર્યા નથી, પરંતુ આ માટે Omega સ્પોર્ટ્સ સાથે ભાગીદારી કરી છે. બાદમાં એપલે શુઝની બ્રાન્ડિંગ માટે હોન્ડા અને Braun જેવી કંપનીઓને આપી હતી. થોડા દિવસો પહેલા એપલના પહેલા આઈફોનની લગભગ 63 લાખ રૂપિયામાં હરાજી કરવામાં આવી હતી.

15 સપ્ટેમ્બર સુધી જ ઈડી ચીફ તરીકે રહેશે એસ કે મિશ્રા


# સુપ્રીમ કોર્ટે માન્યું કેન્દ્ર સરકારનું ED ડાયરેક્ટર SK મિશ્રાનો કાર્યકાળ વધાર્યો

ગુજરાત | વંદન




23 જુલાઈ 2023ના દિવસે કેન્દ્ર સરકારે IRS SK મિશ્રાને ઈડી ચીફ તરીકેનો ત્રીજો કાર્યકાળ આપ્યો હતો જેની સામે અરજી થતા સુપ્રીમે તેમના ત્રીજા કાર્યકાળ પર પ્રતિબંધ મૂક્યો હતો જેની સામે સરકારે સુપ્રીમમાં રિટ પિટિશન દાખલ કરી હતી જેની પર આજે સુપ્રીમમાં સુનાવણી યોજાઈ હતી. સુપ્રીમે કેન્દ્ર સરકારના મિશ્રાના ત્રીજા કાર્યકાળ લંબાવવાના નિર્ણયને લીલીઝંડી આપી છે જે પછી એસકે મિશ્રા 15 સપ્ટેમ્બર સુધીમાં ઈડીના ડાયરેક્ટર પદે ચાલું રહેશે.

સરકારે 15 ઓક્ટોબર સુધી મિશ્રાના કાર્યકાળની માગ કરી હતી જોકે સુપ્રીમ કોર્ટ તેની સાથે સહમત ન હતી. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે આગળ કોઈ વિસ્તરણ આપવામાં આવશે નહીં. આ પ્રમાણે કોર્ટે 15 સપ્ટેમ્બર સુધી મિશ્રાની મુદત વધારવા સંમત થઈ. સુપ્રીમ કોર્ટે 23 જુલાઈએ આપેલા પોતાના મહત્વપૂર્ણ આદેશમાં સંજય મિશ્રાનો કાર્યકાળ ત્રીજી વખત વધારવાના કેન્દ્ર સરકારના નિર્ણયને ખોટો ગણાવ્યો હતો. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં મિશ્રાને 31 જુલાઈ સુધી જ ઈડીના ડિરેક્ટર તરીકે ચાલુ રહેવાની મંજૂરી આપી હતી. આ પછી સરકારે ટેકનિકલ અને કાર્યપ્રણાલીની ગૂંચવણોમાં લાગતા સમયને ધ્યાનમાં રાખીને થોડો વધુ સમય કાર્યકાળ વધારવાની માગણી કરી હતી, જેથી એડહોક કે નિયત પ્રક્રિયા પ્રમાણે કાયમી નિમણૂક થઈ શકે.




# સિક્કિમ: સરકારી મહિલા કર્મચારીઓને 1 વર્ષની મેટરનિટી લીવ આપવાનું એલાન

ગુજરાત | વંદન

સિક્કિમ સરકારે મેટરનિટી લીવને લઈને મોટો નિર્ણય લીધો છે. હવે રાજ્યમાં માતા બનનાર સરકારી મહિલા કર્મચારીઓને 12 મહિનાની રજા આપવામાં આવશે. સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે આ એલાન કર્યું છે. આ ઉપરાંત બાળકના પિતાને પણ એક મહિનાની રજા આપવાની જોગવાઈ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ટૂંક સમયમાં આ અંગેના નિયમોમાં ફેરફાર કરવામાં આવશે અને આ યોજના રાજ્યમાં લાગુ કરવામાં આવશે. જેના કારણે રાજ્યની હજારો મહિલાઓને ફાયદો થશે.

સિક્કિમ સ્ટેટ સિવિલ સર્વિસ ઓફિસર્સ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાને સંબોધિત કરતા સિક્કિમના સીએમ તમાંગે જણાવ્યું કે, આ નિર્ણયથી સરકારી કર્મચારીઓને તેમના બાળકો અને પરિવારની સારી સંભાળ રાખવામાં મદદ મળશે. મુખ્યમંત્રીએ કહ્યું કે ટૂંક સમયમાં તેની વિગતવાર માહિતી જાહેર કરવામાં આવશે.

આ એલાન અંગે સીએમ તમાંગે કહ્યું કે, અધિકારીઓ રાજ્ય વહીવટીતંત્રની કરોડરજ્જુ છે જેઓ સિક્કિમ અને તેના લોકોના વિકાસ અને વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. તેમણે કહ્યું કે સિવિલ સર્વિસ અધિકારીઓ માટે પ્રમોશનની પ્રક્રિયા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે જેના કારણે પ્રમોશનની સંખ્યામાં વધારો થયો છે.

આ દરમિયાન મુખ્યમંત્રીએ તમામ નવનિયુક્ત IAS અને SCS (સિક્કિમ સિવિલ સર્વિસ) અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તેમની સફળ કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી. મેટરનિટી બેનિફિટ એક્ટ 1961 હેઠળ કામ કરતી મહિલા છ મહિના અથવા 26 અઠવાડિયાની પેઈડ મેટરનિટી લીવ મેળવવા માટે હકદાર છે. હિમાલયી રાજ્ય સિક્કિમમાં દેશની સૌથી ઓછી વસ્તી છે અને અહીં માત્ર 6.32 લાખ લોકો રહે છે. જેમાંથી લાખો નોકરીયાત લોકોને હવે પ્રસૂતિ અને પેટરનિટી રજા લંબાવવાનો લાભ મળશે.

# હવે રાષ્ટ્રીય સ્તરે જન્મ-મૃત્યુ નોંધણી પોર્ટલ બનશે, જન્મનું પ્રમાણપત્ર બનશે ઓલ-ઈન-વન સર્ટીફીકેટ

ગુજરાત | વંદન

તમારા બાળકનું શાળાનું એડમીશન હોય કે પછી તમારૂ ડ્રાઈવીંગ લાયસન્સ કઢાવ્યું હોય કોઈપણ સરકારી કામકાજ કે નોકરી માટે ઢગલાબંધ દસ્તાવેજો જેમકે આધાર, સ્કુલ લીવીંગ, બર્થ સીર્ટી વિ. બેઝીક ગણી શકાય તેવા ડોકયુમેન્ટ આપવા પડે છે. પાસપોર્ટ માટે પણ તેવીજ સ્થિતિ છે પણ જેમ સરકારે આધારથી અનેક નાના મોટા ડોકયુમેન્ટની આવશ્યકતા નહી હોવાનો સીલસીલો શરૂ કર્યો છે પણ હવે સરકાર બર્થ સર્ટીફીકેટને બેઝીક ડોકયુમેન્ટ તરીકે અને ઓલ-ઈન-વન તરીકે ઉપયોગમાં લઈ શકાય


તેવા એક કાનૂની ખરડા સાથે લોકસભામાં આવી છે. સરકાર હવે જન્મ-મરણના રજીસ્ટ્રેશનને એક પરફેકટ ડોકયુમેન્ટ તરીકે બનાવવા આગળ વધી રહી છે અને આ માટે એક ડીજીટલ ડેટાબેઈઝ તૈયાર થશે અને તેમાં બર્થ સર્ટી.ને બેઝીક ડોકયુમેન્ટ તરીકે ગણીને તમારે આ એક માન્ય દસ્તાવેજથી જ બાળકને શાળામાં, કોલેજમાં




એડમીશન- આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ વિ. મળી જશે. સરકારે લોકસભામાં રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ (સુધારા) એકટ 2023 રજૂ કર્યા છે. જો કે વિપક્ષે આ ખરડાનો વિરોધ કરીને તેને વ્યક્તિગત ગુપ્તતાના અધિકારના ભંગ સમાન ગણાવ્યું હતું.

# અબુધાબીમાં જાનવરોમાંથી ફેલાતો MERS કોરોનાનો નવો કેસ નોંધાયો

ગુજરાત | વંદન



અબુ ધાબી, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ કોરોના વાયરસને લઈને એકવાર ફરીથી ચિંતા વ્યક્ત કરી છે. સંયુક્ત અરબ અમીરાતની રાજધાની અબુ ધાબીમાં એમઈઆરએસ (MERS CORONA VIRUS) કોરોના વાયરસનો એક નવો કેસ નોંધાયો છે. ૨૦૧૨માં પહેલી વખત આ વાયરસની ઓળખ થયા બાદ અબુ ધાબીમાં આ પહેલો કિસ્સો છે.અબુ ધાબીમાં જે દર્દીને કોરોનાનો નવો વેરિઅન્ટ માર્સ-કોવની સારવાર કરવામાં આવી રહી છે. તે ૨૮ વર્ષની એક વ્યક્તિ છે જેને ઘણી બધી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ હતી. તે વ્યક્તિમાં વાયરસના લક્ષણ દેખાતા તાત્કાલિક તેને દાખલ કરવામાં આવ્યો.

માર્સ-કોવ (મિડલ ઈસ્ટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ કોરોનાવાયરસ) જેવુ જ છે. આ એક જૂનોટિક વાયરસ છે. આ એક વાયરલ શ્વાસ સંબંધિત બીમારી છે જે માર્સકોરોના વાયરસના કારણે થાય છે. જે સાર્સવાયરસની જેમ જ છે. આ સામાન્યરીતે ઊંટ અને અન્ય જાનવરોમાં જોવા મળે છે. સંક્રમિત જાનવરો કે પશુ ઉત્પાદોના સંપર્કમાં આવવાથી આ માનવીથી અન્ય માનવીમાં ફેલાય છે.

'AFD' પક્ષની જીતને યુરોપમાં જર્મનીના હિટલરની પૃષ્ઠભૂમિમાં જોવામાં આવી રહ્યું છે..

# જર્મનીમાં ફરી 'હિટલરવાદ'નો ઉદય..? યુરોપમાં ચિંતાના વાદળો....!

**વિશ્લેષણ**

ગુજરાત | વંદન

30 એપ્રિલ,1945 એટલે કે 78 વર્ષ પહેલાં દુનિયાનો સોથી ક્રૂર સરમુખ્યતારશાહી એડોલ્ફ હિટલરનો અંત આવ્યો હતો. ના, કોઈએ તેમની હત્યા કરી નહોતી પણ તેમણે પોતે પોતાને ગોળી મારી આત્મહત્યા કરી હતી. બીજા વિશ્વ યુધ્ધમાં જર્મની હારી જતાં તેમણે એક બંકરમાં પોતાની જીવનલીલી સંકેલી લીધી હતી. તેમની મોતને 78 વર્ષ થયાં છતાં જાણે કે તેમની નાઝીવાદની માનવજાતિ વિરોધી વિચારધારાના અમુક અંશો, અમુક બીજ હજુ જર્મનીમાં રહી ગયા હોય તેમ 78 વર્ષ પછી એ જ જર્મનીમાં કોઇ પાક્યો છે જે હિટલર જેવી જ વિચારધારા ધરાવે છે અને ધીમે ધીમે સત્તા મેળવી રહ્યો છે...!.

તાજેતરમાં જર્મનીમાં પ્રમાણમાં નાના એવા એક પક્ષે એક નાના શહેરમાં સત્તા કબજે કરી હતી. તેના ચહેરા પર, આ ઘટના વધુ ધ્યાન આપવા યોગ્ય નથી. પરંતુ આ પાર્ટીના અતિ-જમણેરી વિચારધારાને વધતું સમર્થન ભવિષ્યમાં યુરોપ અને દુનિયા માટે ચિંતાનો વિષય બની શકે છે. યુરોપના ઘણા દેશોમાં કડવા રાષ્ટ્રવાદી વિચારોના પક્ષો વધ્યા અને છેવટે સત્તા પર આવ્યા. 'AfD' પક્ષ(એએફડી) ની જીતને યુરોપમાં જર્મનીના મહત્ત્વના સ્થાનની પૃષ્ઠભૂમિમાં જોવામાં આવી રહ્યું છે..

એએફડી પાર્ટી 'વૈકલ્પિક ફર ડ્યુશલેન્ડ' (જર્મની માટે વૈકલ્પિક પક્ષ)ની સ્થાપના તાજેતરમાં 2013માં કરવામાં આવી હતી. એલેક્ઝાન્ડર ગોલેન્ડ, બર્નાર્ડ લ્યુક અને કોર્નાડ એડમે સપ્ટેમ્બર 2012માં 'ઈલેક્ટોરલ ઓલ્ટરનેટિવ 2013' પાર્ટીની રચના કરી હતી. તેના ઢંઢેરામાં જણાવવામાં આવ્યું છે કે તેમનો, પક્ષ 'યુરોઝોન' (તેના ચલણ તરીકે યુરોનો ઉપયોગ કરતા દેશો) ની વિભાવનાનો સખત વિરોધ કરે છે અને નાના દક્ષિણ યુરોપીયન દેશોને વારંવાર નાણાંકીય સહાય આપવાની જર્મન સરકારની નીતિની ટીકા કરે છે.

લોઅર સેક્સની' રાજ્યમાં, કેટલાક નાના પક્ષો સાથે ગઠબંધનમાં લડી રહેલા ઈલેક્ટોરલ ઓલ્ટરનેટિવને માત્ર 1 ટકા મત મળ્યા હતા.








જર્મનીમાં રાષ્ટ્રવ્યાપી સર્વેક્ષણમાં, 65 ટકા નાગરિકો એએફડી પક્ષને લોકશાહી માટે ખતરો માને છે..

2013માં, પાર્ટીનું નામ બદલીને 'AfD' તરીકે, જૂથે સામાન્ય ચૂંટણીઓમાં પણ પોતાનું નસીબ અજમાવ્યું. આ ચૂંટણીમાં AFDને 4.7 ટકા વોટ મળ્યા હતા. જો કે, તેઓ જર્મનીના કેન્દ્રીય કાયદાકીય સંસ્થા બુન્ડેસ્ટાગમાં પ્રવેશવા માટે જરૂરી 5 ટકા મતોની થ્રેશોલ્ડ સુધી પહોંચી શક્યા નહોતા. પરંતુ ચાર વર્ષ બાદ યોજાયેલી ચૂંટણીમાં 2017માં, AFDએ બુન્ડેસ્ટાગમાં 12.6 ટકા મત સાથે 97 બેઠકો જીતી હતી.

2021ની સામાન્ય ચૂંટણીમાં AfDની ટકાવારી ઘટીને 10 ટકા થઈ હોવા છતાં, તાજેતરની સ્થાનિક ચૂંટણીમાં પાર્ટીએ પ્રથમ વખત સત્તા મેળવી છે અને તેને ખૂબ જ સુચક માનવામાં આવી રહ્યું છે.

રચના સમયે થોડી નરમ નીતિઓ ધરાવતો પક્ષ સમય જતાં અત્યંત જમણેરી બની ગયો. જર્મનીમાં, હકીકતમાં, સમગ્ર યુરોપમાં, આ પક્ષ સીરિયા, લેબનોન જેવા દેશોના ઈમિગ્રન્ટ્સને એટલે કે વસાહતીઓને મફત પ્રવેશ આપવાનો વિરોધ કરે છે. આ પાર્ટીએ એવી પણ માંગ કરી છે કે રશિયા સામેના પ્રતિબંધો હટાવવા જોઈએ..! તેના પગલે એક એવી આશંકા છે કે તેની પાછળ પુટિન(હિટલર જેવી જ વિચારધારાની છાપ ધરાવનાર)નું દિમાગ હોઈ શકે અને તેઓ તે દ્વારા જર્મની અને યુરોપને પરેશાન કરવાનું ચાલુ રાખી શકે..

પૂર્વ કબજા હેઠળના જર્મનીના ગ્રામીણ વિસ્તારોમાં પાર્ટીએ પોતાનો પગપેસારો મજબૂત કર્યો છે. એએફડીએ તાજેતરમાં થુરિંગિયા રાજ્યમાં સોશિયલ ડેમોક્રેટ્સને હરાવીને સત્તા મેળવી હતી. AFD હવે મતની ટકાવારીમાં કેન્દ્ર-જમણેરી ખ્રિસ્તી ડેમોક્રેટ્સથી સહેજ પાછળ છે અને પૂર્વ જર્મનીમાં તે ખ્રિસ્તી ડેમોક્રેટ્સથી આગળ નીકળી ગયું છે. જો પાર્ટીના અત્યંત જમણેરી પક્ષની સફળતાએ જર્મની અને યુરોપમાં ડેમોક્રેટ્સને ચેતવ્યું ન હોય તો તે આશ્ચર્યજનક હશે.

આમ તો તે સ્થાનિક સ્તરની પાર્ટી છે પણ હિટલરની જેમ મોટી મોટી બડાશો હાંકીને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ભૂમિકા રજૂ કરવી એ આ પાર્ટીની વિશેષતા છે. તેમની કોમ્યુનિકેશન સિસ્ટમ મજબૂત છે. સોશિયલ મીડિયાના અસરકારક ઉપયોગ દ્વારા, આ પાર્ટી તેની નીતિઓ મતદારો સુધી પહોંચાડે છે.

દાખલા તરીકે, થુરિંગિયામાં પ્રચાર દરમિયાન, વિપક્ષે પક્ષને 'ઉગ્રવાદી' તરીકે ઓળખાવતાની સાથે જ, 'શું વિસ્થાપિત લોકોની સંખ્યા પર મર્યાદા નક્કી કરવી તે આત્યંતિક છે?', (અનુસંધાન પેજ નં.6 પર)

# હૃતિક એક્ટરની સાથે ફિલ્મ દિગ્દર્શનની બેવડી ભૂમિકા ભજવવા તૈયાર



હૃતિક રોશને તાજેતરમાં એક એડ ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે. તેના પગલે તે પિતા રાકેશ રોશનના પગલે એક્ટરની સાથે સાથે ફિલ્મ દિગ્દર્શનની બેવડી ભૂમિકા ભજવવા તૈયાર છે એમ ચર્ચાય છે.

હૃતિકના પિતા રાકેશ રોશને એક એક્ટર તરીકે શરુઆત કરી હતી પરંતુ બાદમાં તેમણે દિગ્દર્શક તરીકે અનેક સુપરહિટ ફિલ્મો આપી છે. બોલીવૂડમાં રાજ કપૂરથી માંડીને મનોજ કુમાર, ફિરોઝ ખાન જેવા જૂના કલાકારો ઉપરાંત નવી પેઢીમાં ફરહાન અખ્તર સહિતના કલાકારો પણ છે જેઓ એક્ટિંગ અને દિગ્દર્શનની બેવડી ભૂમિકા ભજવે છે. હવે હૃતિક આ હરોળમાં જોડાઈ શકે છે.

દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદે જણાવ્યું હતુ કે, હૃતિક તેને હંમેશાથી કહેતો આવ્યો છે, તે જલદી જ ફિલ્મનું દિગ્દર્શન કરવાનો છે. તે એક સારો દિગ્દર્શક બની શકે એમ છે. પોતાનામાંની આ કળાથી તે અજ્ઞાત છે, પરંતુ એક દિગ્દર્શ તરીકે હું તેની આ કળાને પારખું છું. હવે હૃતિક દ્વારા કોઈ ફિલ્મનાં દિગ્દર્શનની સત્તાવાર એનાઉન્સમેન્ટની રાહ જોવાય છે.

# સારા અલી ખાનની ફિલ્મ 'ઝરા હટકે ઝરા બચકે' દર્શકોના દિલ જીતવામાં રહી સફળ



સારા અલી ખાનની ફિલ્મ 'ઝરા હટકે ઝરા બચકે' દર્શકોના દિલ જીતવામાં સફળ રહી છે. બોલિવુડના ગણિત પ્રમાણે કોઈ પણ ફિલ્મ થિયેટર રિલીઝ પછી ત્રણથી ચાર વીક ચાલે તો એ સફળ પ્રોજેક્ટ ગણાય. ફિલ્મની સકસેસને આનંદભેર વધાવતા એક્ટ્રેસ કહે છે, 'મને ખાસ તો એ વાતની ખુશી છે કે હવે લોકોને થિયેટરોમાં જવામાં રસ નથી રહ્યો એવા કેટલાકના ખ્યાલને અમારી ફિલ્મે રફાદફા કરી નાખ્યો છે. દર્શકો સિનેમાઘરોમાં પાછા ફર્યા છે. બહોત લોગ બોલતે થે કિ બડી ફિલ્મ હોની ચાહિયે, એકશન ફિલ્મ હોની ચાહિયે, સિર્ફ તભી ફિલ્મ બિગ સ્ક્રીન પર આયેગી ઔર ચલેગી. મારા મતે એ જરૂરી નથી. હું હમેશાં કહેતી આવી છું કે તમે તમારી સ્ટોરી ઈમાનદારીથી કહો તો એ લોકોના દિલને સ્પર્શ્યા વિના નહીં રહે.'

મિડીયા સાથે પોતાની ખુશાલી શેર કરતાં સારા કબૂલે છે કે, 'મને ફિલ્મોના બિઝનેસના આંકડામાં ગતાગમ નથી પડતી. મને તો માત્ર એક જ કરન્સી વહાલી છે અને એ છે પ્રેક્ષકોનો પ્રેમ. મને આંકડા ભલે સમજાતા ન હોય, પણ ઈન્ડસ્ટ્રી માટે એનું મહત્ત્વ છે. 'ઝેરએચઝેડબી' મારી આજ સુધીની સૌથી વધુ કલેક્શન કરનારી ફિલ્મ છે. એમ તો ૨૦૧૮માં રિલીઝ થયેલી મારી ફિલ્મ 'સિમ્બા' પણ સુપરહિટ ગઈ હતી, પણ એની સક્સેસ માટે હું રણવીર સિંહ (એક્ટર) અને રોહિત શેટ્ટી (ડિરેક્ટર) જેટલો દાવો ન કરી શકું. જ્યારે 'ઝેડએચઝેડબી' મારા માટે એક પર્સનલ સકસેસ સમાન છે.' 27 વરસની સારાની ડેબ્યુ ફિલ્મ 'કેદારનાથ' પછી 'અતરંગી રે' અને હવે 'ઝેડએચઝેડબી'માં સારાના પરફોર્મન્સને દર્શકો અને સમીક્ષકોએ વખાણ્યો છે.

# 'બરસાતેં-મૌસમ પ્યાર કા'માં શિવાંગીને કુશલ ટંડન સાથે કામ કરવાનું ફાવી ગયું

શિવાંગી જોશીએ 'યે રિશ્તા ક્યા કહલાતા હૈ'માં 'નાયરા'ની ભૂમિકા ભજવીને અપ્રતિમ લોકપ્રિયતા હાંસલ કરી. આ ખૂબસુરત, ચુલબુલી અદાકારા હમણાં 'બરસાતેં-મૌસમ પ્યાર કા'માં કુશલ ટંડન સાથે મુખ્ય ભૂમિકા ભજવી રહી છે.

શિવાંગી કહે છે કે આ શોમાં હું 'આરાધના'ની ભૂમિકા ભજવી રહી છું. આ એક લવ સ્ટોરી છે અને હમણાં પ્રેમ-રોમાંસની મોસમ ગણાતી વર્ષાઋતુ ચાલી રહી છે. અદાકારા પોતાના પાત્ર માટે કહે છે કે 'આરાધના' પોતાના કામ માટે જુસ્સો-લગન ધરાવતી, સાચુકલી, મક્કમ મનોબળ ધરાવતી યુવતી છે. બિલકુલ મારી જેમ. હું પણ મૂળભૂત રીતે 'આરાધના' જેવી જ છું. હું જે કરું તે સમજીવિચારીને કરું છું. રોલની પસંદગી કરતી વખતે હું એ વાતનું ખાસ ધ્યાન રાખું છું કે મારું પાત્ર તાત્કાલિક દર્શકો સાથે સંકળાઈ જાય.

અદાકારાને એ વાતની ખુશી છે કે મારા પરિવારની જેમ દર્શકો પણ હમેશાંથી મારી સાથે રહ્યાં છે. તે વધુમાં કહે છે કે આ તો હજી આરંભ માત્ર છે. મારે હજી ઘણી લાંબી મજલ કાપવાની છે. અત્યાર સુધી હું ઘણું શીખી છું. આમ છતાં ઘણું શીખવાનું બાકી છે. દૈનિક ધારાવાહિક કરતી વખતે તમને રોજેરોજ કાંઈક શીખવા મળે છે, તમારે રોજ નવી નવી ભાવનાઓ વ્યક્ત કરવાની હોય છે. હું ખુશનસીબ છું કે મને અત્યાર સુધી સરસ સર્જકો સાથે કામ કરવા મળ્યું છે. શિવાંગીને કુશલ ટંડન સાથે કામ કરવાનું ફાવી ગયું છે. તે કહે છે કે અમારા સ્વભાવ ઘણાં મળતાં આવે છે. અમે પરસ્પર કોઈ દંભ નથી કરતાં. અમારાં દ્રશ્યોનું યોગ્ય રીહર્સલ કરીને કેમેરા સામે જઈએ છીએ જેથી અમારા કામમાં કોઈ ક્ષતિ ન રહે. અભિનેત્રી વધુમાં કહે છે કે હું મારું કામ સ્વયંસ્ફૂરણાથી કરું છું. મેં 'યે રિશ્તા ક્યા કહલાા હૈ'માં છ વર્ષ સુધી કામ કર્યું હતું. અને એ છ વર્ષ ક્યાં વિતી ગયા તેની ખબર પણ ન પડી. હું ઈચ્છું છું કે આ શો પણ એવી જ સફળતાથી આગળ વધતો રહે.



# બોબી દેઓલ સાઉથના સ્ટાર સૂર્યાની ફિલ્મ 'કંગુવા'માં વિલનની ભૂમિકા ભજવશે



બોબી દેઓલ સાઉથના સ્ટાર સૂર્યાની ફિલ્મ 'કંગુવા'માં વિલનની ભૂમિકા ભજવશે. આવતા મહિને તે ફિલ્મનાં શૂટિંગ માટે બેંગકોક જશે. બોબી દેઓલે સાઉથની પ્રથમ ફિલ્મ 'હરિ હર વીરા મલ્લૂ' સાઈન કરી હતી. જેમાં તે પવન કલ્યાણ સાથે જોવામાં આવ્યો હતો. હવે તેણે વધુ એક બિગ બજેટ ફિલ્મ સાઈન કરી છે.

ફિલ્મમાં સૂરિયા સાથે હિરોઈન તરીકે દિશા પટાણી છે. ફિલ્મના સર્જકો આ ફિલ્મને પાન ઈન્ડિયા પ્રોજેક્ટ બનાવવા ઈચ્છે છે. બોબી દેઓલ બોલીવૂડમાંથી લગભગ ફેંકાઈ ગયો છે જોકે ઓટીટીની તેની જુદી જુદી વેબસીરીઝ લોકપ્રિય બની છે.

# ભૂમિ બની બોલીવુડની બિઝનેસ વુમન, ગોવામાં શરૂ કરશે શાનદાર હોટેલ

બોલીવુડના ઘણા કલાકારો એક્ટિંગ ઉપરાંત પર્સનલ બિઝનેસ કરીને કરોડો રૂપિયાની કમાણી કરતા હોય છે. આ યાદીમાં ટોઈલેટ- એક પ્રેમ કથાની ફેમસ અભિનેત્રી ભૂમિ પેડનેકરનું પણ નામ જોડાઈ ગયુ છે. ભૂમિ પેડનેકરે મુંબઈ સ્થિત ક્રોમ એશિયા હોસ્પિટાલિટી સાથે હાથ મિલાવ્યા છે. તે આ કંપનીની ગોવામાં શરૂ થઈ રહેલી પ્રથમ બુટિક હોટલ ખોલવામાં રોકાણ કરશે. ક્રોમ એશિયા હોસ્પિટાલિટીની સ્થાપના પવન શહરી, ધવલ ઉદેશી અને નિકિતા શહરીએ કરી છે. વર્ષ 2022માં આ કંપનીએ ખૂબ જ ઝડપથી વિકાસ કર્યો અને દેશભરમાં લગભગ 1,00,000 ચોરસ ફૂટ હોસ્પિટાલિટી સ્પેસ બનાવી અને મુંબઈમાં ક્રોમ હોસ્પિટાલિટી બ્રાન્ડ નામ હેઠળ પાંચ નવી રેસ્ટોરન્ટ્સ શરૂ કરી.આ પ્રસંગે જણાવતા ભૂમિ પેડનેકરે કહ્યું, "મને હંમેશા ફૂડ અને હોસ્પિટાલિટી સેગમેન્ટમાં રસ હતો. તેથી હું હંમેશા આ કરવા માંગતી હતી. હું ધવલ (ઉદેશી) અને તેના ભાગીદારોને ઘણા સમયથી ઓળખું છું. તેઓએ મુંબઈમાં તેમની રેસ્ટોરન્ટ્સ સાથે ખૂબ સારું કામ કર્યું છે. તેથી જ્યારે આ તક મારી પાસે આવી ત્યારે હું ખૂબ જ ઉત્સાહિત હતી. મારા માટે આ એક શાનદાર શરૂઆત છે.



# અભિનેત્રી હુમા કુરેશીને તરલા દલાલના પાત્રમાંથી ઘણું શીખવા મળ્યું



આપણા સમાજમાં પણ એવી ઘણી વ્યક્તિઓ હોય છે જેઓએ ૪૦ કે ૪૫ વરસની ઉંમરે કોઇ નવો વ્યવસાય કે નોકરી શરૂ કરીને પ્રસિદ્ધિ મેળવી હોય. સમગ્ર સમાજ માટે પ્રેરણાસ્રોત બની હોય.

જાણીતાં શેફ સ્વ. તરલા દલાલનું ઉદાહરણ આખા ભારતમાં બહુ જાણીતું છે. તરલા દલાલનાં વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવાની રેસીપીનાં પુસ્તકો વાંચીને ઘણી નવવધુઓને મજેદાર ભોજન અને નાસ્તા બનાવવાની પ્રેરણા મળી છે. સાથોસાથ આવી વિવિધ વાનગીઓ બનાવીને વેચીને અસંખ્ય બહેનોને રોજગારી પણ મળી છે. તરલા દલાલના જીવન પરથી હમણાં જ મજેદાર ફિલ્મ 'તરલા' પણ બની છે. ફિલ્મમાં તરલા દલાલની ભૂમિકા હુમા કુરેશીએ ભજવી છે. જેમાં અભિનનેત્રીએ કહ્યું તરલા દલાલનું પાત્ર ભજવીને ઘણું શીખવવા મળ્યું છે.

દિલ્હીમાં જન્મેલી અને ગાર્ગી કોલેજમાંથી ઈતિહાસ વિષય સાથે ગ્રેજ્યુએટ થયેલી હુમા કુરેશી કહે છે, આ ફિલ્મ અને મારું પાત્ર ભારતની અનેક પરણેલી સ્ત્રીઓ અને કુંવારી બહેન-દીકરીઓ માટે પ્રોત્સાહનરૂપ બની રહેશે એવી મને ભરપૂર આશા છે. આપણા દેશમાં લગ્ન બાદ પત્ની રસોઇ, સંતાનો, વડીલો વગેરેના ચક્રવ્યૂહમાં ઘેરાઇ રહેતી હોય છે. અસંખ્ય કિસ્સામાં તો ઉચ્ચ શિક્ષણ પામેલી અને પ્રતિભાશાળી દીકરીએ લગ્ન બાદ તેની સોનેરી ઈચ્છા, અરમાન વગેરેને મનના એક ખૂણામાં ઢબૂરી દેવાં પડે છે. આપણામાંનાં મોટાભાગનાં લોકોએ આપણી માતાને, બહેનને અને દાદીમાને દિવસનો મોટાભાગનો સમય રસોડામાં પસાર કરતાં જોયાં છે.

# અભિનેત્રી કિઆરાએ પિંક આઉટફિટમાં કર્યું રેમ્પ વોક

હાલમાં જ બોલિવૂડ એક્ટ્રેસ અડવાણીની ફિલ્મ 'સત્યપ્રેમ કી કથા' રિલીઝ થઈ છે. અભિનેત્રી પણ આ ફિલ્મને લઈને ચર્ચાનો વિષય બની છે. તેમજ કિયારાએ આ વર્ષે સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે લગ્ન પણ કર્યા છે. અભિનેત્રી પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને સારી રીતે મેનેજ કરી રહી છે. આ દરમિયાન હવે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં અભિનેત્રી તેની સાસુને ફ્લાઈંગ કિસ કરતી જોવા મળી રહી છે.

કિઆરા અડવાણીએ મંગળવારે ઈન્ડિયા કોચર વીક 2023માં રેમ્પ વોક કર્યું હતું. એક્ટ્રેસ ફાલ્ગુની શેન પીકોક માટે શોસ્ટોપર બની હતી. કિઆરાની ઈવેન્ટ સાથે જોડાયેલા કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે. એક્ટ્રેસે રેમ્પ પર ગુલાબી રંગના આઉટફિટ પહેર્યા છે, જેમાં તે બાર્બી ડોલ જેવી લાગી રહી છે.આ સાથે જો કિયારા અડવાણીના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો અભિનેત્રી જલ્દી જ રામ ચરણ સાથે ફિલ્મ ગેમચેન્જરમાં જોવા મળશે. તેમજ ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.




# શાહરૂખની ફિલ્મ 'જવાન'માં સાઉથના સુપરસ્ટાર થલાપતિ વિજયની એન્ટ્રી





શાહરૂખ ખાનની 'જવાન' સાથે જોડાયેલી એક નવી જાણકારી સામે આવી છે. આ ફિલ્મમાં કેટલાક જાણીતા કલાકાર જોવા મળશે. સાઉથની અભિનેત્રી નયનતારા અને ડિરેક્ટર એટલી આ ફિલ્મથી બોલિવૂડમાં પોતાની ઈનિંગ શરૂ કરવા જઈ રહ્યા છે. હવે સાઉથના સુપરસ્ટાર થલાપતિ વિજયની પણ આ ફિલ્મમાં એન્ટ્રી થઈ છે. 'જવાન' વિજયનું નામ ઘણા સમયથી જોડાઈ રહ્યું હતું અને હવે અંતે આ સમાચારની પૃષ્ટી થઈ ગઈ છે. ફિલ્મના એક્શન કોરિયોગ્રાફરે કહ્યુ કે એક એક્શન સીનમાં શાહરૂખ ખાન અને વિજય સાથે જોવા મળશે. બન્ને સુપરસ્ટારને એક જ ફ્રેમમાં જોવા દર્શકો માટે એક જોરદાર અનુભવ હશે. એવી પણ ચર્ચા છે કે વિજયે આ ફિલ્મ માટે કોઈ ફી લીધી નથી.

# મેલબોર્નમાં કાર્તિક આર્યનને ઓસ્ટ્રેલિયાના ગવર્નર પાસેથી મળશે સન્માન



અભિનેતા કાર્તિક આર્યન આઉટસાઈડર હોવા છતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવી છે. આજે તેના કરોડો ચાહકો છે. કાર્તિકનું સ્ટારડમ ભલે શાહરૂખ ખાન કે સલમાન ખાન જેવું ન હોય, પરંતુ તેની લોકપ્રિયતા કોઈથી ઓછી નથી. 'ભૂલ ભુલૈયા 2' હોય કે 'પ્યાર કા પંચનામા', કાર્તિકે હંમેશા પોતાના અભિનયથી લોકોનું મનોરંજન કર્યું છે. આના પરિણામે જ તેને મેલબોર્નના ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ (IFFM)માં સન્માનિત કરવામાં આવશે. કાર્તિકે આ એવોર્ડ માટે ખુશી વ્યક્ત કરી છે. એક નિવેદનમાં, તેમણે કહ્યું, "હું આ પ્રતિષ્ઠિત એવોર્ડ માટે વિક્ટોરિયન સરકારનો અત્યંત આભારી છું અને મેલબોર્નના 14મા ભારતીય ફિલ્મ ફેસ્ટિવલનો ભાગ બનવા માટે સન્માનિત છું. ભારતીય સિનેમામાં મારા કામ માટે આ સન્માન મેળવવું ખૂબ જ ગૌરવની વાત છે. હું હંમેશા વાર્તા કહેવાની શક્તિ અને હૃદયને સ્પર્શવાની અને દિમાગને પ્રેરણા આપવાની ફિલ્મોની ક્ષમતામાં વિશ્વાસ રાખું છું. હું સિનેમાના જાદુની ઉજવણી કરવા આતુર છું." આઈએફએફએમ 20 ઓગસ્ટ સુધી ચાલશે. તે ભારતીય સિનેમા અને સંસ્કૃતિની ઉજવણી છે, જે 20 ભાષાઓમાં 100થી વધુ ફિલ્મો રજૂ કરશે. ફેસ્ટિવલમાં કાર્તિકની ફિલ્મો પણ પ્રદર્શિત કરવામાં આવશે, જેમાં 'ભૂલ ભુલૈયા 2' અને 'સત્યપ્રેમ કી કથા' સામેલ હશે.

## લોકસભા ચૂંટણી પહેલા એક નેશનલ ટીવી મિડિયા હાઉસના સર્વેનું તારણ-કોંગ્રેસ ઝીરો..ઝીરો...એન્ડ ઝીરો...

# ગુજરાતમાં સતત ત્રીજી વખત 26માંથી 26 બેઠકો પર કમળ ખીલશે




### 2014માં ભાજપને સૌ પ્રથમ મળી હતી તમામ 26 બેઠકો, 2019માં પુનરાવર્તન અને હવે 2024માં પણ..

ગુજરાત | વંદન

અમદાવાદઃ દેશના બંને રાષ્ટ્રીય પક્ષો ભાજપ અને કોંગ્રેસે 2024ની લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. રાજકીય પક્ષોની તૈયારીઓ વચ્ચે ટાઈમ્સ નાઉ, નવભારત અને ઈટીજીએ હાલમાં જ એક સર્વે કર્યો છે. જેમાં કઈ બેઠકો સાથે વોટ શેરનો અંદાજ લગાવવામાં આવ્યો છે. ભાજપે 2014 અને 2019ની ચૂંટણીમાં ગુજરાતમાં ક્લીન સ્વીપ કરીને કોંગ્રેસને 26માંથી એક પણ બેઠક જીતવા દીધી નહોતી અને તમામ 26 બેઠકો કબ્જે કરીને કોંગ્રેસને ગુજરાતમાં શૂન્ય કરી દીધી હતી.

શું ભાજપ 2024ની ચૂંટણીમાં ગુજરાતમાં ફરી ક્લીન સ્વીપ કરી શકશે? શું ભાજપ પીએમ મોદીના ગૃહ રાજ્યમાં ક્લીન સ્વીપની હેટ્રિક કરશે? 2024ની ચૂંટણીમાં પાર્ટીને કેટલા ટકા વોટ મળશે? આ પ્રશ્નોના જવાબ ટાઈમ્સ નાઉ નવભારત એટીજી સર્વે 2024માં જાહેર કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં ભાજપ છેલ્લા 28 વર્ષથી રાજ્યમાં સત્તામાં છે અને ગયા વર્ષે ડિસેમ્બરમાં પાર્ટીને વધુ પાંચ વર્ષ માટે જનાદેશ મળ્યો હતો. આવી સ્થિતિમાં પાર્ટી 2027 સુધી રાજ્યમાં સત્તા જાળવી રાખશે. લોકસભા ચૂંટણીની વાત કરીએ તો 2009માં ભાજપે 15 બેઠકો જીતી હતી અને કોંગ્રેસને 11 બેઠકો મળી હતી, પરંતુ 2014માં કોંગ્રેસનો સફાયો થયો હતો. 2019માં ફરીથી ભાજપે કોંગ્રેસને એક પણ સીટ જીતવા ન દીધી અને 26માંથી 26 સીટો પર કમળ ખીલ્યું હતું.

ટાઈમ્સ નાઉ નવભારત એટીજી સર્વે 2024 ના સર્વેમાં લોકોને પૂછવામાં આવ્યું કે જો આજે ચૂંટણી થાય તો તેઓ કોને મત આપશે, તો 60.70 લોકોએ ભાજપને મત આપવાનું કહ્યું. કોંગ્રેસ (INC)ને 27.60 ટકા અને AAP (AAP)ને 7.80 ટકા વોટ મળવાનું અનુમાન છે. આ હિસાબે રાજ્યમાં માત્ર વોટ ટકાવારીમાં ભાજપ ટોપ પર નથી, પરંતુ સમગ્ર રાજ્યમાં ક્યાંય કોઈ દેખાતું નથી. આવી સ્થિતિમાં, સર્વેમાં



સામે આવ્યું છે કે ગુજરાતમાં ભાજપ ક્લીન સ્વીપની હેટ્રિક કરી શકે છે અને કોંગ્રેસ અને AAPને શૂન્ય પર રહેવું પડી શકે છે. PM મોદી 2024ની ચૂંટણી માટે PM નરેન્દ્ર મોદી પાર્ટીનો મુખ્ય ચહેરો છે

ભાજપે 2024માં વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં 400 થી વધુ બેઠકો જીતવાની તૈયારી કરી છે લોકસભાની વર્તમાન ટર્મ પ્રમાણે એપ્રિલમાં લોકસભાની ચૂંટણી શક્ય છે. આ લોકસભાનો કાર્યકાળ 16 મે સુધી છે. 2019માં લોકસભાની ચૂંટણી એપ્રિલ-મેમાં જ યોજાઈ હતી. જે બાદ પીએમ મોદીએ બીજી વખત વડાપ્રધાન પદના શપથ લીધા હતા. અને હવે ગુજરાતની 26 બેઠકો સાથે 400 જેટલી રેકોર્ડબ્રેક બેઠકો મેળવીને પીએમપદની હેટ્રીક લગાવવા તૈયાર છે.

ગુજરાત વિધાનસભાના 2022ના પરિણામને જોઈએ તો 2017માં 182માંથી 65 બેઠકો જીતનાર કોંગ્રેસે ગઈ ચૂંટણીમાં માત્ર 17 બેઠકોથી જ સંતોષ માનવો પડ્યો છે. વિધાનસભામાં પહેલીવાર ચૂંટણી લડવા આવેલી કેજરીવાલની પાર્ટી આપને પાંચ બેઠકો મળી હતી.

એમ કહેવાય છે કે આપની ઉમેદવારીને કારણે કોંગ્રેસના મતોમાં ગાબડાં પડ્યા હતા અને તેનો લાભ ભાજપને મળતાં ભાજપે પહેલીવાર 156 બેઠકો સાથે આગામી દાયકાઓમાં પણ તોડી ન શકાય એવો એક રાજકીય રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો, જે આપને આભારી હોવાનુંમં મનાય છે. જો કે હવે દેશમાં બદલાયેલી રાજનીતિમાં કેજરીવાલ અને કોંગ્રેસે એકબીજા સાથે હાથ મિલાવ્યા છે એટલે આગામી લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસ અને કેજરીવાલ અને એનસીપી વચ્ચે બેઠકોની વહેંચણીના મામલે વિખવાદ થઈ શકે તો નવાઈ નહીં.

## તસ્વીર બોલે છે...



નવ જણાંને કચડી નાખનાર પાસેથી કાન પકડાવ્યાં, દારૂ પીધેલા પર ધનાધન લાકડીઓ...!

---

### સિવિલ હોસ્પિટલને હેલ્થકેર લીડરશીપ એવોર્ડ

# આરોગ્ય વિભાગને 'સ્માર્ટ રેફરલ એપ'ની પહેલ માટે નેશનલ હેલ્થ કેર એવોર્ડ એનાયત

■ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીને આરોગ્ય હેલ્થકેર લીડરશીપ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો

ગુજરાત | વંદન




નેશનલ હેલ્થ કેર એક્સલન્સ એવોર્ડ -૨૦૨૩ અંતર્ગત દિલ્હી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં અમદાવાદ સિવિલ મેડીસીટીની ત્રણ સંસ્થાઓને ચાર હેલ્થ કેર એક્સલન્સ એવોર્ડ પ્રાપ્ત થયા છે.

વધુંમા આરોગ્ય વિભાગને સ્માર્ટ રેફરલ એપ વિકસાવવાની પહેલ બદલ નેશનલ હેલ્થ કેર એવોર્ડ પ્રાપ્ત થયો છે. આરોગ્ય કમિશનર શ્રી શાહમિના હુસેન એ ન્યુ. દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં આ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીને આરોગ્ય સેવા-સુવિધાઓમા અનેકવિધ નવીનતમ પહેલ માટે હેલ્થકેર લીડરશીપ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

સિવિલ મેડિસિટીની યુ.એન. મહેતા કાર્ડિયોલોજી ઈન્સ્ટિટ્યૂટને લીડિંગ કાર્ડિયોલોજી ઈન્સ્ટિટ્યૂટ અને હેલ્થ કેર પ્રોફેશનલ્સ એક્સલન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.ઈન્સ્ટિટ્યૂટ ના ડાયરેક્ટર ડૉ. ચિરાગ દોશીએ આ બંને એવોર્ડ પ્રાપ્ત કર્યા હતા.

મેડિસિટીની ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલને શ્રેષ્ઠ ડેન્ટલ કેર માટે એવોર્ડ પ્રાપ્ત થયો હતો . ડેન્ટલ કોલેજના ડીન ડૉ. ગિરીશ પરમારને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ એ આ તમામ ઈન્સ્ટિટ્યૂટ અને હોસ્પિટલ તેમજ સમગ્ર આરોગ્ય વિભાગને તેમની શ્રેષ્ઠતમ સેવા, સારવાર અને સુવિધાઓ અને કર્તવ્યનિષ્ઠા બદલ થયેલ આ બહુમાનને બિરદાવીને શુભેચ્છાઓ પાઠવી હતી...

## મેડિકલના 200 વિદ્યાર્થીઓ 15 દિવસ માટે સસ્પેન્ડ



ગુજરાત | વંદન

રાજકોટથી એક ચોંકાવનારો બનાવ સામે આવી રહ્યો છે. રાજકોટની પીડીયુ મેડિકલ કોલેજના MBBSના ત્રીજા વર્ષના તમામ વિદ્યાર્થીઓને લેક્ચરમાં બેજવાબદારીભર્યું વર્તન કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પીડીયુ મેડિકલ કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા 200 વિદ્યાર્થીને પી.એસ.એમ વિભાગના તમામ શૈક્ષણિક કાર્યમાંથી 15 દિવસ માટે સસ્પેન્ડ કરાયા છે. સાથે તમામ પર 15 દિવસ સુધી કોલેજ અને હોસ્ટેલના કેમ્પસમાં પણ પ્રવેશબંધી લગાવી દેવામાં આવી છે. મહત્વનું છે કે, ગત 20 તારીખે ચાલુ ક્લાસમાં વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો અને અભદ્ર શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું.

# ઊંઝા માર્કેટયાર્ડ અચોક્કસ મુદત સુધી બંધ રાખવા નિર્ણય કરાયો

ગુજરાત | વંદન



ઉંઝા માર્કેટયાર્ડમાં આવેલા નવા ગંજબજારની ૧૩૩ દુકાનના માલિકોની માલિકીના પ્રશ્નનું સુખદ નિરાકરણ ના આવે ત્યાં સુધી ઉંઝા વેપારી મંડળ અને માર્કેટયાર્ડ વેપારી એસોસિયેશન દ્વારા તા.૨૬ જુલાઈ ૨૦૨૩થી માર્કેટયાર્ડ અચોકક્સ મુદત સુધી બંધ રાખવાનો નિર્ણય કરેલ છે. ૧૩૩ દુકાનોના માલિકોની માલિકીના પ્રશ્નના નિકાલની માંગ વેપારીઓ દ્વારા કરવામાં આવી છે.

ઉંઝા ગંજબજારમાં દુકાનો વેચાણથી આપવા સંદર્ભે વિવાદ સર્જાયો છે. જેમાં ૧૩૩ દુકાનોમાં સ્ટેમ્પ વર્ષ ૨૦૧૭-૧૮ના બોર્ડ દ્વારા દુકાનો વેચાણ કરી બાદમાં વેપારીઓને મકાન, દુકાનોની માલિકીનો હકક કરી આપ્યો હતો. જેને લઈ અગાઉ ઉનાવા એપીએમસીના ડિરેકટર હરેશ પટેલ દ્વારા સરકારમાં રજૂઆત કરાઈ હતી.

આ સમગ્ર મામલે જિલ્લા રજિસ્ટ્રારમાં રજૂઆત કરાઈ હતી. આથી તત્કાલીન સેક્રેટરી વિષ્ણુભાઈ પટેલ સહિત તત્કાલીન બોર્ડના સભ્યોને ૨૭ જુલાઈએ હાજર રહેવા નોટિસ અપાઈ છે. બીજી તરફ ૧૩૩ દુકાનોના પ્રશ્ને આજે ઉંઝા ગંજબજારના વેપારીઓ એકઠાં થઈ બુધવારથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે.

આ અંગે ઉંઝા ગંજબજારના વેપારી વિમલભાઈ પટેલે જણાવ્યું હતું કે ઉંઝા ગંજબજારની ૧૩૩ દુકાનો અગાઉની એપીએમસીની બોડી દ્વારા દસ્તાવેજો કરી માલિકી હક્ક પરત અપાયા હતા. હાલમાં

...અનુસંધાન પેજ નં. 6 પર

## UG-PG મેડિકલમાંથી 5 વર્ષમાં 120 વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ




■ રેગિંગ, કામના તણાવ સહિતના પરિબળો જવાબદાર



ગુજરાત | વંદન

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં યુજી મેડિકલના ૧૭, પીજી મેડિકલના ૧૦૩ એમ કુલ ૧૨૦ વિદ્યાર્થીઓએ અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધો હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત પાંચ વર્ષમાં ૧૪ તબીબી વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવ્યું છે.

લોકસભામાં પ્રશ્નોત્તરી દરમિયાન સામે આવેલી માહિતી અનુસાર ગુજરાતમાં યુજી મેડિકલની પાંચ મેડિકલ કોલેજમાંથી ૧૭ વિદ્યાર્થીઓએ અભ્યાસ દરમિયાન અધવચ્ચેથી ડ્રોપઆઉટ લીધો છે. પાંચ વર્ષના આ સમયગાળામાં યુજી મેડિકલમાં બિહારમાંથી સૌથી

...અનુસંધાન પાના નં. 06

### કલેક્ટર તથા દેવસ્થાન સમિતિ પાસેથી માંગ્યા ખુલાસા

# દ્વારકાધીશમાં છઠ્ઠી ધજાના નિર્ણયને લઈ 'ત્રિવેદી અબોટી બ્રહ્મ સમાજ'ની નોટિસ

ગુજરાત | વંદન




જગતમંદિર દ્વારકા મંદિરને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, દ્વારકા મંદિરમાં છઠ્ઠી ધ્વજાના નિર્ણયને લઈને બ્રહ્મ સમાજે કલેક્ટર અને દેવસ્થાન સમિતિને નોટિસ પાઠવી છે. વિગતો મુજબ સમાજને વિશ્વાસમાં લીધા વગર જ છઠ્ઠી ધ્વજાનો નિર્ણય લેવાતા નોટિસ પાઠવી હોવાનું સામે આવ્યું છે.

દ્વારકા મંદિરમાં છઠ્ઠી ધ્વજાને લઈ વિવાદ સામે આવ્યો છે. વિગતો મુજબ દ્વારકા મંદિરમાં ધ્વજા ચઢાવવાનો હક માત્ર ત્રિવેદી અબોટી પરિવાર પાસે છે. જોકે તાજેતરમાં દ્વારકા મંદિરમાં છઠ્ઠી ધ્વજાને લઈ નિર્ણય લેવાતા હવે વિવાદ થયો છે. જેમાં ત્રિવેદી અબોટી પરિવારને વિશ્વાસમાં લીધા વગર જ છઠ્ઠી ધ્વજાનો નિર્ણય લેવાતા ત્રિવેદી અબોટી બ્રહ્મ સમાજે નોટિસ પાઠવી છે.

ત્રિવેદી અબોટી બ્રહ્મ સમાજ દ્વારા દ્વારકા મંદિરમાં છઠ્ઠી ધજાના નિર્ણયને લઈ કલેક્ટર અને દેવસ્થાન સમિતિને નોટિસ પાઠવવામાં આવી છે. જેમાં સમાજને વિશ્વાસમાં લીધા વગર જ નિર્ણય લેવાયો હોવાનું સામે આવ્યું છે. જેથી ત્રિવેદી અબોટી બ્રહ્મ સમાજે નોટિસ પાઠવી ત્રણ દિવસમાં ખુલાસાઓ આપવાની તાકીદ કરી છે.

## શું કોર્પોરેશનને મા દશામા પ્રત્યે કોઈ રાગદ્વેષ છે...?



ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં રહેતા નગરજનો દ્વારા વિવિધ વાર તહેવારો ખાસ કરીને ધાર્મિક ઉત્સવો ભક્તિભાવથી ઉજવાય છે. શહેરમાં મા દશામાના લાખો ભક્તજનો છે. તેમના દ્વારા દસ દિવસના વ્રતની ઉપાસના કરીને છેલ્લા દિવસે મા દશામાની મૂર્તિની વિસર્જન કરવાની પ્રથા છે. ગયા વર્ષે પણ જ્યારે

..અનુસંધાન પાના નં. 06

# સરખેજ-ગાંધીનગર હાઈવે પર CCTV અને સ્પીડ સેન્સર ઈન્ટોલ કરાશે, કામગીરી શરૂ કરવા સૂચના

■ ઈસ્કોન અકસ્માત બાદ ગૃહ વિભાગ જાગ્યું

ગુજરાત | વંદન



ઈસ્કોન બ્રીજ પર ઓવર સ્પીડમાં કાર ચલાવીને તથ્ય પટેલે નવ લોકોને મોતને ઘાટ ઉતારી દીધાની ઘટના બાદ ચોંકાવનારી બાબત સામે આવી હતી કે એસ જી હાઈવે પર સીસીટીવી કેમેરાનું સેટઅપ લગાવાયું નથી . એટલું જ એસ જી હાઈવે નિયમિત રીતે સામાન્ય કરતા વધારે સ્પીડમાં વાહનો ચલાવવામાં આવે છે. જે અનુસંધાને રાજ્યના ગૃહવિભાગે તાત્કાલિક સંલગ્ન તંત્રને એસ જી હાઈવે પર સીસીટીવી ઈન્સ્ટોલ કરવા તેમજ સ્પીડ મેપીંગ સેન્સર લગાવવાની કામગીરી શરૂ કરવા માટે સુચના આપી છે.


તથ્ય પટેલે જેગુઆર કારને ૧૪૨ કિલોમીટરની ગતિએ ચલાવીને નવ લોકોને મોતને ઘાટ ઉતાર્યાની ઘટનાએ તંત્રની સૌથી મોટી બેદરકારી છતી કરી હતી. કારણ કે એસ જી હાઈવે પર સીસીટીવી કેમેરા અને ઓવર સ્પીડ પર જતા વાહનોની ગતિને તપાસવા માટે સેન્સર જ નહોતા. જે બાબતને ગંભીરતાથી લઈને મોડે મોડે જાગેલા ગૃહવિભાગના અધિકારીઓ છેવટે એક્શન મોડમાં આવ્યા છે. જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ પોલીસ વિભાગનો સપર્ક કરીને એસ જી હાઈવે પર સીસીટીવી કેમેરા અને સ્પીડ સેન્સર લગાવવાની કામગીરી શરૂ કરવા માટે સુચના આપી છે. જે અંગે આગામી સપ્તાહથી આ અંગે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવશે. જેનો સર્વે રિપોર્ટ આપ્યા બાદ પાંચ થી છ મહિના સુધીમાં સીસીટીવી કેમેરા અને સ્પીડ સેન્સર ઈન્ટોલ કરવાની કામગીરી પૂર્ણ થશે. તેમ સુત્રોએ જણાવ્યું હતું.

એક ઉચ્ચ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે તથ્ય પટેલની કારની સ્પીડ ૧૪૨ કિલોમીટરની હતી. તે એફએસએલમાં સાબિત થયું છે. પણ એસ જી હાઈવે આ પ્રકાર કાર ચલાવવાનું સામાન્ય બની ગયું છે. ભુતકાળમાં ઓવરસ્પીડને કારણે વાહન પીલર કે ડિવાઈડર સાથે અથડાવવાના કિસ્સા પણ ભુતકાળમાં બની ચુક્યા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઇ-મેઇલ કરો
વોટ્સએપ નંબર- 6357263573
Email-info@gujaratvandan.com
સરનામુંઃ 615, સાકાર-9 આશ્રમ રોડ, અમદાવાદ

આપની આસપાસના
■ પર્વો પ્રસંગોની ઉજવણીના ખબર
■ ઘટના-દુર્ઘટનાના સમાચાર ■ ફોટોગ્રાફસ
■ શાળા-કોલેજમાં થતી ઉજવણી-પ્રવૃત્તિઓના સમાચાર

નોંધઃ જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી




Venue
102, Arista Business Space 3, Sindhu Bhavan Marg, Opp. HOF Showroom, Ahmedabad, Gujarat 380054
Contact : +91 63573 63574
skincare for your hair
BOTANICAL | SULFATE & PARABEN FREE | CRUELTY FREE